RNI:- GUJGUJ/2016/67425

# પાક્કો ગુજરાત

ગુજરાતનુ વિશ્વનીય દૈનિક

Date:- 17-05-2026 | VOL : 12 | Issue : 61 | Page : 8 | Price : 1.00/-

Owner, Publisher, Printer & Editor : PAWAN MAKAN Contact :- MO : 9662420070 E-Mail : pakkogujarat7@gmail.com | ઓફિસ: C-8 રીચી હાઉસ, સ્વામિનારાયણ મંદિરની સામે, મણિનગર, અમદાવાદ, ગુજરાત-380008

**સુવિચાર**

જે નસીબમાં નથી લખ્યું એને પણ મહેનતથી મેળવતા શીખો !!

3

પાલઘર પાસે ₹17 કરોડની ચાંદી ભરેલી વેનનો અકસ્માત: 2ના મોત, કિંમતી પાટોની...

4


કડક કાયદો છતાં 'એનઈઈટી પેપર' ફૂટ્યું એ શરમજનક, 23 લાખ વિદ્યાર્થીઓના...

6

બંગાળી ગીત 'દીદી'ને TMCની હાર સાથે જોડવામાં આવ્યું, ઉષા ઉત્થુપ લાલઘૂમ

7

ચિપ્સ-કોલ્ડ્રિંક્સના પૈસા માગનારા પંજાબને સલાહ ન આપે: અર્શદીપ

## એક નજર...

### અભિનેત્રી મેઘા શુક્લાનો આ હોટ અવતાર તમને દિવાના બનાવી દેશે



અભિનેત્રી સોશિયલ મીડિયા પર ઘણી એક્ટિવ રહે છે અને અવારનવાર તેની કિલર તસવીરો શેર કરીને ચાહકોને દિવાના બનાવે છે. હાલમાં જ, મેઘા શુક્લાએ બોલ્ડ પોઝ આપતી તસવીરો ઈન્સ્ટાગ્રામ પર શેર કરી છે, જેણે ઈન્ટરનેટ પર હલચલ મચાવી દીધી છે. આ તસવીરોમાં તેનો બોલ્ડ અને હોટ અંદાજ જોઈને ચાહકો ચોંકી ગયા છે.

## NEWS TRACK

### ઈરાન પર આવતા અઠવાડિયે ફરી હુમલાની તૈયારીમાં અમેરિકા

અમેરિકા આવતા અઠવાડિયે ઈરાન પર ફરીથી સૈન્ય હુમલાની તૈયારી કરી રહ્યું છે. ન્યૂયોર્ક ટાઈમ્સના અહેવાલો અનુસાર, પેન્ટાગોને હુમલાના ઘણા વિકલ્પો તૈયાર કર્યા છે અને હવે અંતિમ નિર્ણય રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પને લેવાનો છે. અમેરિકી સંરક્ષણ મંત્રી પીટ હેગસેથે કહ્યું કે જરૂર પડ્યે સૈન્ય કાર્યવાહી વધારવાની યોજના તૈયાર છે. અમેરિકી અધિકારીઓ અનુસાર, હુમલાના વિકલ્પોમાં ઈરાનના સૈન્ય અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઠેકાણાઓ પર મોટા હવાઈ હુમલાઓ સામેલ છે. એક વિકલ્પ અમેરિકી સ્પેશિયલ ઓપરેશન ફોર્સિસને જમીન પર ઉતારીને ઈસ્ફહાન પરમાણુ સાઈટમાં દબાયેલી પરમાણુ સામગ્રી એટલે કે એનરિચ્ડ યુરેનિયમ સુધી પહોંચવાનો પણ છે. જોકે અધિકારીઓએ સ્વીકાર્યું કે આવું ઓપરેશન અત્યંત જોખમી હશે અને તેમાં ભારે સૈન્ય નુકસાન થઈ શકે છે. રિપોર્ટ અનુસાર, અમેરિકાએ મિડલ-ઈસ્ટમાં 50 હજારથી વધુ સૈનિકો તૈનાત કર્યા છે. આ ઉપરાંત, બે એરક્રાફ્ટ કેરિયર, એક ડઝનથી વધુ નેવી ડેસ્ટ્રોયર અને મોટી સંખ્યામાં લડાકુ વિમાનો પણ આ ક્ષેત્રમાં હાજર છે.

### માલદીવ્સમાં ઇટાલીના 5 ડાઇવર્સનાં મોત

માલદીવ્સના વાવુ એટોલમાં ઈટાલીના 5 ડાઈવર્સના મોત થયા. સ્થાનિક અધિકારીઓએ તેને દેશના ઈતિહાસનો સૌથી મોટો ડાઈવિંગ અકસ્માત ગણાવ્યો છે. બધા ડાઈવર્સ 50 મીટર ઊંડાઈમાં આવેલી ગુફાઓની શોધખોળ કરવા ગયા હતા, પરંતુ પાછા ફર્યા નહીં. અત્યાર સુધી માત્ર એક મૃતદેહ મળી આવ્યો છે. ખરાબ હવામાન અને સમુદ્રની મુશ્કેલ પરિસ્થિતિઓને કારણે બચાવ કાર્યમાં મુશ્કેલી આવી રહી છે. અધિકારીઓના મતે, બાકીના ચાર ડાઈવર્સના મૃતદેહ હજુ પણ ગુફાની અંદર હોવાની આશંકા છે. સર્ચ ઓપરેશન શનિવારે ફરી શરૂ કરવામાં આવશે. માલદીવ્સ સરકારે મૃતકોની ઓળખ મોનિકા મોન્ટેફાલ્કોન, જ્યોર્જિયા સોમાકાલ, ફેડેરિકો ગુઆલ્ટિએરી, મ્યુરિયલ ઓડેનિન અને જિયાનલુકા બેનેડેટ્ટી તરીકે કરી છે. આ ટીમ 'ડ્યુક ઓફ યોર્ક' નામની બોટથી સમુદ્રમાં ગઈ હતી. રિપોર્ટ્સ અનુસાર, પાંચમાંથી ઓછામાં ઓછા ચાર ડાઈવર્સ ઈટાલીની યુનિવર્સિટી ઓફ જેનોવા સાથે સંકળાયેલા હતા. જિયાનલુકા બેનેડેટ્ટી યાટ પર બોટ ઓપરેશન્સ મેનેજર હતા. તેમનો મૃતદેહ જ અત્યાર સુધી મળી શક્યો છે.

# સ્થિતિ નહીં બદલાય તો દુનિયા ગરીબી તરફ ધકેલાશે: મોદી

## દુનિયા માટે આ આફતોનો દાયકો: પહેલા કોરોના, પછી યુદ્ધ, હવે ઉર્જા સંકટ: PM

**નવી દિલ્હી**

પીએમ નરેન્દ્ર મોદી નેધરલેન્ડની મુલાકાતે છે. હેગમાં ભારતીય સમુદાયને સંબોધતા, તેમણે દુનિયાની વર્તમાન પરિસ્થિતિ અંગે ચિંતા વ્યક્ત કરી. મોદીએ કહ્યું કે આજે માનવતા ઘણા મહત્વપૂર્ણ પડકારોનો સામનો કરી રહી છે. પહેલા કોરોના, પછી યુદ્ધ અને હવે ઉર્જા સંકટ સામે ઝઝુમી રહી છે. આ દાયકો વિશ્વ માટે આફતોનો દાયકો બની ગયો છે. જો પરિસ્થિતિ બદલાશે નહીં તો અનેક દાયકાઓના કામ પર પાણી ફરી જશે. વિશ્વની મોટી વસ્તી ગરીબી તરફ ધકેલાઈ જશે. હેગમાં ભારતીય સમુદાયને સંબોધતા મોદીએ કહ્યું કે ભારત વિશ્વનું ત્રીજું સૌથી મોટું સ્ટાર્ટઅપ હબ બની ગયું છે અને હવે તેનું લક્ષ્ય વૈશ્વિક વિકાસ એન્જિન બનવાનું છે. તેમણે કહ્યું કે અહીંના લોકોનો પ્રેમ અને ઉત્સાહ જોઈને મને એવું લાગ્યું કે જાણે હું કોઈ ભારતીય ઉત્સવમાં ભાગ લઈ રહ્યો છું. મોદીએ નેધરલેન્ડ્સમાં ભારતીયોને પૂછ્યું- શું ઝાલમૂરી અહીંયા પણ પહોંચી ગઈ? 1. નેધરલેન્ડ્સ યુરોપમાં ભારતની એન્ટ્રીનું ગેટવે બનશે: નેધરલેન્ડ્સ ભારતીય બિઝનેસ માટે યુરોપમાં ભારતની એન્ટ્રીનું ગેટવે બનશે. તેમણે ભારતીય સમુદાયનું વર્ણન બંને દેશો વચ્ચે એક વિશ્વસનીય સેતુ તરીકે કર્યું. 2. દુનિયા અનેક સંકટોનો સામનો કરી રહી છે: જો પરિસ્થિતિ બદલાશે નહીં, તો વિશ્વની વસ્તીનો મોટો ભાગ ગરીબીમાં ધકેલાઈ જશે. તેમણે કોરોના મહામારી, યુદ્ધ અને ઉર્જા સંકટ અંગે ચિંતા વ્યક્ત કરી. 3. ભારત સ્ટાર્ટઅપ હબ બન્યું: ભારત હવે વિશ્વનું ત્રીજું સૌથી મોટું સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમ ધરાવે છે. દેશમાં 2 લાખથી વધુ સ્ટાર્ટઅપ્સ છે. 4. ડિજિટલ પેમેન્ટમાં ભારત અગ્રેસર છે: ભારતમાં એક જ વર્ષમાં 20 અબજથી વધુ UPI ટ્રાન્જેક્શન થયા. વિશ્વના અડધા



ડિજિટલ ટ્રાન્જેક્શન એકલા ભારતમાં થઈ રહ્યા છે. 5. ચિપ્સ પણ ભારતમાં બનાવવામાં આવશે: ભારત AI અને સેમિકન્ડક્ટર ક્ષેત્રોમાં ઝડપથી આગળ વધી રહ્યું છે. દેશમાં 12 સેમિકન્ડક્ટર પ્લાન્ટ પર કામ ચાલી રહ્યું છે, જેમાંથી 2 પ્લાન્ટમાં પ્રોડક્શન શરૂ થઈ ગયું છે. 6. 16 મે, 2014ને ખાસ દિવસ કહેવામાં આવ્યો: 16 મે, 2014ના રોજ, દાયકાઓ પછી ભારતમાં પૂર્ણ બહુમતી સાથે સ્થિર સરકાર બની હતી. તેમણે કહ્યું કે લાખો ભારતીયોનો વિશ્વાસ તેમને અટકવા દેતો નથી કે થાકવા દેતો નથી.

### ભારત-નેધરલૅન્ડ્સના સંબંધો અને લોકશાહીનો ઉત્સવ

બંને દેશો વચ્ચેના સમાન સંબંધો અને ભાગીદારી પર પ્રકાશ પાડતાં પીએમ મોદીએ જણાવ્યું કે, જેમ નેધરલૅન્ડ્સ તેના સુંદર ટ્યુલિપના ફૂલો માટે પ્રખ્યાત છે, તેમ ભારત કમળ માટે જાણીતું છે. તેમણે ઉમેર્યું કે ગ્રીન હાઈડ્રોજનના ક્ષેત્રમાં ભારત અને નેધરલૅન્ડ્સ વચ્ચેનું તાલમેલ આગામી સમય માટે ખૂબ જ મહત્ત્વ ધરાવે છે. પોતાના સંબોધનના અંતે તેમણે ભારતમાં ચાલી રહેલી લોકશાહીની પ્રક્રિયાનો ઉલ્લેખ કરતાં કહ્યું કે, તાજેતરમાં ભારતમાં યોજાયેલી વિધાનસભા ચૂંટણીઓમાં પશ્ચિમ બંગાળમાં રૅકોર્ડબ્રેક મતદાન નોંધાયું છે, જે ભારતીય લોકશાહીની મજબૂતી દર્શાવે છે.

## NTA પેનલની શિક્ષિકા જ NEET પેપરલીકમાં માસ્ટર માઇન્ડ!

**મુંબઇ**

નીટ-યુજી પરીક્ષાના બાયોલોજી પેપર લીક કેસમાં વધુ એક મુખ્ય આરોપીની ધરપકડ કરવામાં આવી છે. સીબીઆઈએ મૂળ મહારાષ્ટ્રના પૂણેની રહેવાસી એક વરિષ્ઠ વનસ્પતિશાસ્ત્ર વિષયની શિક્ષિકા મનીષા ગુરુનાથ મંડહરેની દિલ્હીમાંથી ધરપકડ કરી છે. શિક્ષિકા NTA પેનલની હોવાનું અને તે જ પેપર લીકની માસ્ટરમાઈન્ડ હોવાનો પણ ખુલાસો થયો છે.NTAએ જ શિક્ષિકાની નિમણૂક કરી હતી સીબીઆઈની તપાસમાં ખુલાસો થયો છે કે, નેશનલ ટેસ્ટિંગ એજન્સી (NTA)એ નીટ-યુજી-2026ની પરીક્ષા પ્રક્રિયામાં નિષ્ણાત તરીકે મનીષાની નિમણૂક કરી હતી. તેમને વનસ્પતિશાસ્ત્ર (Botany) અને પ્રાણીશાસ્ત્ર (Zoology) પેપરની જવાબદારી સોંપવામાં આવી હતી. તપાસમાં એવી પણ વિગતો સામે આવી છે કે, મનીષા મંડહરે અને પૂણેની મનીષા વાઘમારએ નીટના વિદ્યાર્થીઓને એકઠા કર્યા હતા. પછી બંનેએ પૂણેના મકાનમાં વિશેષ કોચિંગ ક્લાસ શરૂ કરીને તેઓને માહિતી આપી હતી. મનીષા વાઘમરેની 14 મેએ ધરપકડ કરવામાં આવી છે. આરોપીઓએ કોચિંગ ક્લાસમાં વિદ્યાર્થીઓને બોટની અને ઝુઓલોજીના સવાલો આપ્યા, કેટલીક વિગતો પણ આપી અને પુસ્તકોમાં ટીકમાર્ક પણ કરાવ્યા હતા.



## આર્મી ચીફ જનરલ દ્વિવેદીની પાકિસ્તાનને ચેતવણી!

### 'ભૂગોળ અને ઇતિહાસમાંથી ભૂંસાઇ જશો



**નવી દિલ્હી**

દિલ્હીમાં આયોજિત 'સેના સંવાદ' કાર્યક્રમ દરમિયાન ભારતીય સેના પ્રમુખ ઉપેન્દ્ર દ્વિવેદીએ પાકિસ્તાનને લઈને એક ખૂબ જ મોટું અને કડક નિવેદન આપ્યું છે. સિવિલ-મિલિટરી વાતચીતના આ મંચ પરથી સંબોધન કરતાં આર્મી ચીફે સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું કે, જો પાકિસ્તાન આતંકવાદીઓને આશરો આપવાનું અને ભારત વિરુદ્ધ ગતિવિધિઓ કરવાનું ચાલુ રાખશે, તો તેણે પોતે જ નક્કી કરવું પડશે કે તે ભૂગોળ અને ઈતિહાસનો હિસ્સો બની રહેવા માગે છે કે નહીં. જનરલ ઉપેન્દ્ર દ્વિવેદીનું આ નિવેદન એવા સમયે આવ્યું છે જ્યારે સીમા પારથી થતાં આતંકવાદ અને પ્રાદેશિક સુરક્ષાને લઈને ભારત સતત પોતાની ચિંતા અને કડક વલણ જાહેર કરતું રહ્યું છે. સેના પ્રમુખે પોતાના સંબોધનમાં સાફ સંકેત આપ્યા છે કે ભારત હવે આતંકવાદના મુદ્દે કોઈ પણ પ્રકારની નરમાશ રાખવાના મૂડમાં નથી.

તેમણે ચેતવણી આપતા કહ્યું કે, જો પાડોશી દેશ આતંકવાદી માળખાને સમર્થન આપવાનું ચાલુ રાખશે, તો તેના ગંભીર પરિણામો આવી શકે છે. જો કે તેમણે સીધી રીતે કોઈ સૈન્ય કાર્યવાહીનો ઉલ્લેખ કર્યો નથી, પરંતુ તેમના આ નિવેદનને પાકિસ્તાન માટે એક કડક વ્યૂહનીતિ ધરાવતો સંદેશ માનવામાં આવી રહ્યો છે. સંરક્ષણ નિષ્ણાતોના મતે, ભારતીય આર્મી ચીફનું આ નિવેદન ભારતની રાષ્ટ્રીય સુરક્ષા નીતિ અને આતંકવાદ સામેના 'ઝીરો ટોલરન્સ' વલણને ફરીથી દોહરાવે છે.

## જમ્મુ-કાશ્મીરમાં 28 દિવસમાં 733 ડ્રગ તસ્કરોની ધરપકડ

### 47ના ઘર પર બુલડોઝર ફરી વળ્યું



**શ્રીનગર**

જમ્મુ અને કાશ્મીરમાં છેલ્લા 28 દિવસમાં ડ્રગ્સની હેરાફેરીના નેટવર્ક સાથે સંકળાયેલા 733 લોકોની ધરપકડ કરવામાં આવી છે. આ સમય દરમિયાન આરોપી ડ્રગ પેડલર્સના 47 ઘરો પર બુલડોઝર ચલાવવામાં આવ્યું. ગુનેગારોની અવરજવર રોકવા માટે 373 ડ્રાઈવિંગ લાઈસન્સ સસ્પેન્ડ કરવામાં આવ્યા અને નિયમોનું ઉલ્લંઘન કરવા બદલ 114 કેમિસ્ટ દુકાનોના લાઈસન્સ પણ સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. ખરેખરમાં, એલજી મનોજ સિન્હાએ જમ્મુ-કાશ્મીરમાં ડ્રગ્સની હેરાફેરી ખતમ કરવા માટે 100 દિવસનું અભિયાન શરૂ કર્યું હતું.

તસ્કરો સાથે સંકળાયેલા 180 આધાર કાર્ડ નિષ્ક્રિય કરવામાં આવ્યા. આ સાથે જ સરકારે સામાન્ય જનતાને અપીલ કરી છે કે તેઓ નશીલી દવાઓ સંબંધિત કોઈપણ પ્રવૃત્તિની માહિતી સામે આવીને આપે. જમ્મુ-કાશ્મીર પોલીસે ડ્રગ્સની તસ્કરી વિરુદ્ધ કાર્યવાહી કરતા ચંદીગઢમાં લગભગ 93 લાખ રૂપિયાની સંપત્તિ જપ્ત કરી છે. આ કાર્યવાહી NDPS એક્ટ હેઠળ જમ્મુના બાગ-એ-બાહુ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા એક કેસ સાથે સંબંધિત છે. પોલીસના જણાવ્યા અનુસાર આ મામલો 14 જાન્યુઆરી 2026નો છે. તે દિવસે જમ્મુના નરવાલ ખાતે રાજીવ નગર નિવાસી અરુણ સિંહને નાકા ચેકિંગ દરમિયાન ધરપકડ કરવામાં આવી હતી. તેના કબજામાંથી 5.61 ગ્રામ હેરોઈન મળી આવ્યું હતું.

આ પછી NDPS એક્ટની સંબંધિત કલમો હેઠળ કેસ નોંધી તપાસ શરૂ કરવામાં આવી હતી. જમ્મુ અને કાશ્મીરમાં છેલ્લા 28 દિવસમાં ડ્રગ્સની હેરાફેરીના નેટવર્ક સાથે સંકળાયેલા 733 લોકોની ધરપકડ કરવામાં આવી છે. આ સમય દરમિયાન આરોપી ડ્રગ પેડલર્સના 47 ઘરો પર બુલડોઝર ચલાવવામાં આવ્યું.

## NEET પેપર લીક કાંડ વચ્ચે સરકારનો મોટો નિર્ણય: NTAમાં તાબડતોબ બદલાયા ટોચના અધિકારીઓ!




**નવી દિલ્હી**

નીટ-યુજી પેપર લીક વિવાદ વચ્ચે કેન્દ્ર સરકારે નેશનલ ટેસ્ટિંગ એજન્સી (NTA)માં 4 મોટા અધિકારીઓની નિમણૂકને મંજૂરી આપી દીધી છે. આમાં 2 સંયુક્ત સચિવ અને 2 સંયુક્ત નિયામકનો સમાવેશ થાય છે. NTA એક સરકારી સંસ્થા છે જે દેશમાં NEET, JEE જેવી મોટી પ્રવેશ પરીક્ષાઓ યોજે છે. આ સંસ્થા ઉચ્ચ શિક્ષણ વિભાગ હેઠળ કામ કરે છે. હવે આ સંસ્થામાં સંયુક્ત સચિવ સ્તરના બે અધિકારીઓની નિમણૂક કરવામાં આવી છે. આ બે સંયુક્ત સચિવની અધિકારી તરીકે નિમણૂક પ્રથમ અધિકારી અનુજા બાપટ છે, તેઓ 1998 બેચના ISS એટલે કે ભારતીય સાંખ્યિકીય સેવાના અધિકારી છે.

બીજા અધિકારી રૂચિતા વિજ છે, તેઓ 2004 બેચના IRS એટલે કે ભારતીય મહેસૂલ સેવાના અધિકારી છે.

### આ બે સંયુક્ત નિયામકની અધિકારી તરીકે નિમણૂક

પ્રથમ અધિકારી આકાશ જૈન છે, તેઓ IRS (IT) એટલે કે ઈન્ડિયન રેવેન્યુ સર્વિસ (ઈન્કમ ટેક્સ)ના 2013 બેચના અધિકારી છે. તેમને 'લેટરલ શિફ્ટ' એટલે કે એક સરકારી વિભાગમાંથી બીજા વિભાગમાં બદલી કરવાની પદ્ધતિ દ્વારા NTAમાં સંયુક્ત નિયામક બનાવવામાં આવ્યા છે. તેમનો કાર્યકાળ 4 ડિસેમ્બર 2029 સુધી રહેશે.

બીજા અધિકારી આદિત્ય રાજેન્દ્ર ભોજગઢિયા છે. તેઓ IA&AS એટલે કે ઈન્ડિયન ઓડિટ એન્ડ એકાઉન્ટ્સ સર્વિસના 2013 બેચના અધિકારી છે. તેમને પણ લેટરલ શિફ્ટ હેઠળ NTA માં સંયુક્ત નિયામક બનાવવામાં આવ્યા છે અને તેમનો કાર્યકાળ 16 મે 2028 સુધીનો રહેશે. આ નિમણૂક સેન્ટ્રલ સ્ટાફિંગ સ્કીમ હેઠળ કરવામાં આવી છે.

## ભારતમાં દુષ્કાળ-ભીષણ ગરમી પડવાની આશંકા

### સુપર અલ નીનો મે-જુલાઇમાં સક્રિય થશે, શિયાળા સુધી રહેવાની સંભાવના




**નવી દિલ્હી**

ભારતમાં આ વર્ષે સામાન્ય કરતાં ઓછો વરસાદ થવાના અનુમાન વચ્ચે સુપર અલ-નીનો પણ સક્રિય થઈ શકે છે. અમેરિકી હવામાન એજન્સી 'નેશનલ ઓશનિક એન્ડ એટમોસ્ફેરિક એડમિનિસ્ટ્રેશન' (નોઆ) અનુસાર, તે મે-જુલાઈ દરમિયાન જ દસ્તક આપી શકે છે. નોઆએ જણાવ્યું કે પ્રશાંત મહાસાગરનું તાપમાન આ વખતે મે મહિનામાં સામાન્ય કરતાં 0.5 ડિગ્રી સેલ્સિયસ વધારે છે. ગરમીની આ સ્થિતિ આ વખતે આખી ચોમાસાની સીઝન દરમિયાન જળવાઈ રહી શકે છે. ગયા મહિને જાહેર કરાયેલા અનુમાનમાં આ સંભાવના 61% હતી, જે હવે વધીને 82% થઈ ગઈ છે. ભારતીય હવામાન વિભાગના ચીફ મૃત્યુંજય મહાપાત્રાએ જણાવ્યું કે તેની સીધી અસર ચોમાસાના વરસાદ પર પડશે. તેનાથી દેશમાં દુષ્કાળનો ખતરો વધુ વધી જશે. ઉત્તર, પશ્ચિમ અને મધ્ય ભારતના ભાગોમાં દુષ્કાળ જેવી સ્થિતિ સર્જાવાનું સૌથી વધુ જોખમ છે, જેનાથી લાંબા દુષ્કાળ અને ખેતીમાં નુકસાનની આશંકા વધી શકે છે.

પંજાબ, હરિયાણા અને રાજસ્થાન ઓગસ્ટ-સપ્ટેમ્બર દરમિયાન સૌથી સંવેદનશીલ રાજ્યો માનવામાં આવી રહ્યા છે. ત્યાં જ મધ્ય અને પશ્ચિમ ભારતમાં જ્યાં સારી વર્ષા થાય છે ત્યાં પણ સામાન્ય કરતા ઓછી વર્ષાની સંભાવના છે.

### આગામી બે દિવસના હવામાનની સ્થિતિ

**17 મે**

ઝારખંડમાં વરસાદનું ઓરેન્જ એલર્ટ. બિહારના 19 જિલ્લામાં, હરિયાણાના 8 જિલ્લામાં વાવાઝોડા-વરસાદનું એલર્ટ.

રાજસ્થાન અને પંજાબમાં આગામી એક સપ્તાહ સુધી હીટવેવનું એલર્ટ.

જમ્મુ-કાશ્મીર, હિમાચલ અને ઉત્તરાખંડમાં વરસાદ સાથે કરા પડી શકે છે.

**18 મે**

બિહાર, ઝારખંડ, પશ્ચિમ બંગાળ, છત્તીસગઢ અને પૂર્વોત્તર રાજ્યોમાં વરસાદ સાથે વીજળી પડવાની ચેતવણી છે.

રાજસ્થાનમાં ગંભીર હીટવેવની ચેતવણી છે. રાત પણ ગરમ રહેશે. છત્તીસગઢ, હરિયાણા, દિલ્હી, મધ્ય પ્રદેશ, પંજાબ, તેલંગાણા, ઉત્તર પ્રદેશ અને મહારાષ્ટ્રમાં પણ હીટવેવ ચાલશે.

આસામ, મેઘાલય, કેરળ, નાગાલેન્ડ, મણિપુર, મિઝોરમ, ત્રિપુરા, કર્ણાટક અને તમિલનાડુમાં ભારે વરસાદનો અંદાજ છે.

ફ્રી ઈ-કોપી માટે ફક્ત Hi લખો : 9662420070

## ઝાલોદ નજીક જુની આરટીઓ ચોકડી પાસે ગંભીર અકસ્માત

ઝાલોદ

ઝાલોદ નજીક જુની આરટીઓ ઓફિસ પાસે આવેલી ચોકડી ઉપર થયેલા માર્ગ અકસ્માતમાં દાદા અને પૌત્રી ગંભીર રીતે ઈજાગ્રસ્ત થતા સારવાર માટે પહેલા ઝાલોદની ખાનગી હોસ્પિટલ અને બાદમાં વડોદરા ખસેડવામાં આવ્યા હોવાનું જાણવા મળ્યું છે.

મળતી માહિતી મુજબ રાજસ્થાનના બાંસવાડા જિલ્લાના ગાંગડતળાઈ તાલુકાના મોનાડુંગર ગામે રહેતા સંજયકુમાર સરતાનસિંહ ગવારીયાએ નોંધાવેલી ફરિયાદ અનુસાર, ગત તા. ૧૦ મે ૨૦૨૬ના રોજ તેમના પિતા સરતાનસિંહ તથા પુત્રી હિમાની મોટરસાયકલ નંબર RJ.03.LS.5486 લઈને ઝાલોદ દવાખાને જઈ રહ્યા હતા. તે દરમિયાન સવારે આશરે નવ વાગ્યાના સમયે ઝાલોદ નજીક જુની આરટીઓ ઓફિસ પાસે આવેલી ચોકડી ઉપર દાહોદ તરફથી આવતી છોટા હાથી ફોર વ્હીલર ગાડી નંબર GJ.06. BT.4861 ના ચાલકે પુરઝડપે અને બેફિકરાઈપૂર્વક વાહન હંકારી મોટરસાયકલને ટક્કર મારી હતી.

અકસ્માત બાદ બંને ઈજાગ્રસ્તોને તાત્કાલિક ઝાલોદ સ્થિત અચિવ ઓર્થોપેડિક હોસ્પિટલ ખાતે સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. જ્યાં સરતાનસિંહને મોઢા, ગળા તથા ડાબા પગના ભાગે ગંભીર ઈજાઓ હોવાનું સામે આવ્યું હતું, જ્યારે હિમાનીને ડાબા હાથ અને પગે ઈજાઓ પહોંચી હતી. સરતાનસિંહને ચાર દિવસ સારવાર આપ્યા બાદ વધુ સારવાર માટે વડોદરાની શ્રી નિલકંઠ મલ્ટીસ્પેશ્યાલીટી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હોવાનું ફરિયાદમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

ફરિયાદી સંજયકુમાર ગવારીયાએ છોટા હાથીના ચાલક સામે બેદરકારી અને ગફલતભરી રીતે વાહન ચલાવી અકસ્માત સર્જવાનો આક્ષેપ કરી કાયદેસરની કાર્યવાહી કરવાની માંગ કરી છે.

## દાહોદ એસઓજીની મોટી કાર્યવાહી: બે ઈકો ગાડીઓમાંથી વિદેશી દારૂ ઝડપાયો

દાહોદ

દાહોદ જિલ્લા પોલીસ અધિક્ષકની સૂચના અનુસાર જિલ્લામાં દારૂની ગેરકાયદેસર હેરાફેરી અને પ્રોહિબિશન સંબંધિત ગુનાઓ ઉપર અંકુશ લાવવા માટે દાહોદ એસ.ઓ.જી. ટીમ દ્વારા મહત્વપૂર્ણ કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. ચાકલીયા પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલિંગ દરમિયાન મળેલી ખાનગી બાતમીના આધારે એસ.ઓ.જી.એ બે મારૂતી સુઝુકી ઈકો ગાડીઓમાંથી મોટી માત્રામાં ભારતીય બનાવટનો પરપ્રાંતીય ઇંગ્લીશ દારૂ ઝડપી પાડ્યો હતો. બાતમીના આધારે ચાકલીયા ગામ નજીક હોટલ આદિત્યા પાસે વોચ ગોઠવી બંને ગાડીઓને અટકાવવામાં આવી હતી. પ્રથમ ગ્રે કલરની મારૂતી સુઝુકી ઈકો ગાડી નં. GJ 06 HS 6165 માંથી ગુપ્ત ખાનાં અને બોનેટ નીચે છુપાવેલો કિંગફિશર બિયર તથા મેજિક મોમેન્ટ વોડકાનો જથ્થો મળી આવ્યો હતો. ગાડીમાં સવાર ઉપેન્દ્રભાઈ મનુભાઈ ડામોર (રહે. ભીયામાળી, તા. ઝાલોદ) અને રોહિતભાઈ વાલસીંગભાઈ પરમાર (રહે. દેવજીની સરસવાણી, તા. ઝાલોદ) પાસેથી કોઈ પાસ-પરમિટ મળી આવી નહોતી.

તપાસ દરમિયાન ગાડીમાંથી કિંગફિશર એક્સ્ટ્રા સ્મૂથ સ્ટ્રોંગ પ્રીમિયમ બિયરની 235 ટીન અને મેજિક મોમેન્ટ ફ્લેવર્ડ વોડકાની 240 બોટલો મળી કુલ 475 બોટલ કિંમત અંદાજે 79,675 નો મુદ્દામાલ ઝડપાયો હતો. સાથે બંને આરોપીઓ પાસેથી મોબાઈલ ફોન પણ કબજે લેવાયા હતા.

ત્યારબાદ બીજી સફેદ કલરની ઈકો ગાડી નં. GJ 01 RS 7688 ની તપાસ કરતાં તેમાં પણ પાછળના ગુપ્ત ખાનાં અને બોનેટ નીચે કિંગફિશર બિયર તથા મેજિક મોમેન્ટ વોડકાનો જથ્થો મળી આવ્યો હતો. ગાડી ચલાવતા રાજુભાઈ કાળુભાઈ મુનીયા (રહે. પરથમપુર, તા. ગોવિંદગુરૂ લીમડી) પાસે પણ કોઈ પાસ-પરમિટ નહોતી.

## અંકલેશ્વરના મહાવીર ટર્નિંગ નજીક ત્રિપલ ST બસ અને કાર વચ્ચે ગંભીર અકસ્માત

અંકલેશ્વર

અંકલેશ્વર શહેરના વ્યસ્ત એવા મહાવીર ટર્નિંગ પાસે ગતરોજ ચાર વાહનો વચ્ચે એક ગંભીર અકસ્માત સર્જાયો હતો.

આ ઘટનામાં ત્રણ એસ.ટી. બસ અને એક વૈભવી કાર સામસામે ધડાકાભેર અથડાઈ હતી. અકસ્માત એટલો ભયાનક હતો કે કારનો સંપૂર્ણપણે કચ્ચરઘાણ નીકળી ગયો હતો. જોકે, આ ભયંકર દુર્ઘટનામાં સદનસીબે કોઈ મોટી જાનહાનિ ન થતાં તંત્ર અને સ્થાનિકોએ રાહતનો શ્વાસ લીધો છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, મહાવીર ટર્નિંગ પાસે આવેલા માનસી હોન્ડા શોરૂમ નજીક આ વિચિત્ર અકસ્માત સર્જાયો હતો. ત્રણ એસ.ટી. બસો અને કાર વચ્ચે થયેલી આ જોરદાર ટક્કરમાં કારનો કૂચો બોલી ગયો હતો. અકસ્માતને પગલે આસપાસના લોકો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યા હતા અને કારમાં ફસાયેલા ચાલકને બહાર કાઢ્યો હતો. આ આખી ઘટનામાં કાર ચાલકનો આબાદ બચાવ થયો હતો અને તેમને માત્ર સામાન્ય ઈજાઓ પહોંચી હતી. ઈજાગ્રસ્ત ચાલકને પ્રાથમિક સારવાર અર્થે તાત્કાલિક નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

અકસ્માતની જાણ થતાં જ સ્થાનિક પોલીસનો કાફલો પણ ઘટનાસ્થળે દોડી ગયો હતો.

હાઈવે પર અકસ્માતના કારણે થોડા સમય માટે ભારે ટ્રાફિક જામની સ્થિતિ સર્જાઈ હતી અને વાહનોની લાંબી કતારો લાગી ગઈ હતી. જોકે, સ્થાનિક નાગરિકો અને પોલીસે ભારે જહેમત ઉઠાવી વાહનોને બાજુ પર ખસેડી માર્ગ પરનો વાહનવ્યવહાર ફરી પૂર્વવત કરાવ્યો હતો. પોલીસે આ મામલે કાયદેસરનો ગુનો નોંધી અકસ્માતનું ચોક્કસ કારણ જાણવા માટે વધુ તપાસ હાથ ધરી છે.

## ભરૂચમાં 9.90 લાખના MD ડ્રગ્સ કેસમાં ઐતિહાસિક ચુકાદો

ભરૂચ

ભરૂચની સ્પેશિયલ NDPS કોર્ટે વર્ષ 2022ના ચકચારી MD ડ્રગ્સ કેસમાં એક મહત્વપૂર્ણ અને કડક ચુકાદો સંભળાવ્યો છે. ભરૂચના પાંચમા એડિશનલ ડિસ્ટ્રિક્ટ એન્ડ સેશન જજ પી.એમ. સોનીની કોર્ટે મુખ્ય આરોપી સલમાન ઉર્ફે રઘુ મુસ્તાક પટેલને દોષિત ઠેરવી 15 વર્ષની સખત કેદની સજા ફટકારી છે. આ સાથે કોર્ટે આરોપીને રૂપિયા 2 લાખનો આકરો દંડ પણ કર્યો છે. આ કેસની વિગત અનુસાર, વર્ષ 2022માં ભરૂચ એસ.ઓ.જી. (SOG) ટીમના હેડ કોન્સ્ટેબલ અનિરૂદ્ધસિંહ ચાવડાને એક ચોક્કસ બાતમી મળી હતી. બાતમી હતી કે જંબુસર બાયપાસ રોડ પર આવેલી નેશનલ પાર્ક સોસાયટીનો રહીશ સલમાન મુસ્તાક પટેલ મુંબઈથી ડ્રગ્સનો મોટો જથ્થો લાવીને ભરૂચ રેલવે સ્ટેશન નજીક મોફેસર જીન કમ્પાઉન્ડ વિસ્તારમાં આવવાનો છે. આ માહિતીના આધારે SOGની ટીમે વોચ ગોઠવીને સલમાન પટેલને ઘટનાસ્થળેથી જ આબાદ ઝડપી લીધો હતો. પોલીસ તપાસ દરમિયાન આરોપી સલમાન પાસેથી 99 ગ્રામ મેફેડ્રોન (MD) ડ્રગ્સનો જથ્થો મળી આવ્યો હતો, જેની આંતરરાષ્ટ્રીય બજાર કિંમત અંદાજે રૂપિયા 9.90 લાખ થવા જતી હતી. આ નેટવર્કની ઊંડાણપૂર્વક તપાસ કરીને પોલીસે ડ્રગ્સની હેરાફેરીમાં સંકળાયેલા અન્ય એક સહ-આરોપી ઈમરાન સોકત ખીલજીની પણ ધરપકડ કરી હતી. આ અંગે ભરૂચ એ-ડિવિઝન પોલીસ મથકે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરાઈ હતી. કોર્ટની સુનાવણી દરમિયાન સરકારી વકીલ જે.જે. પરમારે ધારદાર અને મજબૂત દલીલો રજૂ કરી હતી. પ્રિન્ટ અને વૈજ્ઞાનિક પુરાવાઓ ઉપરાંત કોર્ટ સમક્ષ 20થી વધુ પંચો અને સાક્ષીઓની જુબાની લેવામાં આવી હતી. સરકારી પક્ષ તરફથી રજૂ કરાયેલા મજબૂત પુરાવાઓને ગ્રાહ્ય રાખીને કોર્ટે આરોપી સલમાન પટેલને ગુનેગાર ઠેરવ્યો હતો.

સરહદી વિસ્તારના તરસ્યા સીમાડા

# વાવ-થરાદમાં પાણી માટે પોકાર

ગાંધીનગર

ગુજરાતના સરહદી પંથક વાવ, થરાદ અને સુઈગામ તાલુકામાં ઉનાળાની શરૂઆત થતાં જ જળ સંકટ અત્યંત ઘેરું બન્યું છે. એક તરફ આકાશમાંથી કાળઝાળ ગરમી વરસી રહી છે, તો બીજી તરફ કરોડો રૂપિયાના ખર્ચે શરૂ કરાયેલી નળ સે જળ યોજના હેઠળના નળ બિલકુલ સુકાભઠ્ઠ થઈ ગયા છે. સરહદી વિસ્તારના છેવાડાના ગામડાઓમાં પીવાના પાણી માટે હાહાકાર મચ્યો છે, જે તંત્રના વિકાસના દાવાઓની પોલ ખોલી રહ્યો છે.

ભારત-પાકિસ્તાન સરહદે આવેલા સુઈગામ તાલુકાના રડોસણ અને મેઘપુરા જેવા છેવાડાના ગામોમાં છેલ્લા બે મહિનાથી પાઈપલાઈનમાં પાણીનું એક ટીપું પણ આવ્યું નથી. ગામડાંની મહિલાઓ ધોમધખતા તાપમાં કલાકો સુધી નળ પાસે પાણીની આશાએ બેસી રહે છે. હેન્ડપંપ ચલાવી-ચલાવીને થાકી જતી મહિલાઓના નસીબમાં માત્ર નિરાશા જ આવે છે. તંત્ર દ્વારા મોકલવામાં આવતા એકાદ-બે ટેન્કરો આટલા મોટા ગામ માટે ઊંટના મોઢામાં જીરુ સમાન સાબિત થઈ રહ્યા છે. પૂરતું પાણી ન મળવાને કારણે ગ્રામજનોની સાથે-સાથે પશુપાલકો અને અબોલ પશુઓની હાલત પણ કફોડી બની છે.

હજુ બે દિવસ પહેલા જ ગુજરાત રાજ્યના મંત્રી અને વાવના ધારાસભ્ય સ્વરૂપજી ઠાકોરે પાણીની સમસ્યા અંગે અધિકારીઓ અને કોન્ટ્રાક્ટરો સાથે એક ઉચ્ચ સ્તરીય બેઠક યોજી હતી. આ બેઠકમાં બેદરકાર એજન્સીઓને ભારે ખખડાવવામાં આવી હતી અને કડક કાર્યવાહીની ચીમકીઓ પણ અપાઈ હતી. પરંતુ મંત્રીની આ કડક સૂચનાઓ માત્ર સરકારી કાગળો પર જ સીમિત રહી ગઈ હોય તેમ લાગી રહ્યું છે, કારણ કે ગ્રાઉન્ડ લેવલ પર પરિસ્થિતિ આજે પણ જૈસે-થે જ છે.

ગ્રામજનોનો આરોપ છે કે, જવાબદાર અધિકારીઓ બધી જ પરિસ્થિતિથી વાકેફ હોવા છતાં પોતાની એસી ચેમ્બરમાંથી બહાર નીકળવા તૈયાર નથી. સરહદના રખેવાળો સમાન આ નાગરિકોને પીવાનું શુદ્ધ પાણી પૂરું પાડવું એ શું સરકારની પ્રાથમિકતા નથી? સ્થાનિક લોકોની એક જ માંગ છે કે હવે કાગળ પરની સમીક્ષા બેઠકો બંધ થાય અને તાત્કાલિક પાઈપલાઈન દ્વારા છેવાડાના ઘર સુધી પાણી પહોંચાડવામાં આવે.

તંત્ર દ્વારા મોકલવામાં આવતા એકાદ-બે ટેન્કરો આટલા મોટા ગામ માટે ઊંટના મોઢામાં જીરુ સમાન સાબિત થઇ રહ્યા છે. પૂરતું પાણી ન મળવાને કારણે ગ્રામજનોની સાથે-સાથે પશુપાલકો અને અબોલ પશુઓની હાલત પણ કફોડી બની છે



CID ક્રાઈમ, અમદાવાદ, ભરૂચ, જૂનાગઢ, મહીસાગર અને ભાવનગરના PIને નવી જવાબદારી સોંપાઈ

## સ્ટેટ મોનિટરિંગ સેલમાં 6 PIની કરાઈ નિમણૂંક

ગાંધીનગર

રાજ્ય સરકાર દ્વારા કાયદો અને વ્યવસ્થા સંબંધિત મોનિટરિંગને વધુ મજબૂત બનાવવા માટે મહત્વનો વહીવટી નિર્ણય લેવામાં આવ્યો છે. પોલીસ મહાનિર્દેશક કચેરી તરફથી બહાર પાડવામાં આવેલા તાત્કાલિક હુકમ અનુસાર રાજ્યના વિવિધ જિલ્લાઓમાં ફરજ બજાવતા 6 પોલીસ ઈન્સ્પેક્ટરોને તદ્દન હંગામી ધોરણે એટેચ તરીકે સ્ટેટ મોનિટરિંગ સેલ, ગાંધીનગર ખાતે મુકવામાં આવ્યા છે.

જાહેર કરાયેલા હુકમ મુજબ અમદાવાદ શહેર, CID ક્રાઈમ, ભરૂચ, જૂનાગઢ, મહીસાગર અને ભાવનગર ખાતે ફરજ બજાવતા પોલીસ ઈન્સ્પેક્ટરોને નવી જવાબદારી સોંપવામાં આવી છે. આ તમામ અધિકારીઓનો પગાર અને ભથ્થાં તેમની મૂળ મહેકમની કચેરીમાંથી જ ચૂકવાશે.




હુકમમાં વધુમાં જણાવાયું છે કે સંબંધિત પોલીસ ઈન્સ્પેક્ટરોએ એટેચમેન્ટવાળી જગ્યાએ તાત્કાલિક હાજર થવાનું રહેશે અને હાજર થયાની જાણ કચેરીને કરવાની રહેશે.

એટેચ કરાયેલા અધિકારીઓના નામ : જે.જે. ચાવડા, અમદાવાદ શહેર, બી.પી. દેસાઈ, CID ક્રાઈમ, એ.વાય. બલોચ, ભરૂચ, વાય.જે. રાઠોડ, જૂનાગઢ, એમ. ડી. ચંપાવત, મહીસાગર, પી.વી. જેબલિયા, ભાવનગર

રાજ્યમાં ચાલી રહેલી વિવિધ મોનિટરિંગ અને સંવેદનશીલ કામગીરીને ધ્યાનમાં રાખીને આ બદલીને મહત્વપૂર્ણ માનવામાં આવી રહી છે.

ઓર્ડરમાં સ્પષ્ટપણે જણાવાયું છે કે, નિયુક્ત કરવામાં આવેલા તમામ 6 પોલીસ ઈન્સ્પેક્ટરોએ પોતાના વર્તમાન ફરજ સ્થળ પરથી છૂટા થઈને તાત્કાલિક અસરથી SMC માં રિપોર્ટ કરવાનો રહેશે. ઉલ્લેખનીય છે કે, છેલ્લા કેટલાક સમયથી SMC દ્વારા રાજ્યના વિવિધ જિલ્લાઓમાં દારૂ અને જુગારના અડ્ડાઓ પર કરવામાં આવેલા મોટા રેડને પગલે આ વિભાગની સક્રિયતા વધી છે, ત્યારે નવા અધિકારીઓની નિમણૂંકથી કામગીરીમાં વધુ વેગ આવશે.

સુરત ગ્રામ્ય SOG પોલીસે NDPS ગુનામાં

## છેલ્લા પાંચ માસથી નાસતા-ફરતા આરોપીને દબોચી લીધો

ઓલપાડ

સુરત ગ્રામ્ય એસ.ઓ.જી. પોલીસે ઓલ પાડ પોલીસ મથકના એન.ડી.પી.એસ. ગુનામાં છેલ્લા પાંચ માસથી ના સતો- ફરતો આરોપી આખરે પો લી સના સકંજામાં આવી જતા સાયણથી પકડી લીધો છે.

સુ ર ત ગ્રામ્ય એસ.ઓ.જી. પોલીસની ટીમ ગત શુક્રવાર,તા.૧૫ ના રોજ ઓલપાડ પોલીસ મથકની હદમાં પે ટ્રોલિંગ કરી રહી હતી.તે દરમ્યાન શા ખા ના એ.એસ.આઈ. ભુપેન્દ્ર અં બિ કા પ્રસાદ અને હે.કો.પ્રકાશ વા લ જીને બાતમી મળી હતી કે, ઓલ પા ડ પોલીસ સ્ટેશનમાં સને-૨૦૨૫ માં નોંધાયેલ એન.ડી. પી.એસ. એક્ટના ગુનામાં છેલ્લા પાંચ મહિનાથી નાસ તો- ફરતો આરોપી આલોક ઉર્ફે ના રા ય ણ શત્રુઘન નાયક(મુળ કુંબુડી ગામ, તા .ગંગાપુર, જિ.ગંજામ-ઓરી સ્સા )હાલમાં સાયણ વિસ્તારમાં બ્રિજ પાસેના

અર્જુન પાર્કમાં રાધે ખાતાના રૂમમાં રહે છે .જેથી પોલીસે છાપો મારી આરો પી ને બાતમી સ્થળેથી દબોચી પૂછપરછ કરતા તેણે તેની ઓળખ સાથે ગુનાની કબુલાત કરી હતી. જે કબુલાના પગલે એસ.ઓ. જી.પોલીસે પકડાયેલ આરોપી વિ રૂદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધ રી આ ગળની તપાસ માટે આરોપી આલો કને ઓલપાડ પોલીસને સોંપી દીધો છે.

કલોલ સિવિલ હોસ્પિટલ પાસે

## મોટા અવાજે વૂફર વગાડતા ચાલકને પોલીસે સકંજામાં લીધો

ગાંધીનગર

ગાંધીનગર જિલ્લાના કલોલ શહેરમાં સાર્વજનિક સ્થળો પર ધ્વનિ પ્રદૂષણ ફેલાવતા તત્વો સામે પોલીસે લાલ આંખ કરી છે. કલોલ સિવિલ હોસ્પિટલ જેવા સંવેદનશીલ વિસ્તારની સામે જાહેર રોડ પર કાન ફાડી નાખે તેવા મોટા અવાજે મ્યુઝિક સિસ્ટમ વગાડીને જાહેર શાંતિનો ભંગ કરવા બદલ કલોલ શહેર પોલીસે એક રિક્ષા ચાલક યુવકની ધરપકડ કરી 50 હજારની રિક્ષા સહિતનો મુદ્દામાલ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. કલોલ શહેર પોલીસની ટીમ ગત રાત્રિના સમયે ટાઉન વિસ્તારમાં પેટ્રોલીંગ કરી રહી હતી. આ દરમિયાન કલોલ સિવિલ હોસ્પિટલ આગળથી પસાર થતી એક સીએનજી રિક્ષામાં ખૂબ જ મોટા અને કાન ફાડી નાખે તેવા અવાજે જેબીએલ વૂફર સ્પીકર વાગી રહ્યું હોવાનું પોલીસના ધ્યાને આવ્યું હતું. જેના લીધે નજીકની હોસ્પિટલના વૃદ્ધ દર્દીઓ અને બાળકોને ભારે હાલાકી ભોગવવી પડી રહી હતી. ઉપરાંત રસ્તે




પસાર થતા અન્ય વાહન ચાલકો માટે પણ અકસ્માત સર્જાય તેવી ભયજનક સ્થિતિ ઊભી થઈ હતી. આથી ટ્રાફિકની સમસ્યા ન સર્જાય તે માટે રિક્ષા ચાલકને દબોચી લઈ પોલીસ સ્ટેશન લઈ જવાયો હતો. જેની કડકાઈથી પુછપરછ દરમિયાન તેણે પોતાનુ નામ કિષ્ના પુનમભાઈ મકવાણા (રહે. મકાન નં. 35, મોહન પાર્ક સોસાયટી, રેલ્વે-પૂર્વ, કલોલ) હોવાનું જણાવ્યું હતું. બાદમાં ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડના જાહેરનામાના ભંગનો ગુનો દાખલ કરી રિક્ષા સહિત 50 હજારનો મુદ્દામાલ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## રડકા પાસે નર્મદા કેનાલમાં યુવકનો ઝંપલાવાનો બનાવ

થરાદ

થરાદ તાલુકાના રડકા ગામમાંથી પસાર થતી મુખ્ય નર્મદા કેનાલ ખાતે આવેલ રડકા ફાટક પાસે એક યુવકે કેનાલમાં ઝંપલાવ્યાનો બનાવ સામે આવતાં વિસ્તારમાં ચકચાર મચી જવા પામી હતી. ઘટનાની જાણ થરાદ નગરપાલિકા ફાયર બ્રિગેડને થતા ટીમ તાત્કાલિક સ્થળ પર દોડી ગઈ હતી.

ફાયર બ્રિગેડની ટીમે એક કલાકથી વધુ સમય સુધી ભારે જહેમત ઉઠાવી શોધખોળ હાથ ધરી હતી. અંતે યુવકની લાશ કેનાલમાંથી બહાર કાઢવામાં આવી હતી અને કાર્યવાહી પૂર્ણ કરી મૃતદેહ વાલી-વારસાને સોંપવામાં આવ્યો હતો. પ્રાથમિક માહિતી અનુસાર મૃતક યુવક રાજસ્થાનના ચીતલવાણા વિસ્તારનો રહેવાસી હોવાનું ચર્ચિત બન્યું છે. તેમજ તે ખેત મજૂરી કામ માટે રડકા વિસ્તારમાં આવ્યો હોવાનું જાણવા મળ્યું હતું. આ બનાવને પગલે આસપાસના વિસ્તારમાં લોકોના ટોળા એકત્રિત થઈ ગયા હતા અને ઘટનાને લઈને વિવિધ ચર્ચાઓએ જોર પકડ્યું હતું.

યુદ્ધના કારણે તેલ સંકટની આશંકા

## ઇંધણ ખૂટી ગયાની અફવા વચ્ચે નગરમાં પેટ્રોલ-ડીઝલના વેચાણમાં 2 ગણો વધારો

ગાંધીનગર

પશ્ચિમ એશિયામાં ઈરાન અને ઈઝરાયેલ વચ્ચે છેલ્લા ૨ મહિનાથી ભયંકર યુદ્ધ ચાલી રહ્યું છે. આ લડાઈને કારણે દરિયાઈ વ્યાપાર માટે અત્યંત મહત્વનો ગણાતો સ્ટ્રેટ ઓફ હોર્મુસનો માર્ગ સંપૂર્ણપણે બંધ કરી દેવામાં આવ્યો છે.

ભારત પોતાના જરૂરિયાતનું મોટાભાગનું કાચું તેલ આ રસ્તેથી મંગાવે છે, પરંતુ અત્યારે જહાજોની અવરજવર અટકી જવાથી ઈંધણના પુરવઠા પર સીધી અસર પડી છે.

દેશમાં તેલની અછત ન સર્જાય તે હેતુથી વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દેશવાસીઓને સાવચેત કર્યા છે. તેમણે વિનંતી કરી છે કે લોકો પોતાના વાહનોનો ઉપયોગ ઘટાડે અને બસ કે મેટ્રો જેવા જાહેર સાધનોનો વધુ પ્રયોગ કરે જેથી ઈંધણની બચત થઈ શકે, પ્રધાન મંત્રીની આ પહેલ પછી સરકારી અધિકારીઓ રાજકારણીઓ અને કોર્ટના જજ પણ જાહેર પરિવહન સુવિધાનો ઉપયોગ કરતા જોવા મળ્યા હતા. પરંતુ, આ ગંભીર આંતરરાષ્ટ્રીય પરિસ્થિતિ વચ્ચે સોશિયલ મીડિયા પર અનેક ખોટી વાતો અને અફવાઓ વહેતી થઈ હતી.

આ મેસેજોમાં દાવો કરવામાં આવ્યો હતો કે આગામી દિવસોમાં પેટ્રોલ અને ડીઝલનો જથ્થો પૂરો થઈ જશે. આ સમાચાર વાંચીને ગાંધીનગરના નાગરિકોમાં ભારે ગભરાટ ફેલાયો હતો.

લોકો મોટી સંખ્યામાં પંપ પર ઉમટી પડ્યા અને પોતાના વાહનોમાં તેલ ભરાવવા માટે લાંબી લાઈનો લગાવી હતી. જેમાં બે પંપ પર ઇંધણ ખૂટી ગયું હતું. ગાંધીનગર-અમદાવાદ એસો.એ સ્પષ્ટતા કરી છે કે પેટ્રોલ અને ડીઝલનો પુરવઠો સામાન્ય છે. પરંતુ સોશિયલ મીડિયાની વાતોથી ગભરાઈને લોકોએ પંપ પર ભીડ કરી હતી. ટાંકી ફૂલ કરાવવાના લીધે કેટલાક પંપ પર જથ્થો ખૂટ્યો હતો. પૂરતો સ્ટોક ઉપલબ્ધ છે.

ઓલપાડના અંભેટા ગામે ડાંગર પરાણીની બરખી ભરેલ

## ટેમ્પામાં આગ લાગતા પરાણી બળીને ખાખ

રોડ ક્રોસ કરતા દ.ગુ.વીજ કંપનીની H T લાઈનનો તાર અડી જતા આગ ભભૂકી ઉઠી

ઓલપાડ

ઓલપાડ તાલુકાના અંભેટા ગામ નજીક રોડ પરથી ડાંગર પરાણીની બરખીઓ ભરીને પસાર થતા ટેમ્પાને દ.ગુ.વીજ કંપની ની એચ.ટી.લાઈન નો તાર અડી જતા ટેમ્પામાં આગ ભભૂકી ઉઠી હતી. ભભુકેલી આ આગથી મુંગા પશુઓના મુખે ઘાસચારો પહોંચે તે પહેલા જ બળીને ખાખ થઈ જતા મુંગા પશુઓનો ખોરાક છીનવાયો છે.સ્થાનિક લોકોના કહેવા મુજબ બે દિવસ પહેલા પણ પરાણી ભરેલ એક ટેમ્પામાં લાગેલી આગ કાબુમાં લેવા અમોને સફળતા મળી હતી. પ્રાપ્ત માહિતી મુજબ હાલમાં ખેડૂતોના ખેતરમાં ડાંગર કાંપણીની સિઝન પુરજોશમાં ચાલી રહી છે.જેથી ડાંગર કાંપણી બાદ ખેડૂતો બચેલ પરાણીની બરખીઓ બનાવી પશુપાલકોને આ ઘાસચારો વેચી ડાંગર પાકના ખર્ચમાં રાહત મેળવતા આવ્યા છે.પરંતુ ઘણી વખત આ બરખીઓ મુંગા પશુઓના મુખે પહોંચે તે પહેલા જ બળીને ખાખ થઈ જતા મુંગા પશુઓનો ખોરાક છીનવાયાની ઘણી ઘટનાઓ પ્રકાશમાં આવતી હોય છે. આવી જ એક ઘટના ઓલપાડ તાલુકાના કાંઠા વિસ્તારના અંભેટા ગામે પ્રકાશમાં આવી છે.

કલેક્ટર કચેરીમાં હાઇલેવલ બેઠક યોજાઇ

## દહેગામ પોલીસ સ્ટેશન પરિસરમાં નવનિર્મિત મંદિરમાં અંબાજી માતાજીનો પુનઃ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ સંપન્ન

ગાંધીનગર

ગાંધીનગર જિલ્લાના દહેગામ પોલીસ સ્ટેશન પરિસરમાં નવનિર્મિત મંદિરમાં જગતજન ની શ્રી અંબાજી માતાજીની મૂ ર્તિ નો દ્વિતીય દિવસનો પુનઃ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ અત્યંત હર્ષોલ્લાસ અને ધા ર્મિ ક માહોલમાં ઉજવવામાં આવ્યો હતો.

ગાંધીનગર પોલીસ અધીક્ષક અને સમગ્ર ગાંધીનગર જિલ્લા પોલીસ પરિવાર દ્વારા આયોજિત આ મહોત્સવના બીજા દિવસે વિવિધ ધાર્મિક કાર્યક્રમોનું સુંદર આયોજન કરાયું હતું. આ પ્રસંગે કાઢવામાં આવેલી શોભાયાત્રામાં જાણીતા લોક કલાકાર રવિકુમાર રબારી (રવિ ખોરજ) એ લોકગીતોની રમઝટ જમાવી હતી.



મહોત્સવના દ્વિતીય દિવસે શુક્રવારના રોજ બપોરે 12-05 કલાકે શાસ્ત્રોક્ત વિધિ-વિધાન અને મંત્રોચ્ચાર સાથે માતાજીની મૂર્તિની પ્રાણ પ્રતિષ્ઠા કરવામાં આવી હતી. આ પવિત્ર પ્રસંગે સમગ્ર પરિસર ભક્તિમય માહોલમાં ગરકાવ થઈ ગયું હતું.ત્યારબાદ સાંજે 4-05 કલાકે યજ્ઞની પૂર્ણાહુતિ કરવામાં આવી હતી, જેમાં પોલીસ અધિકારીઓ અને આમંત્રિત ભક્તોએ આહુતિ આપી ધન્યતા અનુભવી હતી.

સાંજ સત્રમાં 4-35 કલાકે માતાજીની ભવ્ય મહા આરતી યોજાઈ હતી, જેમાં મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ જોડાયા હતા અને માતાજીના દર્શનનો લાભ લીધો હતો.

ધાર્મિક ઉત્સવના અંતે સાંજે 6-30 ક લાકે મહા પ્રસાદનું પણ આયોજન ક રવામાં આવ્યું હતું, જેમાં ઉપસ્થિત ત મા મ ભક્તો અને પોલીસ પરિવારે પ્રસાદ ગ્રહણ કર્યો હતો.

સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે દ હેગામ પોલીસ સ્ટેશનના પીઆઈ એમ.એન.દેસાઈ સહિત પોલીસ પ્રશાસન અ ને સ્થાનિક અગ્રણીઓ દ્વારા ભારે જહેમત ઉઠાવવામાં આવી હતી.

પાક્કો ગુજરાત
રવિવાર । 17 મે 2026 । અમદાવાદ

# પાલઘર પાસે ₹17 કરોડની ચાંદી ભરેલી વેનનો અકસ્માત

## આ દુર્ઘટનામાં બે લોકોના ઘટનાસ્થળે જ મોત નીપજ્યા હતા, જ્યારે એક વ્યક્તિ ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયો છે

નવી દિલ્હી

મુંબઈ-અમદાવાદ રાષ્ટ્રીય રાજમાર્ગ પર પાલઘરના ચારોટી નાકા નજીક એક ગમખ્વાર અકસ્માત સર્જાયો છે. જેમાં મુંબઈથી આશરે 17 કરોડ રૂપિયાની કિંમતની 600 કિલો ચાંદીની પાટો ભરીને વાપી જઈ રહેલી એક સિક્યોરિટી વેન ડિવાઈડર કૂદીને સામેથી આવતા ટ્રેલર સાથે ભટકાયા બાદ પલટી મારી ગઈ હતી. આ દુર્ઘટનામાં બે લોકોના ઘટનાસ્થળે જ મોત નીપજ્યા હતા, જ્યારે એક વ્યક્તિ ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયો છે.

મળતી માહિતી અનુસાર, મુંબઈની 'નાકોડા બુલિયન' કંપનીની વેન શુક્રવારે (15મી મે) વહેલી સવારે આશરે છથી સાડા છ વાગ્યાના અરસામાં ચાંદીનો મોટો જથ્થો લઈને વાપી જીઆઈડીસી (GIDC)માં આવેલી એક કંપનીમાં





જવા રવાના થઈ હતી. જો કે, ચારોટી ફ્લાયઓવર નજીક પહોંચતા જ વેનના ચાલકે સ્ટીયરિંગ પરથી કાબૂ ગુમાવ્યો હતો. કાબૂ બહાર ગયેલી વેન ગુજરાત તરફ જતી લેનનું ડિવાઈડર તોડીને સીધી સામેની મુંબઈ તરફ જતી લેનમાં ઘૂસી ગઈ હતી. બરાબર એ જ સમયે સામેથી પૂરપાટ ઝડપે આવી રહેલા એક ટ્રેલર સાથે વેનની જોરદાર ટક્કર થઈ હતી.

અકસ્માત એટલો ભયાનક હતો કે વેનનો કચ્ચરઘાણ નીકળી ગયો હતો. વેનના ડ્રાઈવર અને અંદર તહેનાત સિક્યોરિટી ગાર્ડનું ગંભીર ઈજાઓ થવાના કારણે ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. જ્યારે વાહનમાં સવાર અન્ય એક વ્યક્તિને ગંભીર હાલતમાં સ્થાનિક હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યો છે, જ્યાં તેની સ્થિતિ નાજુક હોવાનું કહેવાય છે.

અકસ્માતના પગલે વેનનો પાછળનો ભાગ તૂટી જતાં અંદર રાખેલી કરોડો રૂપિયાની કિંમતી ચાંદીની પાટો હાઈવે પર ખુલ્લી થઈ ગઈ હતી. કિંમતી ધાતુ રોડ પર જોઈને આસપાસના લોકોના ટોળેટોળા એકઠા થઈ ગયા હતા. ઘટનાની જાણ થતાં જ પાલઘર પોલીસનો મોટો કાફલો તાત્કાલિક હાઈવે પર દોડી આવ્યો હતો. કોઈ અસામાજિક તત્વો કે સ્થાનિક લોકો કિંમતી ચાંદીની પાટો આઘીપાછી (ચોરી) ન કરી જાય તે માટે પોલીસે તાબડતોબ સમગ્ર અકસ્માત સ્થળને કોર્ડન કરી લીધું હતું અને ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દીધો હતો. પોલીસે કાયદેસરની કાર્યવાહી કરીને ચાંદીનો તમામ જથ્થો સુરક્ષિત રીતે પોતાના હસ્તક લીધો હતો અને અકસ્માતગ્રસ્ત વાહનને ક્રેનની મદદથી હાઈવે પરથી ખસેડી વાહનવ્યવહાર પૂર્વવત કર્યો હતો.

### સપા નેતા આઝમ ખાનને મોટો ઝટકો

# સરકારી અધિકારી પર અભદ્ર ટિપ્પણી બદલ 2 વર્ષની સજા

નવી દિલ્હી

સમાજવાદી પાર્ટી (SP)ના કદાવર નેતા આઝમ ખાનને 2019ની લોકસભા ચૂંટણીના પ્રચાર દરમિયાન તત્કાલીન જિલ્લા મેજિસ્ટ્રેટ (DM) વિરુદ્ધ વાંધાજનક અને અપમાનજનક ટિપ્પણી કરવાના મામલામાં રામપુરની વિશેષ MP-MLA કોર્ટે દોષિત જાહેર કર્યા છે. અદાલતે આ કેસમાં આઝમ ખાનને 2 વર્ષની જેલની સજા સંભળાવી છે અને સાથે જ 5000નો આર્થિક દંડ પણ ફટકાર્યો છે.

આ સમગ્ર મામલો 2019ની સામાન્ય ચૂંટણી વખતનો છે, જ્યારે રામપુરના ભોટ પોલીસ સ્ટેશન વિસ્તારમાં એક જાહેર સભાને સંબોધિત કરતી વખતે આઝમ ખાને તત્કાલીન કલેક્ટરને નિશાને લીધા હતા.

તેમણે મંચ પરથી કહ્યું હતું કે, 'બધા ડટેલા રહો, આ કલેક્ટર-ફલેક્ટરથી



ડરવાની જરૂર નથી. આ તો નોકરિયાત (પગારદાર) છે અને પગારદારોથી ડરવાનું ન હોય. માયાવતીના ઘણા એવા ફોટા જોયા છે જેમાં મોટા-મોટા અફસરો રૂમાલ કાઢીને તેમના જૂતા સાફ કરતા હોય છે. અમારે તેમની સાથે જ ગઠબંધન છે, અલ્લાહે ચાહ્યું તો આ લોકો પાસે જ તેમના જૂતા સાફ કરાવીશ.' આઝમ ખાનના આ નિવેદન બાદ વહીવટી અધિકારીઓ દ્વારા સખત વિરોધ નોંધાવવામાં આવ્યો હતો.

# અકસ્માત વળતરમાંથી મેડિક્લેમના પૈસા કાપી શકાશે નહીં : SCનો મોટો ચુકાદો

નવી દિલ્હી

સુપ્રીમ કોર્ટે માર્ગ અકસ્માતના કેસોને લઈને એક ખૂબ જ મહત્ત્વપૂર્ણ નિર્ણય જાહેર કર્યો છે. કોર્ટે સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું છે કે જો અકસ્માતનો ભોગ બનેલી કોઈ વ્યક્તિને તેની મેડિકલ ઈન્સ્યોરન્સ (મેડિક્લેમ) પોલિસી તરફથી હૉસ્પિટલના ખર્ચના પૈસા મળ્યા હોય, તો પણ તે રકમને મોટર વહીકલ ઍક્ટ (MVA) હેઠળ મળતા અકસ્માત વળતરમાંથી કાપી શકાય નહીં.

જસ્ટિસ સંજય કરોલ અને જસ્ટિસ વિપુલ એમ. પંચોલીની બેન્ચે ન્યૂ ઈન્ડિયા ઈન્શ્યોરન્સ કંપની લિમિટેડની અપીલને ફગાવી દીધી હતી. સુપ્રીમ કોર્ટે બોમ્બે હાઈકોર્ટના એ આદેશને સંપૂર્ણપણે માન્ય રાખ્યો છે, જેમાં કહેવાયું હતું કે



અકસ્માતના વળતરની ગણતરી કરતી વખતે મેડિક્લેમ દ્વારા મળેલું મેડિકલ બિલનું રિઈમ્બર્સમેન્ટ બાદ કરી શકાય નહીં, કારણ કે વીમાના પૈસા વ્યક્તિએ પોતે ભરેલા પ્રીમિયમના કારણે મળે છે જ્યારે અકસ્માત વળતર એ તેનો કાયદાકીય અધિકાર છે. સુપ્રીમ કોર્ટે અવલોકન કર્યું કે મોટર વહીકલ ઍક્ટ હેઠળ મળતું વળતર અને મેડિક્લેમ પોલિસીના ફાયદા, બંને સંપૂર્ણપણે અલગ બાબતો છે. અદાલતે જણાવ્યું કે મોટર વહીકલ ઍક્ટ હેઠળ મળતું વળતર એ એક કાયદાકીય (સ્ટેચ્યુટરી) અધિકાર છે, જે અકસ્માત કે મૃત્યુના કારણે ઊભો થાય છે. જ્યારે બીજી તરફ, મેડિક્લેમ એ એક ખાનગી કરાર (કોન્ટ્રેક્ટ) છે. વ્યક્તિ પોતાના જીવનની અનિશ્ચિતતાઓ અને ભવિષ્યની તબીબી કટોકટીને પહોંચી વળવા માટે વર્ષો સુધી પોતાના ખિસ્સામાંથી પ્રીમિયમ ભરે છે, ત્યારે તેને આ વીમાનો લાભ મળે છે. તેથી, વ્યક્તિએ ભરેલા પ્રીમિયમના બદલામાં મળતા લાભને કારણે કાયદાકીય વળતરમાં ઘટાડો કરી શકાય નહીં.

વીમા કંપનીએ કોર્ટમાં એવી દલીલ કરી હતી કે જો કોઈ વ્યક્તિને હૉસ્પિટલનો ખર્ચ મેડિક્લેમમાંથી પાછો મળી ગયો હોય અને ફરીથી તે જ રકમ અકસ્માત વળતર તરીકે ચૂકવવામાં આવે, તો તે એક જ નુકસાન માટે 'બેવડો લાભ' (ડબલ બેનિફિટ) અને અન્યાયી કમાણી ગણાશે. જોકે, સુપ્રીમ કોર્ટે આ દલીલને નકારી કાઢી હતી.

# ભારતની દિગ્ગજ બૅન્કને દુબઈની કંપની ખરીદશે

નવી દિલ્હી

ભારતીય બૅન્કિંગ સેક્ટરના ઈતિહાસમાં સૌથી મોટા વિદેશી સીધા રોકાણ(FDI)ને લીધે એક નવો ઈતિહાસ રચાવા જઈ રહ્યો છે. ભારતના જાણીતી ખાનગી ક્ષેત્રની આરબીએલ બૅન્ક(RBL Bank) પર હવે દુબઈની એસિડિટી ધરાવતી દિગ્ગજ બૅન્ક એમિરેટ્સ એનબીડી(Emirates NBD)નો અંકુશ સ્થપાશે. ભારત સરકારે દુબઈ સ્થિત આ બૅન્કને આરબીએલ બૅન્કમાં મેજોરિટી અને નિયંત્રક હિસ્સો મેળવવા માટે નાણાં મંત્રાલય તરફથી ખૂબ જ મહત્ત્વની નિયમનકારી મંજૂરી આપી દીધી છે. 15 મે, 2026ના રોજ સ્ટોક એક્સચેન્જને આપવામાં આવેલી એક સત્તાવાર માહિતીમાં આરબીએલ બૅન્કે જણાવ્યું હતું કે, નાણાં મંત્રાલયે બૅન્કની કુલ પેઈડ-અપ ઈક્વિટી શેર મૂડીના 49%થી 74%ની વચ્ચે હિસ્સો ખરીદવાના વિદેશી રોકાણકારના પ્રસ્તાવને લીલી ઝંડી આપી દીધી છે. આ ઐતિહાસિક સોદો અંદાજે 3 અબજ ડૉલર(આશરે 26,850 કરોડ)માં થવા જઈ રહ્યો છે. આ મેગા ડીલની શરૂઆત સૌપ્રથમ 18 ઑક્ટોબર, 2025ના રોજ એક ઈન્વેસ્ટમેન્ટ એગ્રીમેન્ટ(રોકાણ કરાર) દ્વારા થઈ હતી. નાણાં મંત્રાલયની આ મંજૂરી બાદ હવે એમિરેટ્સ એનબીડીને આરબીએલ બૅન્કના બોર્ડ ઑફ ડિરેક્ટર્સ પર સંપૂર્ણ કંટ્રોલ મળશે.

# મૈં બેરોજગાર યુવાનોની સરખામણી કોક્રોચ સાથે નથી કરી : CJI સૂર્યકાંતએ કરી સ્પષ્ટતા

નવી દિલ્હી

સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટિસ (CJI) સૂર્યકાંતે સુનાવણી દરમિયાન બેરોજગાર યુવાનોની સરખામણી વંદા (કોક્રોચ) સાથે કરવાના અહેવાલો પર શનિવારે મોટી સ્પષ્ટતા કરી છે. સીજેઆઈએ મીડિયાના એક વર્ગ પર નારાજગી વ્યક્ત કરતાં કહ્યું કે, તેમની મૌખિક ટિપ્પણીને સંપૂર્ણપણે તોડી-મરોડીને અને ખોટી રીતે રજૂ કરવામાં આવી છે. તેમણે દેશના યુવાનોની ટીકા કરી હોવાની વાત તદ્દન પાયાવિહોણી છે.

અહેવાલ મુજબ, CJI સૂર્યકાંતે આ વિવાદ પર દુઃખ વ્યક્ત કરતાં કહ્યું કે, 'મને એ જાણીને ખૂબ જ દુઃખ થયું છે કે મીડિયાના એક હિસ્સાએ ગઈકાલે એક કેસની સુનાવણી દરમિયાન મારી મૌખિક ટિપ્પણીઓને ખોટી રીતે રજૂ કરી છે. મેં માત્ર એવા લોકોની આલોચના કરી હતી. જેઓ નકલી અને બોગસ ડિગ્રીના જોરે વકીલાત જેવા ક્ષેત્રોમાં ઘૂસી ગયા છે. આવા લોકો મીડિયા, સોશિયલ મીડિયા અને અન્ય પ્રતિષ્ઠિત વ્યવસાયોમાં પણ ઘૂસણખોરી કરી ચૂક્યા છે અને તેઓ પરજીવી સમાન છે. મેં દેશના યુવાનોની આલોચના કરી છે તેવું કહેવું તદ્દન ખોટું છે.




ચીફ જસ્ટિસે યુવાનો પ્રત્યે પોતાનું સન્માન વ્યક્ત કરતાં ઉમેર્યું કે, 'મને આપણા દેશના વર્તમાન અને ભવિષ્યના માનવ સંસાધન પર ગર્વ છે. દરેક યુવાન મને પ્રેરણા આપે છે. યુવાનો પ્રત્યે મારા મનમાં ખૂબ જ આદર છે અને હું તેમને એક વિકસિત ભારતના મજબૂત સ્તંભ તરીકે જોઉં છું.' શુક્રવારે CJI સૂર્યકાંત અને જસ્ટિસ જોયમાલ્યા બાગચીની બેંચ સમક્ષ એક વકીલની અરજી પર સુનાવણી ચાલી રહી હતી. આ વકીલ સિનિયર ઍડ્વૉકેટનો દરજ્જો મેળવવા માટે પ્રયાસ કરી રહ્યા હતા. સુનાવણી દરમિયાન કોર્ટે વકીલના સોશિયલ મીડિયા (ફેસબુક) પરના વર્તન અને ભાષા સામે સખત નારાજગી વ્યક્ત કરી હતી. પીઠે વકીલની ઝાટકણી કાઢતાં કહ્યું કે, સમાજમાં આવા ઘણા પરજીવીઓ પહેલેથી જ હાજર છે જેઓ નકલી ડિગ્રીઓ મેળવીને વ્યવસ્થા પર હુમલો કરે છે અને પછીથી મીડિયા કે આરટીઆઈ ઍક્ટિવિસ્ટ બની જાય છે. કોર્ટે વકીલને કહ્યું કે, 'આખી દુનિયા સિનિયર ઍડ્વૉકેટ બનવા માટે પાત્ર હોઈ શકે છે, પરંતુ તમે તો બિલકુલ નથી.' સીજેઆઈએ ત્યાં સુધી કહ્યું કે, જો દિલ્હી હાઈકોર્ટ તમને આ દરજ્જો આપી પણ દે, તો સુપ્રીમ કોર્ટ તમારા વ્યવસાયિક આચરણને જોઈને તેને રદ કરી દેશે.

### આંધ્ર પ્રદેશ સરકારની મોટી જાહેરાત

# ત્રીજા બાળકના જન્મ પર 30 હજાર અને ચોથા પર રૂ ।.40 હજાર મળશે..!

નવી દિલ્હી

દેશમાં જ્યાં એક તરફ વસ્તી નિયંત્રણને લઈને ચર્ચાઓ ચાલતી હોય છે, ત્યારે આંધ્રપ્રદેશની એન. ચંદ્રબાબુ નાયડુ સરકારે એક તદ્દન વિપરીત અને ચોંકાવનારો નિર્ણય લીધો છે. રાજ્યમાં ઘટતા વસ્તી વૃદ્ધિ દરથી (Population Growth Rate) ચિંતિત મુખ્યમંત્રી ચંદ્રબાબુ નાયડુએ વધુ બાળકો પેદા કરવા માટે પ્રોત્સાહક યોજનાની જાહેરાત કરી છે. નવી સ્કીમ હેઠળ, હવે પરિવારમાં ત્રીજા બાળકનો જન્મ થશે તો સરકાર 30,000 રૂપિયા અને ચોથા બાળકના જન્મ પર 40,000 રૂપિયાની આર્થિક સહાય આપશે. અત્રે ઉલ્લેખનીય છે કે, અગાઉ બીજા બાળકના જન્મ પર પણ 25,000 રૂપિયા કેશ આપવાની ચર્ચા હતી, જોકે તે અંગે હજી સુધી કોઈ સત્તાવાર જાહેરાત કરવામાં આવી નથી. નરસન્નાપેટામાં આયોજિત સ્વર્ણ આંધ્ર-સ્વચ્છ આંધ્ર કાર્યક્રમ દરમિયાન



સીએમ ચંદ્રબાબુ નાયડુએ રાજ્યના વસ્તીના ગ્રાફ અંગે ઊંડી ચિંતા વ્યક્ત કરી હતી. તેમણે લોકોને પોતાની માનસિકતા બદલવાની અપીલ કરતાં કહ્યું કે, 'બાળકોને ક્યારેય બોજ ન માનવા જોઈએ, તેઓ આપણા દેશની સાચી સંપત્તિ છે. વસ્તી વધારાને પ્રોત્સાહન આપવા માટે જ અમે આ મોટો નિર્ણય લીધો છે. ત્રીજા બાળકના જન્મ પર 30,000 રૂપિયા અને ચોથા બાળકના જન્મ પર 40,000 રૂપિયાની સહાય તુરંત જ પરિવારને ચૂકવવામાં આવશે.' મુખ્યમંત્રી નાયડુએ ભૂતકાળના પોતાના નિર્ણયોને યાદ કરતાં ખુલ્લેઆમ સ્વીકાર્યું કે, 'મેં આ વિષય પર ઘણી વખત વિચારમંથન કર્યું છે. એક સમય હતો જ્યારે મેં પોતે પરિવાર નિયોજનની (ફેમિલી પ્લાનિંગ) દિશામાં સક્રિયપણે કામ કર્યું હતું. પરંતુ આજે સમય અને સ્થિતિ બંને બદલાઈ ગયા છે. હવે બાળકો આપણું ભવિષ્ય છે અને આપણે તેમના ભવિષ્ય માટે કામ કરવું પડશે. આ જ વિઝન સાથે અમે આ નવો નિર્ણય કર્યો છે.' આંધ્રપ્રદેશ સહિત દક્ષિણ ભારતના મોટાભાગના રાજ્યોમાં વયસ્કો અને વૃદ્ધોની વસ્તી વધી રહી છે અને યુવાનો તથા બાળકોનો જન્મદર સતત ઘટી રહ્યો છે. ભવિષ્યમાં માનવ સંસાધનની અછત ન સર્જાય તે માટે ચંદ્રબાબુ નાયડુ લાંબા સમયથી વસ્તી વધારવાની ભલામણ કરી રહ્યા છે.

### NEET પેપરલીક મામલે મોદી સરકાર પર વિપક્ષનો પ્રહાર

# તાત્કાલિક રાજીનામું આપે કેન્દ્રીય શિક્ષણ મંત્રીધર્મેન્દ્ર પ્રધાન : રાહુલ

નવી દિલ્હી

NEET-UG 2026 પેપર લીક કૌભાંડને લઈને દેશભરમાં વ્યાપેલા આક્રોશ વચ્ચે વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ મોદી સરકાર વિરૂદ્ધ મોરચો મજબૂત કર્યો છે. શનિવારે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર એક પોસ્ટ કરીને રાહુલ ગાંધીએ કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધનને તાત્કાલિક પદ પરથી હટાવવાની માંગ કરી છે. તેમણે આક્ષેપ કર્યો છે કે, મેડિકલ પ્રવેશ પરીક્ષા આપનારા 22 લાખ વિદ્યાર્થીઓ સાથે મોટો વિશ્વાસઘાત થયો છે અને વડાપ્રધાન નરેન્દ્ર મોદી આ ગંભીર મુદ્દે મૌન ધારણ કરીને બેઠા છે.

રાહુલ ગાંધીએ સ્પષ્ટ શબ્દોમાં લખ્યું,



મોદીજી, ધર્મેન્દ્ર પ્રધાનજીને અત્યારે જ બરતરફ કરો. કાં તો શિક્ષણ મંત્રીને તાત્કાલિક હટાવો અથવા આ ગંભીર બેદરકારીની જવાબદારી વડાપ્રધાન પોતે પોતાના માથે લે. મેડિકલ કોલેજોમાં એડમિશન માટે ગત 3 મેના રોજ લેવાયેલી NEET-UG પરીક્ષામાં ગેરરીતિઓ સામે આવ્યા બાદ તેને રદ કરવામાં આવી છે અને સરકારે આગામી 21 જૂનના રોજ ફરીથી પરીક્ષા લેવાની જાહેરાત કરી છે. આ મુદ્દે કેન્દ્રને ઘેરતા રાહુલ ગાંધીએ કહ્યું કે, દેશના 22 લાખ વિદ્યાર્થીઓએ 2 વર્ષ સુધી રાત-દિવસ એક કરીને આ પરીક્ષાની તૈયારી કરી હતી, પરંતુ તેમની સખત મહેનત પર પાણી ફેરવી દેવામાં આવ્યું છે. આખો દેશ જાણે છે કે પરીક્ષા શરૂ થવાના 2 દિવસ પહેલા જ NEETનું પ્રશ્નપત્ર વોટ્સએપ પર વિતરણ થઈ ગયું હતું.

રાહુલ ગાંધીએ માત્ર પેપર લીક જ નહીં, પરંતુ દેશની આખી શિક્ષણ પ્રણાલી પર સવાલો ઉઠાવ્યા છે. તેમણે આરોપ લગાવ્યો કે, આરએસએસ, ભાજપ અને યુનિવર્સિટીના અધિકારીઓ વચ્ચે એક મોટું નેટવર્ક ચાલી રહ્યું છે, જે દેશના શિક્ષણ તંત્રને બરબાદ કરી રહ્યું છે. રાહુલ ગાંધીએ યુનિવર્સિટીઓમાં થતી નિમણૂકો પર પ્રહાર કરતા કહ્યું, આખો દેશ જાણે છે કે જો તમારે કોઈ યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર બનવું હોય, તો તમારી પાસે વિષયનું જ્ઞાન કે અનુભવ હોવો જરૂરી નથી. જો તમે RSS સાથે જોડાયેલા છો, તો તમે કુલપતિ બની શકો છો. પરંતુ જો તમારી વિચારધારા આરએસએસની નથી, તો તમને સ્થાન નહીં મળે. યોગ્યતાને બદલે માત્ર વિચારધારાના આધારે નિમણૂકો થઈ રહી છે.

# MPમાં ગાડીઓનો કાફલો કાઢનારા નેતાઓને તેડું..!

## સંગઠન અને સરકાર બંને સ્તરે તેમની પાસેથી જવાબ માંગવામાં આવશે

નવી દિલ્હી

વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ઈંધણ બચત અને વાહન કાફલાઓ પર સંયમ રાખવાની અપીલની અવગણના કરનારા ભાજપના નેતાઓ પર હવે સખ્તાઈ વધી ગઈ છે. રાજ્યમાં મોટી સંખ્યામાં ગાડીઓના કાફલાઓ સાથે રેલીઓ કાઢનારા નેતાઓને 17 મેના રોજ ભોપાલ બોલાવવામાં આવ્યા છે. સંગઠન અને સરકાર બંને સ્તરે તેમની પાસેથી જવાબ માંગવામાં આવશે.

દિલ્હી ખાતે ભાજપ હાઈકમાન્ડે પણ સમગ્ર મામલાનો વિસ્તૃત અહેવાલ માંગ્યો છે. ભાસ્કર એપ દ્વારા 15 મેના રોજ પીએમની અપીલ છતાં નેતાઓ દ્વારા ગાડીઓમી રેલીઓ કાઢવા અને કાર્યવાહી ન થવાનો મુદ્દો ઉઠાવવામાં આવ્યો હતો. આ પછી કેન્દ્રીય નેતૃત્વએ મામલાને ગંભીરતાથી લઈને પ્રદેશ ભાજપ પાસેથી જવાબ માંગ્યો. સૂત્રો અનુસાર, વડાપ્રધાનની 10 મેની અપીલ પછી પણ મધ્ય પ્રદેશમાં 8-9 સ્થળોએ મોટા વાહન કાફલાઓ સાથે સ્વાગત રેલીઓ કાઢવામાં આવી. આને સીધી પીએમની અપીલની અવગણના માનવામાં આવી રહી છે. પ્રદેશ ભાજપે તાત્કાલિક પગલાં લેતા સંબંધિત નેતાઓને 17 મેના રોજ ભોપાલ બોલાવ્યા છે. બેઠકમાં સંગઠનના વરિષ્ઠ પદાધિકારીઓ, મુખ્યમંત્રી કાર્યાલયના અધિકારીઓ અને અન્ય જવાબદાર નેતાઓ હાજર રહેશે. નેતાઓને પૂછવામાં આવશે કે પીએમની અપીલ છતાં રેલીઓ શા માટે કાઢવામાં આવી. જો જવાબ સંતોષકારક નહીં હોય તો આગળ કાર્યવાહી પણ થઈ શકે છે. મુખ્યમંત્રી ડો. મોહન યાદવે પોતે પોતાના કાફલામાંથી 5 ગાડીઓ ઘટાડી છે. નાયબ મુખ્યમંત્રી અને અન્ય મંત્રીઓએ પણ કાફલામાં ગાડીઓ ઓછી કરી છે.

### TMCમાં બળવાના સંકેત વચ્ચે પૂર્વ CMનું મોટું નિવેદન

# 'જેમને જવું હોય તે જાય, હું જબરદસ્તીથી નહીં રોકું' : TMC નેતા મમતા બેનરજી

## આ સમીક્ષા બેઠક બાદ ટીએમસીના સત્તાવાર સોશિયલ મીડિયા હેન્ડલ 'X'પર નેતાઓની તસવીરો શેર કરવામાં આવી

નવી દિલ્હી

પશ્ચિમ બંગાળ વિધાનસભા ચૂંટણીમાં સત્તા ગુમાવ્યા બાદ અને વર્ષો પછી સૌથી મોટા રાજકીય ઝટકાનો સામનો કરી રહેલા તૃણમૂલ કોંગ્રેસ (TMC)ના સુપ્રીમો મમતા બેનરજી હવે સંગઠનને નવા સ્તરેથી બેઠું કરવાની કવાયતમાં લાગી ગયા છે. કોલકાતાના કાલીઘાટ સ્થિત પોતાના નિવાસસ્થાને મમતા બેનરજીએ ચૂંટણી લડનારા પક્ષના તમામ ઉમેદવારો સાથે એક મહત્ત્વની સમીક્ષા બેઠક યોજી હતી.

આ બેઠકમાં પાર્ટીના રાષ્ટ્રીય મહાસચિવ અભિષેક બેનરજી પણ હાજર રહ્યા હતા. હાર બાદ પાર્ટીમાં ચાલી રહેલા આંતરિક વિખવાદ અને



નેતાઓના પક્ષપલટાની અટકળો વચ્ચે મમતા બેનરજીએ સ્પષ્ટ કરી દીધું છે કે જેઓ પાર્ટી છોડવા માંગે છે, તેઓ જવા માટે સંપૂર્ણ આઝાદ છે.

પાર્ટીના સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, બેઠકમાં મમતા બેનરજીએ નેતાઓના પક્ષપલટાના અહેવાલો પર ખુલ્લીને વાત કરી હતી. તેમણે જણાવ્યું હતું કે, 'જે લોકો બીજી પાર્ટીઓમાં જઈ રહ્યા છે, તેમને જવા દો. હું સંગઠનને ફરીથી નવેસરથી ઊભું કરીશ. જે લોકો મારી સાથે રહી રહ્યા છે, તેમને મારી વિનંતી છે કે જે પણ પાર્ટી ઑફિસને નુકસાન થયું છે તેને ફરીથી સરખી કરો, તેના પર રંગ-રોગાન કરો અને તેને ફરીથી શરૂ કરો. જો જરૂર પડશે તો હું પોતે પણ એ ઑફિસને પેઈન્ટ કરીશ, પરંતુ તૃણમૂલ કોંગ્રેસ ક્યારેય ઝૂકશે નહીં.' આ અગાઉ 5 મેના રોજ ચૂંટણી પરિણામોના બીજા દિવસે પણ તેમણે આ જ વાતનું પુનરાવર્તન કર્યું હતું કે તેઓ કોઈને પણ પાર્ટીમાં જબરદસ્તીથી રોકી રાખવામાં વિશ્વાસ નથી ધરાવતા.

# પેટ્રોલની નિકાસ પર ₹3 વિન્ડફોલ ટેક્સ ઝીંકાયો

## નિકાસ કરવામાં આવતા ડીઝલ અને વિમાન ઈંધણ પરના શુલ્કમાં મોટો ઘટાડો કરવામાં આવ્યો

નવી દિલ્હી

કેન્દ્ર સરકારે પેટ્રોલની નિકાસ પર પ્રતિ લિટર 3ના દરે સ્પેશિયલ એડિશનલ એક્સાઈઝ ડ્યુટી (SAED) એટલે કે વિન્ડફોલ ટેક્સ લગાવી દીધો છે. જ્યારે બીજી તરફ, નિકાસ કરવામાં આવતા ડીઝલ અને વિમાન ઈંધણ (ATF) પરના શુલ્કમાં મોટો ઘટાડો કરવામાં આવ્યો છે. નાણા મંત્રાલય દ્વારા બહાર પાડવામાં આવેલી જાહેરનામા અનુસાર, આ નવી દરો આજથી એટલે કે 16 મે 2026થી અમલમાં આવી ગયા છે. નવા સુધારા મુજબ, ડીઝલ પરની સ્પેશિયલ એડિશનલ એક્સાઈઝ ડ્યુટી 23 પ્રતિ લિટરથી ઘટાડીને 16.5 કરવામાં આવી છે. જ્યારે એવિએશન ટર્બાઈન ફ્યુઅલ (ATF) પરની ડ્યુટી 33થી ઘટાડીને 16 પ્રતિ લિટર કરી દેવામાં આવી છે. આ ઉપરાંત પેટ્રોલ અને ડીઝલની નિકાસ પર રોડ એન્ડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર સેસને શૂન્ય રાખવામાં આવ્યો છે. ભારતના સામાન્ય ગ્રાહકો માટે રાહતના સમાચાર એ છે કે આ નિર્ણયની સ્થાનિક બજાર પર કોઈ નકારાત્મક અસર નહીં પડે. દેશમાં સ્થાનિક વપરાશ માટે વેચાતા પેટ્રોલ અને ડીઝલ પરની એક્સાઈઝ ડ્યુટીમાં કોઈ ફેરફાર કરાયો નથી. તેથી દેશની અંદર છૂટક કિંમતો વધશે નહીં અને સામાન્ય માણસનું બજેટ ખોરવાશે નહીં. નિષ્ણાતોના જણાવ્યા અનુસાર, પશ્ચિમ એશિયા (મિડલ ઈસ્ટ) સંકટના કારણે આંતરરાષ્ટ્રીય બજારમાં કાચા તેલ (ક્રૂડ ઓઈલ)ની કિંમતોમાં ભારે ઉછાળો આવ્યો છે. અમેરિકા અને ઈઝરાયલ દ્વારા ઈરાન પર કરાયેલી સૈન્ય કાર્યવાહી બાદ ક્રૂડ ઓઈલ $100 પ્રતિ બેરલને પાર થઈ ગયું છે, જે યુદ્ધ પહેલા $73ની આસપાસ હતું. સરકારનો ઉદ્દેશ્ય દેશમાં ઈંધણનો પૂરતો પુરવઠો જાળવી રાખવાનો અને નિકાસકારોને આંતરરાષ્ટ્રીય કિંમતોનો અયોગ્ય લાભ ઉઠાવતા રોકવાનો છે.

## તંત્રી લેખ...

# વડાપ્રધાનની સૂચનાઓની સામે પ્રતિસલાહકારી જારી

વડાપ્રધાન મોદીએ આંતરરાષ્ટ્રીય પરિદ્રશ્યના સંદર્ભમાં ભારતીય પ્રજાને કરકસરયુક્ત જીવનશૈલી અપનાવવા માટે અને કોરોના કાળની સ્વયંશિસ્તનું પાલન કરવા વિવિધ પ્રકારના સાત મુદ્દાઓની સલાહકારી જાહેર કરી છે. દેશના વડા તરીકે, સમગ્ર ભારતીય સમુદાયના મોભી તરીકે તેઓએ ચોક્કસ સમયને સમજવા માટેની જવાબદારી અદા કરી છે, પરંતુ તેમની આ સલાહકારી સોશિયલ મીડિયામાં બૂમરેંગ સાબિત થઈ છે અને લાખો લોકોએ વડાપ્રધાનની આ સૂચનાઓની સામે પ્રતિસલાહકારી જારી કરી છે. આને કારણે દેશના સોશિયલ મીડિયામાં ભારે ઊહાપોહ મચી ગયો છે, જાણે કે પ્રજા પાસે મોટો દારૂગોળાનો ભંડાર હતો અને એનડીએ સરકારે ચિનગારી ચાંપી! અને એક સાથે અનેક હુમલાઓ ચાલુ થયા.



લોકોએ સરેઆમ કહેવાનું ચાલુ કર્યું કે પહેલા તમારી મોટરકારોના કાફલા ઓછા કરો. અમે તો અમારા પૈસે ગોલ્ડ ખરીદીએ છીએ અને અમારા પૈસા મોટરકાર દોડાવીએ છીએ, પરંતુ તમે તો પ્રજાના પૈસા વિરાટ કાફલાઓ લઈને નીકળો છો. ટ્રાફિક જામ કરો છો. રેલીઓ માટે સરકારી બસો દોડાવો છો ને સંખ્યા બતાવવા બિચારા ગ્રામજનોને તોડાવો છો તો એ બધું પહેલા બંધ કરો. એમાં કાપ મૂકો. એને કારણે દેશના ઘણા ટોચના નેતાઓએ આ વિરોધી દાવાનળને ઠારવા તાત્કાલિક પોતાના કાફલાઓનો છેદ ઉડાડવો પડયો અને વડાપ્રધાને પોતાની માત્ર બે જ મોટર કારોના 'કાફલા' વાયરલ કરવા પડયા. ત્યારે આ ઉકળતા પાણી કંઈક શાંત થયા. કવિ દલપતરામે શૃગાલમુખમાં મુખમાં સુંદર અંતિમ કાવ્યપંક્તિ મૂકી છે - વાંકદેખા ઊંટને કહેવામાં આવે છે કે - અન્યનું તો એક વાંકું આપનાં અઢાર છે. સોશિયલ મીડિયામાં લોકોએ મોકો ઝડપીને સરકારી મશિનરીના દુરુપયોગ વિશે બેફામ લખ્યું છે. કોઈએ કહ્યું કે નામદાર, તમે તો કહેતા હતા કે કોંગ્રેસ આવશે તો તમારું મંગળસૂત્ર નહિ રહેવા દે, પણ હવે તો આપ ખુદ મંગળસૂત્ર ખરીદવાની ના કહો છો. કેમ આમ? વડાપ્રધાન મોદીએ જ્યારે આ સલાહ-સૂચનોની જાહેરાત કરી ત્યારે એને કલ્પના ન હતી કે લોકો તરફથી કડક પ્રતિક્રિયા આવશે. સોશિયલ મીડિયામાં જે ધમાલ મચી એથી દેશના તમામ રાજનેતાઓ રીતસર ડઘાઈ ગયા અને ચારેબાજુથી જેમ આગ બૂઝાવવા ફાયર ફાઈટરો દોડાવવા પડે એમ ઉપરાઉપરી જાહેરાતો થવા લાગી, જેમાં કોઈ કહે કે હું બસમાં મુસાફરી કરીશ ને કોઈ કહે કે હવે હું માત્ર મારી એક જ મોટરમાં જઈશ ને એમ સતત રિપેરિંગ ચાલુ થયુ. જ્યાં સુધી પાંચ રાજ્યોમાં ચૂંટણી હતી ત્યાં સુધી બધું બરાબર હતું, એમ? ૭૫ દિવસથી ચાલતા અખાતી યુદ્ધ અંગે ભારતને કોઈ મોટી તકલીફ ન હતી ને એકાએક જ કેન્દ્ર સરકાર ભાનમાં આવી, એમ? સોશિયલ મીડિયા કે જે મોદીના પ્રચાર ભંડારનું મુખ્ય વાજિંત્ર છે એ જ હવે આ કિસ્સામાં શઘછ સરકારની વિરુદ્ધ વાગે છે. સરકાર અતિશય વ્યાકુળ થઈ ગઈ છે.

**- ગ્રુપ એડિટર પવન માકન**

# ઉનાળામાં વધતા ડાયેરિયાના કેસ: લક્ષણોને અવગણશો નહીં

ઉનાળામાં તાપમાન વધવાની સાથે પેટ સંબંધિત સમસ્યાઓ વધી જાય છે. તેમાં સૌથી સામાન્ય સમસ્યા ડાયેરિયા છે. તેમાં વારંવાર ઝાડા થવાથી શરીરમાં પાણી અને જરૂરી ખનિજોની ભારે કમી થઈ જાય છે. તેનાથી ડિહાઈડ્રેશન, નબળાઈ અને ગંભીર સ્થિતિમાં હોસ્પિટલમાં દાખલ થવાનો વારો આવી શકે છે. બાળકોના કિસ્સામાં ડાયેરિયા વધુ ખતરનાક હોઈ શકે છે. નેશનલ લાઈબ્રેરી ઓફ મેડિસિનમાં પ્રકાશિત એક અભ્યાસ મુજબ, ભારતમાં દર વર્ષે ડાયેરિયાથી 1-6 વર્ષની ઉંમરના 1 લાખ 58 હજારથી વધુ બાળકોના મૃત્યુ થાય છે. ડાયેરિયા એક એવી સ્વાસ્થ્ય સ્થિતિ છે, જેમાં વ્યક્તિને દિવસમાં ઘણી વખત ઝાડા થાય છે. આ સામાન્ય રીતે બેક્ટેરિયા અથવા વાયરસના ચેપ, દૂષિત ખોરાક-પાણીના સેવન, સ્વચ્છતા જાળવી ન રાખવા અથવા ફૂડ પોઈઝનિંગને કારણે થાય છે. આ દરમિયાન શરીરમાંથી પાણી અને ઈલેક્ટ્રોલાઈટ (સોડિયમ અને પોટેશિયમ) ઝડપથી બહાર નીકળી જાય છે. આનાથી નબળાઈ, ચક્કર અને ડિહાઈડ્રેશનનું જોખમ વધી જાય છે. તાપમાન વધુ હોવાથી બેક્ટેરિયા અને વાયરસ ઝડપથી ફેલાય છે. તેનાથી ખાવા-પીવાની વસ્તુઓ ઝડપથી બગડી જાય છે. ખુલ્લામાં રાખેલું ખાવાનું, કાપેલા ફળો, દૂષિત પાણી અને સ્ટ્રીટ ફૂડ ચેપનું કારણ બને છે. ડાયેરિયાના લક્ષણો શરૂઆતમાં હળવા હોઈ શકે છે, પરંતુ સમયસર ધ્યાન ન આપવા પર ગંભીર બની શકે છે. બાળકોનું શરીર ઝડપથી ડિહાઈડ્રેટ થઈ જાય છે. વૃદ્ધોમાં રિકવરી પ્રક્રિયા ધીમી પડી જાય છે. નબળી રોગપ્રતિકારક શક્તિ ધરાવતા લોકોમાં ચેપ ઝડપથી ફેલાય છે. બહારનું ખાવાથી ફૂડ-બોર્ન ઈન્ફેક્શનનું જોખમ વધે છે. શરીરમાંથી પાણી અને જરૂરી ખનિજો (મિનરલ્સ) ઓછા થવાથી ડિહાઈડ્રેશનનું જોખમ વધી જાય છે. આને સમજવું જરૂરી છે-

ડિહાઈડ્રેશનનું જોખમ શા માટે વધે છે? વારંવાર ઝાડા થવાથી શરીરમાંથી પાણીની કમી થાય છે. સાથે જ ઈલેક્ટ્રોલાઈટ્સ (સોડિયમ, પોટેશિયમ) પણ નીકળી જાય છે. ઊલટી થવા પર ફ્લુઈડની કમી વધુ વધી જાય છે. ખરેખરમાં શરીરને જેટલું પાણી મળી રહ્યું હોય છે, તેના કરતાં વધુ નીકળી રહ્યું હોય છે. આ કેટલું ખતરનાક હોઈ શકે છે? બ્લડ પ્રેશર ઓછું થઈ શકે છે. કિડની સંબંધિત સમસ્યાઓ થઈ શકે છે. પેશાબની આવર્તન ઓછી અથવા બંધ થઈ શકે છે. હૃદયના ધબકારા ઝડપી અથવા અનિયમિત થઈ શકે છે. ચક્કર અથવા બેભાન અવસ્થા થઈ શકે છે. નાના બાળકો અને વૃદ્ધોમાં જીવલેણ હોઈ શકે છે. ક્યારે સ્થિતિ ગંભીર માનવામાં આવે છે? જો ખૂબ વધારે નબળાઈ કે સુસ્તી અનુભવાય. પેશાબની આવર્તન ઓછી કે બંધ થઈ જાય. જો આંખો અને ગાલ અંદર ધસી ગયેલા લાગે. વારંવાર ઊલટી થાય. તીવ્ર તાવ હોય. ઝાડા સાથે રક્તસ્ત્રાવ થાય. દર 10-15 મિનિટે થોડું-થોડું પ્રવાહી લો. ORS સૌથી અસરકારક ઉપાય છે. નારિયેળ પાણી અને છાશ પણ ફાયદાકારક છે. શુગરી ડ્રિંક્સ અને કેફીન ન લો. એકવારમાં ખૂબ વધારે પાણી પીવાને બદલે થોડી માત્રામાં પ્રવાહી લેવું વધુ સારું છે. હંમેશા ઉકાળેલું અથવા ફિલ્ટર કરેલું પાણી પીવો. સ્વચ્છતા જાળવી રાખો. ખાતા પહેલા અને શૌચાલય પછી સાબુથી હાથ ધોવા. કાપેલા ફળો અથવા ખુલ્લામાં રાખેલો ખોરાક ન ખાઓ. ભોજનને યોગ્ય તાપમાને સંગ્રહિત કરો. વાસી ખોરાક ન ખાઓ. બહાર મુસાફરી દરમિયાન ORS અને પાણીની બોટલ સાથે રાખો. નિયમિતપણે પાણી અને પ્રવાહી આપતા રહો. બહારનું કે વાસી ભોજન બિલકુલ ન આપો. ઘરનું તાજું અને હળવું ભોજન આપો. ડિહાઈડ્રેશનના શરૂઆતી સંકેતો પર તરત ધ્યાન આપો. વારંવાર ઉલટી કે નબળાઈ હોય તો ડોક્ટરને બતાવો.

# કડક કાયદો છતાં 'એનઈઈટી પેપર' ફૂટ્યું એ શરમજનક, 23 લાખ વિદ્યાર્થીઓના ભાવિ અધ્ધર

દેશભરની મેડિકલ કોલેજોમાં એમબીબીએસ સહિતના અંડર ગ્રેજ્યુએટ કોર્સીસ માટે લેવાતી નેશનલ એલિજિબિલિટી કમ એન્ટ્રન્સ એક્ઝામિનેશન (એનઈઈટી)નું પેપર ફરી એક વાર ફૂટી ગયું. ફરી એક વાર આ પરીક્ષા રદ થતાં પરીક્ષા આપનારા 23 લાખ વિદ્યાર્થીઓના ભાવિ સામે સવાલ ઉભો થઈ ગયો છે. નેશનલ ટેસ્ટિંગ એજન્સી (એનટીએ) એનઈઈટી લે છે. 2024માં પણ એનઈઈટીનું પેપર ફૂટી જતાં પરીક્ષા રદ કરીને નવેસરથી લેવી પડી હતી. બે વર્ષના ગાળામાં બીજી વાર પેપર ફૂટે એ ઢાંકણીમાં પાણી લઈને ડૂબી મરવા જેવું કહેવાય પણ એજન્સીએ નફ્ફટાઈથી જાહેર કર્યું છે કે, 3 મેએ રોજ યોજાયેલી એનઈઈટી 2026 પરીક્ષા રદ કરી દેવાઈ છે કેમ કે પેપર લીક થઈ ગયું હતું. આ વાત કેન્દ્ર સરકાર પાસે પહોંચાડાઈ તેથી કેન્દ્ર સરકારે પરીક્ષા રદ કરવાની મંજૂરી આપીને તપાસ સીબીઆઈને સોંપી દીધી છે. આઘાતજનત વાત એ છે કે, દેશના તેજસ્વી ગણાતા વિદ્યાર્થીઓના ભાવિ સાથે થયેલી આ ખતરનાક રમત અંગે સરકાર સાવ ચૂપ છે.

એજન્સીએ નવી પરીક્ષાની તારીખો ક્યાર લેવાશે તેનો ફોડ નથી પાડ્યો પણ એકદમ સરકારી રાહે સધિયારો આપી દીધો છે કે, નવેસરથી લેવાનારી પરીક્ષાનો કાર્યક્રમ ટૂંક સમયમાં સત્તાવાર વેબસાઈટ દ્વારા જાહેર કરવામાં આવશે. આ કાર્યક્રમ જાહેર થશે ત્યાં સુધી 23 લાખ વિદ્યાર્થી અધ્ધર જીવે રહેશે. જે વિદ્યાર્થીઓનાં પેપર સારાં ગયાં છે એ મેડિકલમાં એડમિશન મળશે એવાં સપનાં જોતા હતા પણ પરીક્ષા રદ થતાં તેમનાં સપનાં ચકનાચૂર થઈ ગયાં છે. હવે એ લોકોનું ભાવિ પણ અનિશ્ચિત થઈ ગયું છે. પરીક્ષા રદના નિર્ણયે આ વિદ્યાર્થીઓને વગર લેવેદેવે માનસિક તણાવની ભેટ આપી દીધી છે. કરે કોઈ ને ભરે કોઈ જેવી તેમની હાલત થઈ ગઈ છે. સીબીઆઈ તપાસમાં શું બહાર આવશે એ ખબર નથી પણ અત્યારે બહાર આપેલી વિગતો પ્રમાણે, એનઈઈટીનું પેપર બહુ પહેલાં જ લીક થઈ ગયું હતું અને તેનું પગેરું રાજસ્થાનના સીકર સુધી પહોંચે છે. સીકરમાં ઘણા વિદ્યાર્થીઓને બહુ પહેલાં જ હાથે લખેલું પેપર મળી ગયું હતું. એનઈઈટી કુલ 720 માર્ક્સની હોય છે અને તેમાંથી 600 માર્કના પ્રશ્નો અસલ પરીક્ષા સાથે મેચ થયા છે. વિદ્યાર્થીઓ સુધી જે 'ક્વેશ્ચન બેંક' પહોંચી તેમાં ફિઝિક્સ, કેમેસ્ટ્રી અને બાયોલોજીના 300થી વધુ પ્રશ્નો હતા. એક જ વ્યક્તિ દ્વારા હાથથી લખાયેલા આ પ્રશ્નોમાંથી 150 પ્રશ્નો એનઈઈટી યુજી2026ના પેપરમાં યથાવત્ આવ્યા છે. એવું કહેવાય છે કે, કેરળની એક કોલેજમાં એમબીબીએસ કરી રહેલા વિદ્યાર્થીએ એક મેએ સીકરમાં પોતાના એક મિત્રને મોકલી આપ્યું હતું. આ મિત્રે સીકરના એક પીજી સંચાલકને આ પેપર વેચી માર્યું ને તેને પોતાના ત્યાં રહેતા વિદ્યાર્થીઓને આપીને રોકડી કરી લીધી. વિદ્યાર્થીઓએ પોતે કરેલો ખર્ચ વસૂલવા માટે બીજાને પેપર વેચ્યાં ને એ રીતે હજારો વિદ્યાર્થીઓ સુધી પેપર પહોંચી ગયાં. પીજી સંચાલકને આટલું બધું ચિતરાઈ જશે એવી કલ્પના નહીં હોય તેથી આ બધું જોઈને તેની ફેં ફાટી ગઈ એટલે તેણે રાજસ્થાનના સ્પેશ્યલ ઓપરેશન ગ્રૂપને જાણ કરી દીધી કે, પોતાને એક 'ક્વેશ્ચન બેંક' મળી હતી કે જેણે કેટલાક વિદ્યાર્થીઓ અને કરિયર કાઉન્સિલર્સ ને મોકલી હતી. સંચાલકનો દાવો છે કે, એ વખતે તેને ખબર નહોતી કે, ખરેખર




'ક્વેશ્ચન બેંક' નહીં પણ પેપર જ છે પણ પરીક્ષા પત્યા પછી પેપર લીક થયું હોવાની ખબર પડતાં જાણ કરી દીધી. સંચાલકે લેખિતમાં અરજી આપેલી તેથી એસઓજીનો કાર્યવાહી કર્યા વિના છૂટકો નહોતો. એસઓજીએ ઘોડા છૂટે પછી તબેલાને તાળાં મારવાનો ધંધો શરૂ કરીને દરોડા પાડીને દેહરાદૂન, સીકર અને ઝુંઝુનૂ વગેરે ઠેકાણે દરોડા પાડીને 13 શંકાસ્પદ વ્યક્તિઓને જેલભેગા કર્યા છે. સીકરની એક કોચિંગ ઈન્સ્ટિટ્યૂટ સાથે સંકળાયેલા કરિયર કાઉન્સિલર સિવાય કેટલાક વિદ્યાર્થીને પણ અંદર કરાયા છે. તમામ શંકાસ્પદોની સોશ્યલ મીડિયા ચેટ્સ અને કોલ લોગ્સ તપાસવામાં આવી રહ્યા છે કે જેથી અસલી ખેલાડી કોણ છે તેની ખબર પડે. હવે સીબીઆઈને તપાસ સોંપાઈ છે તેથી સીબીઆઈ માસ્ટરમાઈન્ડ સુધી પહોંચવા પ્રયત્ન કરશે. સીબીઆઈનો રેકોર્ડ મોટા લોકોની દલાલી કરવાનો છે તેથી આ કેસમાં કોઈ મોટું માથું પકડાય એવી આશા રાખવા જેવી નથી. સીબીઆઈ નાની નાની માછલીઓને પકડીને આ કેસ ઉકેલ્યાનો સંતોષ માનશે. સીબીઆઈ શું ઉકાળે છે તેની ખબર આપણને સમય આવ્યે પડશે જ પણ આ પેપર લીક એ વાતનો પુરાવો છે કે, આ દેશમાં પોપાબાઈનું રાજ ચાલે છે ને દેશના તેજસ્વી યુવાધનની કોઈને પરવા જ નથી. એનઈઈટી આપનારા બારમા ધોરણમાં ભણનારા હોંશિયાર વિદ્યાર્થીઓ હોય છે ને દેશના ભાવિ ડોક્ટરો છે. અત્યારથી તેમને તણાવ મળે કે એ લોકો અધ્ધર જીવે રહે તો તેમને આ દેશની સિસ્ટમમાં કઈ રીતે વિશ્વાસ રહેશે ? આ મહત્ત્વના મુદ્દા વિશે વિચારવાની કોઈને ચિંતા જ નથી. વધારે શરમજનક વાત એ છે કે, આ દેશમાં પેપર લીક રોકવા માટે કાયદો અસ્તિત્વમાં છે પણ અપરાધીઓને તેનો ડર જ નથી. 2024માં નીટ અને યુજીસી-નેટનાં પેપર ફૂટ્યાં પછી નરેન્દ્ર મોદી સરકારે તાત્કાલિક રીતે પબ્લિક એક્ઝામિનેશન (પ્રિવેન્શન ઓફ અનફેર મીન્સ) એક્ટ 2024 લાગુ કર્યો હતો અને પાછલી અસરથી એટલે કે 21 જૂન, 2024થી તેનો અમલ પણ શરૂ કરી દીધો હતો.

2024ના ફેબ્રુઆરીમાં સંસદ દ્વારા પસાર કરવામાં આવેલા આ કાયદાનો ઉદ્દેશ દેશભરમાં યોજાતી સ્પર્ધાત્મક અને સામાન્ય પ્રવેશ પરીક્ષાઓમાં છેતરપિંડી અટકાવવાનો છે. આ કાયદા હેઠળ સરકારી નોકરીઓની ભરતી માટેની પરીક્ષાઓમાં છેતરપિંડી બદલ ઓછામાં ઓછી 3 થી 5 વર્ષની જેલની સજા અને 10 લાખ રૂપિયાનો દંડ કરવાની જોગવાઈ છે. ગેંગ બનાવીને પેપર લીક કરાશે તો તેને ઓર્ગેનાઈઝ્ડ ક્રાઈમ ગણીને ગેંગમાં સામેલ લોકોને 5 થી 10 વર્ષની જેલ અને એક કરોડ રૂપિયાનો દંડ કરવાની પણ જોગવાઈ છે. ઓર્ગેનાઈઝ્ડ ક્રાઈમ બદલ ઓછામાં ઓછાં પાંચ વર્ષની કેદની સજાની જોગવાઈ પરીક્ષાનું સંચાલન કરતી સંસ્થા, સેવા પૂરી પાડનાર અથવા અન્ય રીતે સામેલ સંસ્થા કે કંપનીઓને પણ આ જોગવાઈ લાગુ પડે છે. આ કાયદામાં મિલકત જપ્ત કરવાની પણ જોગવાઈ છે. ઓર્ગેનાઈઝ્ડ ક્રાઈમમાં સામેલ આરોપીઓની સંસ્થા કે કંપનીઓની મિલકતો જપ્ત કરવાની પણ કાયદામાં જોગવાઈ છે. પરીક્ષાનો ખર્ચ પણ તે સંસ્થા પાસેથી વસૂલવાની પણ જોગવાઈ છે. આ રકમ એક કરોડ રૂપિયાના ઓછામાં ઓછા દંડ સિવાયની હશે. આ કાયદા છતાં પેપર લીક થયું તેનો મતલબ શું ? પેપર લીક કરનારાએ સરકારને સીધો પડકાર જ ફેંક્યો છે કે તમારાથી થાય એ તોડી લો, અમે તો પેપર ફોડવાના જ. હવે સરકારે તેમને પાઠ ભણાવીને દાખલો બેસાડવાનો છે કે, પેપર ફોડીને વિદ્યાર્થીઓના ભાવિ સાથે ચેડાં કરીને તમે નહીં બચી શકો.

# દક્ષિણ ચીની સમુદ્રમાં ચીનને ટક્કર આપવા હવે જાપાન અને ફિલિપાઈન્સ મેદાનમાં

**ફિલિપાઈન્સ એટલે ૭૬૪૧ ટાપુઓથી બનેલો દેશ. જ્યારે એ અલગ દેશ ન હતો ત્યારે સદીઓ પહેલાં એના ટાપુઓનો ઉપયોગ વેપારી જહાજોને વિરામ આપવા માટે થતો હતો. પ્રશાંત મહાસાગરમાંથી પસાર થતાં વેપારીઓ, લશ્કરી જહાજો ફિલિપાઈન્સના ટાપુઓમાં રોકાતા. રસપ્રદ બાબત એ છે કે આ ટાપુઓ તે સમયે સંયુક્ત દેશ ગણાતા ન હતા. વેપારીઓએ એના જુદાં જુદાં નામો આપ્યાં હતાં. સ્થાનિક આદિવાસીઓએ પણ પોતપોતાની રીતે ટાપુઓનાં નામો આપ્યા હતા. બધા ટાપુઓનું કોઈ એક સંયુક્ત નામ ન હતું.**

ફિલિપાઈન્સ એટલે ૭૬૪૧ ટાપુઓથી બનેલો દેશ. જ્યારે એ અલગ દેશ ન હતો ત્યારે સદીઓ પહેલાં એના ટાપુઓનો ઉપયોગ વેપારી જહાજોને વિરામ આપવા માટે થતો હતો. પ્રશાંત મહાસાગરમાંથી પસાર થતાં વેપારીઓ, લશ્કરી જહાજો ફિલિપાઈન્સના ટાપુઓમાં રોકાતા. રસપ્રદ બાબત એ છે કે આ ટાપુઓ તે સમયે સંયુક્ત દેશ ગણાતા ન હતા. વેપારીઓએ એના જુદાં જુદાં નામો આપ્યાં હતાં. સ્થાનિક આદિવાસીઓએ પણ પોતપોતાની રીતે ટાપુઓનાં નામો આપ્યા હતા. બધા ટાપુઓનું કોઈ એક સંયુક્ત નામ ન હતું. તે સમયે આ ટાપુઓ લુઝોન, વિસાયાસ અને મિન્ડાનાઓ એવાં ત્રણ નામે ઓળખાતા હતા. ૧૪મી, ૧૫મી સદીમાં આ ટાપુઓમાં ભારત, ચીન અને જાપાનના વેપારીઓ વેપાર કરવા આવતા હતા. તે વખતે ટાપુઓમાં આદિવાસીઓનાં જૂથો રહેતાં હતાં. પેસિફિક સમુદ્રમાં જેને 'રિંગ ઓફ ફાયર' કહેવાય છે એ ભૂ-ભાગમાં આવેલા આ દેશમાં વારંવાર ભૂકંપો આવે છે. વારંવાર વાવાઝોડાં અને સુનામીનો ભય હોવાથી એટલી વસતિ ટાપુઓમાં રહેતી ન હતી. ફિલિપાઈન્સમાં એ ગાળામાં ભારત-ચીન-જાપાનના કલ્ચરનો પ્રભાવ પણ પડયો હતો ને એ જ અરસામાં અમુક ટાપુમાં ઈસ્લામ ધર્મ પણ પ્રવેશ્યો હતો. ૧૬મી સદીમાં સ્પેનિશ વેપારીઓ આ ટાપુઓ પર આવ્યા અને થોડા સમયમાં તેમણે આ ટાપુઓ પર દાવો કર્યો. આદિવાસીઓ સાથે યુદ્ધ કરીને તેમણે ટાપુ કબજે કરી લીધો અને એ રીતે ફિલિપાઈન્સમાં સ્પેનિશ શાસન સ્થપાયું હતું. તે વખતના સ્પેનના રાજાનું નામ હતું ફિલિપ. રાજાના નામ પરથી આ ટાપુઓનું નામ પડયું - ફિલિપાઈન્સ. આ ફિલિપાઈન્સમાં મૂળ નિવાસીઓ ઉપરાંત સ્પેનિશ નાગરિકો રહેવા લાગ્યા. જાપાન અને ચીની મૂળના લોકોએ પણ ત્યાં વસવાટ શરૂ કર્યો. ફિલિપાઈન્સ ૩૦૦ વર્ષ સુધી સ્પેનના તાબામાં રહ્યા બાદ એનો કબજો અમેરિકાએ લીધો. ફિલિપાઈન્સમાં ૧૯મી સદીના અંતે આઝાદી માટે આંદોલન શરૂ થયું. સ્વતંત્રતાની લડાઈ માટે તલવારો સહિતના હથિયારો જાપાન આપતું હતું. જાપાનના લશ્કરી અધિકારીઓએ ફિલિપાઈન્સના નાગરિકોના સલાહકારની ભૂમિકા ભજવી હતી. અમેરિકાએ સ્થાનિક નાગરિકોને રાજ્યસત્તા આપી એ પછી ૧૯મી સદીના છેલ્લા દશકામાં જાપાન-ફિલિપાઈન્સ વચ્ચે વેપાર વધ્યો. જાપાનના લોકો ફિલિપાઈન્સમાં આવીને રહેવા લાગ્યા અને રોકાણ કરવા લાગ્યા. ખાસ તો શણની ખેતીમાં જાપાની નાગરિકોનું રોકાણ વધતું જતું એટલે ફિલિપાઈન્સ-જાપાનના દ્વિપક્ષીય સંબંધો મજબૂત બન્યા હતા. બીજા વિશ્વયુદ્ધ વખતે ફિલિપાઈન્સ અમેરિકાના અંકુશમાં હતું એટલે જાપાને ફિલિપાઈન્સ પર આક્રમણ કર્યું. અમેરિકા અને ફિલિપાઈન્સના હજારો સૈનિકોનાં આ યુદ્ધમાં મોત થયા. વિશ્વયુદ્ધમાં જાપાનને ફિલિપાઈન્સના ટાપુઓ પર વ્યૂહાત્મક કબજો મેળવવો હતો એટલે આ હુમલો થયો હતો. જાપાને ફિલિપાઈન્સ પર કબજો મેળવીને એના પર નિયંત્રણ મેળવ્યું. તેનાથી ફિલિપાઈન્સ-જાપાના સંબંધો તંગ બન્યા. અમેરિકાએ ૧૯૪૬માં ફિલિપાઈન્સને આઝાદી આપી. જાપાનનો વિશ્વયુદ્ધમાં પરાજય થયો. એ



પછીના વર્ષોમાં બંને દેશો વચ્ચે દ્વિપક્ષીય સંબંધો ન સ્થપાયા. વિશ્વયુદ્ધ બાદ બંનેના સંબંધો સુધારવા અમેરિકાએ મધ્યસ્થી કરી. જાપાને યુદ્ધમાં ફિલિપાઈન્સને થયેલા નુકસાન બદલ વળતર આપ્યું અને ફિલિપાઈન્સમાં વિકાસલક્ષી કાર્યો શરૂ થાય તે માટે લોન પણ આપી. એ પછી બંને દેશોના રાજદ્વારી સંબંધો સ્થપાયા, સ્થિર થયા ને વર્ષોવર્ષ મજબૂત બન્યા. છેલ્લાં ૩૦-૩૫ વર્ષથી દક્ષિણ ચીની સમુદ્રમાં ચીનની અવળચંડાઈ સતત વધી છે. દક્ષિણ ચીની સમુદ્રના કાંઠે આવેલા બધા દેશોને ચીન પજવે છે. આખાય દક્ષિણ ચીની સમુદ્ર પર ચીન દાવો કરે છે અને વારંવાર ફ્રી નેવિગેશનના નામે દરિયાકાંઠાના દેશોના સ્પેશિયલ ઈકોનોમિક ઝોનમાં ઘૂસીને દાદાગીરી કરે છે. જે દેશોની નૌસેનાને કે કોસ્ટગાર્ડને અવારનવાર ચીન સાથે ઘર્ષણમાં ઉતરવું પડે છે એમાંનો એક દેશ છે ફિલિપાઈન્સ. ચીની કોસ્ટ ગાર્ડ્સ અને ફિલિપાઈન્સ કોસ્ટ ગાર્ડ્સ વચ્ચે મધદરિયે વોટર વૉર જામી પડે છે. દક્ષિણ ચીની સમુદ્રમાં નાઈન ડેશ લાઈન નામના વિસ્તારમાં ચીન દાવો કરે છે, ફિલિપાઈન્સ તેનો શરૂઆતથી જ વિરોધ કરે છે અને એ મુદ્દે બંને દેશો આંતરરાષ્ટ્રીય કોર્ટમાં પણ પહોંચી ચૂક્યા છે. કોર્ટે ફિલિપાઈન્સની તરફેણમાં ચુકાદો આપ્યો હતો તે છતાં ચીન એમાં દાવો કરતું રહે છે. જાપાન અને ચીનને તો સદીઓ જૂની દુશ્મનાવટ છે. જાપાનના ટાપુઓ પર પણ ચીન દાવો કરે છે. ખાસ તો સેનકાકુ ટાપુનો વિવાદ વારંવાર સપાટી પર આવતો રહે છે. વિશ્વયુદ્ધ પહેલાં જ્યારે જાપાની સૈન્યનો દબદબો હતો ત્યારે એ ચીનને એકથી વધુ વખત હરાવી ચૂક્યું છે ને વળી જાપાન-અમેરિકા વચ્ચે થયેલા લશ્કરી કરારો પ્રમાણે જાપાનને અમેરિકાનું સમર્થન મળે છે. એ કારણે દક્ષિણ ચીની સમુદ્રમાં ચીનને રોકવા માટે ચીનના વિરોધી દેશો જાપાન સાથે મજબૂત સંબંધો રાખે છે. દક્ષિણ ચીની સમુદ્રમાં ચીનનો પગપેસારો ઘટાડવા માટે ઘણા દેશો સંગઠિત થઈ રહ્યા છે. ચીન સામે એક થઈ રહેલાં એવા જ બે દેશો છે - જાપાન અને ફિલિપાઈન્સ. બંને વચ્ચે આર્થિક અને સંરક્ષણ સંબંધો સતત મજબૂત થઈ રહ્યા છે. ફિલિપાઈન્સના ઓટોમોબાઈલ, ઈલેક્ટ્રોનિક્સ અને મેન્યુફેક્ચરિંગ ક્ષેત્રમાં સૌથી વધુ રોકાણ જાપાનની કંપનીઓનું છે. ૨૦૦૮માં જાપાન-ફિલિપાઈન્સ ઈકોનોમિક પાર્ટનરશિપ એગ્રીમેન્ટ થયો હતો ત્યારથી મુક્ત વેપારને ઉત્તેજન મળ્યું છે. ફિલિપાઈન્સ જે દેશો પાસેથી સર્વાધિક આયાત કરે છે એમાં જાપાન ત્રીજા ક્રમે છે. ૨૦૧૧માં બંને દેશોએ વ્યૂહાત્મક ભાગીદારી જાહેર કરી હતી ત્યારથી સંરક્ષણ ક્ષેત્રે પણ વેગ મળ્યો હતો. ને હવે બંને દેશોના સંબંધોએ ગીઅર બદલ્યો છે. વિશ્વયુદ્ધ પછી પહેલી વખત જાપાનનું લશ્કર જૂના રંગમાં આવી રહ્યું છે. જાપાનમાં ગયા વર્ષે સત્તા પરિવર્તન થયું. જાપાનમાં પ્રખર રાષ્ટ્રવાદના મોજે સવાર થઈને સત્તામાં આવેલા પ્રથમ મહિલા વડાપ્રધાન સનાઈ તાકાઈચીએ લશ્કરને મજબૂત બનાવવાની પૉલિસી લાગુ પાડી છે અને ચીન સામે આક્રમક વલણ બતાવ્યું છે. જાપાની સરકારની બદલાયેલી ડિફેન્સ પૉલિસીનો પડઘો તાજેતરમાં પડયો. ૮૦ વર્ષમાં પહેલી વખત જાપાનના લશ્કરે બીજા કોઈ દેશમાંથી મિસાઈલ છોડવાનું પરીક્ષણ કર્યું. એ દેશ હતો ફિલિપાઈન્સ. જાપાન, ફિલિપાઈન્સ, અમેરિકા અને ઓસ્ટ્રેલિયાના સંયુક્ત લશ્કરે ફિલિપાઈન્સમાં કવાયત કરી હતી. એમાં જાપાનના લશ્કરે મિસાઈલ છોડીને એક જૂના યુદ્ધજહાજને તોડી પાડવાનું પરીક્ષણ કર્યું ને તેનાથી ચીન બરાબર અકળાયું. ચીને આ સંયુક્ત લશ્કરી કવાયતને ઉશ્કેરણીજનક પગલું ગણાવ્યું, પરંતુ જાપાને સ્પષ્ટ શબ્દોમાં કહી દીધું કે આ અમારા સાર્વભૌમત્વના રક્ષણ માટે થયેલું પરીક્ષણ હતું. ફિલિપાઈન્સમાં લશ્કરી કવાયત કરી એટલાથી વાત પૂરી થઈ ગઈ નથી. જાપાન-ફિલિપાઈન્સ વચ્ચે ઐતિહાસિક ડિફેન્સ કરારો થયા છે. જાપાન હવે ફિલિપાઈન્સને હથિયારો આપશે. બંદૂકોથી લઈને લશ્કરી વિમાનો અને તોપો આપવા માટે જાપાને તૈયારી બતાવી છે. નવી ડિફેન્સ ટેકનોલોજી જાપાન ફિલિપાઈન્સ સાથે શેર કરશે. જાપાને ફિલિપાઈન્સને દરિયાઈ સુરક્ષા માટે પેટ્રોલિંગ બોટ અને રડાર સિસ્ટમ આપી હતી.

જાપાનની વધેલી લશ્કરી સક્રિયતા અને ફિલિપાઈન્સ સાથે થયેલા ડિફેન્સ કરારોથી દક્ષિણ ચીની સમુદ્રમાં સમીકરણો બદલાશે. આ ફિલિપાઈન્સમાં મૂળ નિવાસીઓ ઉપરાંત સ્પેનિશ નાગરિકો રહેવા લાગ્યા. જાપાન અને ચીની મૂળના લોકોએ પણ ત્યાં વસવાટ શરૂ કર્યો. ફિલિપાઈન્સ ૩૦૦ વર્ષ સુધી સ્પેનના તાબામાં રહ્યા બાદ એનો કબજો અમેરિકાએ લીધો. ફિલિપાઈન્સમાં ૧૯મી સદીના અંતે આઝાદી માટે આંદોલન શરૂ થયું. સ્વતંત્રતાની લડાઈ માટે તલવારો સહિતના હથિયારો જાપાન આપતું હતું. જાપાનના લશ્કરી અધિકારીઓએ ફિલિપાઈન્સના નાગરિકોના સલાહકારની ભૂમિકા ભજવી હતી. અમેરિકાએ સ્થાનિક નાગરિકોને રાજ્યસત્તા આપી એ પછી ૧૯મી સદીના છેલ્લા દશકામાં જાપાન-ફિલિપાઈન્સ વચ્ચે વેપાર વધ્યો. જાપાનના લોકો ફિલિપાઈન્સમાં આવીને રહેવા લાગ્યા અને રોકાણ કરવા લાગ્યા. ખાસ તો શણની ખેતીમાં જાપાની નાગરિકોનું રોકાણ વધતું જતું એટલે ફિલિપાઈન્સ-જાપાનના દ્વિપક્ષીય સંબંધો મજબૂત બન્યા હતા. બીજા વિશ્વયુદ્ધ વખતે ફિલિપાઈન્સ અમેરિકાના અંકુશમાં હતું એટલે જાપાને ફિલિપાઈન્સ પર આક્રમણ કર્યું. અમેરિકા અને ફિલિપાઈન્સના હજારો સૈનિકોનાં આ યુદ્ધમાં મોત થયા. વિશ્વયુદ્ધમાં જાપાનને ફિલિપાઈન્સના ટાપુઓ પર વ્યૂહાત્મક કબજો મેળવવો હતો એટલે આ હુમલો થયો હતો. જાપાને ફિલિપાઈન્સ પર કબજો મેળવીને એના પર નિયંત્રણ મેળવ્યું. તેનાથી ફિલિપાઈન્સ-જાપાના સંબંધો તંગ બન્યા. અમેરિકાએ ૧૯૪૬માં ફિલિપાઈન્સને આઝાદી આપી. જાપાનનો વિશ્વયુદ્ધમાં પરાજય થયો.

પાક્કો ગુજરાત

રવિવાર | 17 મે 2026 | અમદાવાદ

### થરાદમાં આઝાદ ફિલ્ડ પત્રકાર એસોસિએશનની અનોખી સેવા

# થરાદમાં આઝાદ ફિલ્ડ પત્રકાર એસોસિએશન દ્વારા છાસ વિતરણ

**થરાદ**

વાવ-થરાદ જિલ્લાના થરાદ શહેરમાં ઉનાળાની આકરા ગરમી વચ્ચે આઝાદ ફિલ્ડ પત્રકાર એસોસિએશન ગ્રુપ દ્વારા માનવસેવાનું અનોખું ઉદાહરણ પૂરું પાડતો ઠંડી છાસ વિતરણ કાર્યક્રમ યોજાયો હતો. કાળઝાળ ગરમીમાં રાહદારીઓ, વાહનચાલકો, મજૂર વર્ગ તેમજ સ્થાનિક નાગરિકોને રાહત મળે તે હેતુસર આયોજિત આ સેવાકીય કાર્યક્રમમાં મોટી સંખ્યામાં લોકોએ લાભ લીધો હતો.

મળતી માહિતી મુજબ કાર્યક્રમ દરમિયાન અંદાજે 2000 થી વધુ લોકોને ઠંડી છાસનું વિતરણ કરવામાં આવ્યું હતું. ગરમીથી ત્રસ્ત લોકો માટે આ આયોજન આશીર્વાદરૂપ બન્યું હતું. શહેરના વિવિધ વિસ્તારોમાંથી લોકો કાર્યક્રમ સ્થળે પહોંચી ઠંડી છાસનો લાભ લઈ રાહત અનુભવી હતી. આ સમગ્ર આયોજન આઝાદ ફિલ્ડ પત્રકાર એસોસિએશન ગ્રુપ વાવ-થરાદના પ્રમુખ હાર્દિકસિંહ રાજપુતના માર્ગદર્શન હેઠળ યોજાયું હતું. કાર્યક્રમને સફળ બનાવવા માટે કાળુભાઈ પટેલ, દશરથભાઈ આચાર્ય તેમજ કિસાન ધારા ડેરી દ્વારા મહત્વપૂર્ણ સહયોગ આપવામાં આવ્યો હતો. છાસની વ્યવસ્થા થી લઈને વિતરણ સુધીની તમામ કામગીરી સેવા ભાવના સાથે પૂર્ણ કરવામાં આવી હતી.

કાર્યક્રમ દરમિયાન આઝાદ ફિલ્ડ પત્રકાર એસોસિએશનના તમામ સભ્યોએ એકતા અને ટીમવર્ક સાથે સુંદર આયોજન કરી સમાજસેવાનો ઉત્તમ સંદેશ આપ્યો હતો.

ગરમીમાં લોકો સુધી ઠંડી છાસ પહોંચાડવા માટે સભ્યો સતત સેવા કાર્યમાં જોડાયેલા રહ્યા હતા.

સ્થાનિક લોકોએ પણ આ સેવાકીય પ્રવૃત્તિને બિરદાવી હતી અને આવી માનવતાભરી કામગીરી સમાજ માટે પ્રેરણારૂપ હોવાનું જણાવ્યું હતું. ઉનાળાની કઠિન પરિસ્થિતિમાં કરવામાં આવેલ આ આયોજન સમાજસેવા અને માનવતાનો સુંદર સંદેશ આપતું બન્યું હતું.



### મંદિરોમાં ભક્તોની ભારે ભીડ, પૂજન-અર્ચન અને મહાપ્રસાદનું આયોજન

# ભરૂચ શહેરમાં શનિ જયંતી પર્વની શ્રદ્ધાભેર ઉજવણી

**ભરૂચ**

ભરૂચ શહેરમાં શનિ જયંતી પર્વની શ્રદ્ધા, આસ્થા અને ભક્તિભાવ સાથે ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. પર્વ નિમિત્તે શહેરના વિવિધ શનિદેવ મંદિરોમાં વહેલી સવારથી જ દર્શનાર્થે ભક્તોની લાંબી કતારો જોવા મળી હતી. શ્રદ્ધાળુઓએ શનિદેવના દર્શન કરી તેલાભિષેક, પૂજન-અર્ચન તેમજ હવનવિધિમાં ભાગ લઈ ધન્યતા અનુભવી હતી. શનિ જયંતીને અનુલક્ષીને શહેરના મંદિરોને આકર્ષક રોશની અને રંગબેરંગી ફૂલોથી ભવ્ય રીતે શણગારવામાં આવ્યા હતા. મંદિરોમાં સતત ચાલતા ભજન-કીર્તન, શનિ સ્તોત્ર પાઠ અને ધાર્મિક ગાનથી સમગ્ર વાતાવરણ ભક્તિમય બની ગયું હતું. મહિલાઓ, યુવાનો અને વડીલો સહિત મોટી સંખ્યામાં નગરજનોએ મંદિરોમાં હાજરી આપી પરિવારની



સુખાકારી, શાંતિ અને સમૃદ્ધિ માટે પ્રાર્થના કરી હતી.

ભક્તોની ભારે અવરજવરને ધ્યાનમાં રાખીને મંદિર પ્રશાસન તથા સ્વયંસેવકો દ્વારા ચુસ્ત વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી. દર્શનાર્થીઓ માટે સુવ્યવસ્થિત લાઈનો, પીવાના પાણી સહિતની જરૂરી સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી હતી, જેથી કોઈ અનિચ્છનીય બનાવ ન બને. કેટલાક મુખ્ય મંદિરોમાં મહાપ્રસાદ વિતરણ તેમજ વિશેષ ધાર્મિક કાર્યક્રમોનું પણ આયોજન કરવામાં આવ્યું હતું.

### સાંસદ અને બા બન્ને ધારાસભ્યો રોડ, રસ્તા અને પાણી પ્રશ્ને અધિકારીઑ પર વરસ્યા

# રાજપીપળા ખાતે કલેકટરે હોદ્દાનો ચાર્જ સંભાળતા રાજપીપળા સંકલનની પહેલીજ બેઠક તોફાની બની

**દાહોદ**

ખેડૂતો દેશની આર્થિક અને સામાજિક પ્રગતિનો આધારસ્તંભ માનવામાં આવે છે. ખેડૂતો વધુ સમૃદ્ધ, આત્મનિર્ભર અને વૈજ્ઞાનિક અભિગમ સાથે ખેતી તરફ આગળ વધે તે હેતુથી ઝાલોદ સ્થિત વસંત મસાલા પરિવાર દ્વારા સતત ખેડૂત સશક્તિકરણ માટે વિવિધ કાર્યક્રમો યોજવામાં આવે છે. CSR અંતર્ગત હાથ ધરાતી આ પહેલનો મુખ્ય હેતુ નાના અને મધ્યમ ખેડૂતોને આધુનિક, ઓછી ખર્ચાળ અને ટકાઉ ખેતી પદ્ધતિઓ સાથે જોડવાનો છે. તાજેતરમાં ઝાલોદ ખાતે બ્રહ્માકુમારીઝ વિશ્વ વિદ્યાલયમાં વસંત મસાલા પરિવાર દ્વારા "ફાર્મ બ્રિજ સોશિયલ સપોર્ટ ફાઉન્ડેશન"ના સહયોગથી વિશાળ ખેડૂત સેમિનાર યોજાયો હતો, જેમાં આશરે 100 જેટલા ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમ દરમિયાન ખેડૂતોને પ્રાકૃતિક ખેતી, ઓછા ખર્ચે વધુ ઉત્પાદન અને પાણી બચત જેવી



આધુનિક પદ્ધતિઓ અંગે વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

કાર્યક્રમમાં ખેડૂતોને યથાર્થ હાઈડ્રોજેલ ટેક્નોલોજી દ્વારા પાણી બચત, જળ સંરક્ષણ અને પાક સુરક્ષા અંગે માહિતી આપવામાં આવી હતી. ઉપરાંત બાયોકલ્ચર ટેક્નોલોજીના ઉપયોગથી રાસાયણિક ખાતર અને જીવાતનાશક દવાઓના ખર્ચમાં ઘટાડો કરી જમીનની ઉર્વરક શક્તિ વધારવા અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

હવામાન પરિવર્તન સામે પાકને સુરક્ષિત રાખવા, પાક પરિવર્તન તથા કેશ ક્રોપ વિશે પણ ખેડૂતોને ઉપયોગી માહિતી આપવામાં આવી હતી. પ્રાકૃતિક ખેતી માટે નિંદામણ નિયંત્રણમાં લો-કોસ્ટ ટેક્નોલોજી અને મજૂરી બચત પદ્ધતિઓ સમજાવવામાં આવી, જેના કારણે ત્રણ કલાકનું કામ હવે એક કલાકમાં શક્ય બને તેવી માહિતી આપવામાં આવી હતી. સેમિનારમાં ફાર્મ બ્રિજના ડાયરેક્ટર રાજેશ દવે અને CEO મહર્ષિ દવે દ્વારા ખેડૂતોને ઓછી જમીન, ઓછા પાણી અને ઓછા ખર્ચે વધુ ફળદ્રુપ તથા આરોગ્યપ્રદ ખેતી કેવી રીતે કરી શકાય તે અંગે સંપૂર્ણ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. માઈક્રોરાઈઝા યુક્ત બાયો-કમ્પોસ્ટ દ્વારા પાક સુરક્ષા, ગુણવત્તા વધારો અને ફંગસથી રક્ષણ અંગે પણ માહિતી આપવામાં આવી હતી.

### નશાકારક વેચાણ, હેરાફેરી સામે કુતિયાણા પોલીસ મેદાને

# ચૌટા ચેક પોસ્ટ પરથી મીઠાપુર અને ઉપલેટાના બે ઈસમો પ્રતીબંધિત ગોગો સ્ટીક સાથે ઝડપાયા

**ગોસા (ઘેડ)**

પોરબંદર શહેરમાં જિલ્લામાં પોલીસ દ્વારા ગોગો પેપર તથા અન્ય નશાકારક વસ્તુનું વેચાણ,હેરાફેરી ને અટકાવવા અને વેચાણ કારક શખ્શો સામે કડક કાર્યવાહી કરવા ચેકીંગ ઝુંબેશ શરૂ કરવામાં આવેલ જે અન્વયે ગઈ કાલે કુતિયાણા પોલીસ દ્વારા પેટ્રોલિંગ દરમ્યાન ચૌટા ચેક પોસ્ટ પર વાહન ચેકીંગ કરવામાં આવ્યું હતું. તેમાં મીઠાપુર અને ઉપલેટા ના બે શખ્સો પાસેથી પ્રતિબંધીત ગોગો સ્ટીક નંગ ૨૬૩ મળી આવતા તેઓની સામે બી.એન. એસ. કલમ -૨૨૩,૫૪ મુજબ ગુન્હો રજીસ્ટર કરાવેલ રાજ્યને નશામુક્ત બનાવવી નેમ અંતર્ગત ગુજરાત સરકાર ના ગૃહ વિભાગ દ્વારા તા. ૧૬/૧૨/૨૦૨૫ ના રોજ નશાકારક વસ્તુ ગોગો પેપર, સ્મોકિંગ કોન સહિત ના નશા યુક્ત વસ્તુ પાન ગલ્લા,ચાની કેબિનો તેમજ અન્ય દુકાનો કે ક્યાંય પણ વેચાણ કે તેની હેરાફેરી થતી હોય તેના પર પ્રતિબંધિત લાદવા અંગે જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવેલ.

જે જાહેરનામાં અન્વયે જૂનાગઢ રેંજના નાયબ પોલીસ મહા નિરીક્ષક રાજેન્દ્રસિંહ ચુડાસમા તથા પોરબંદર જિલ્લા અધિક્ષક ભગીરથ સિંહ જાડેજા નાઓએ જિલ્લામા આ પ્રકારના કેસો શોધીને આવા ઈસમો વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી કરવા કડક સૂચના આપવામાં આવેલ. જે અન્વયે ધ્રુવલ સી.સુતરીયા નાયબ પોલીસ અધિક્ષક રાણાવાવ ડીવીજન વિભાગના ઓએ ઉપરોક્ત વિગતોના જાહેર નામા ભંગના કેસો શોધવા ની જરૂરી સૂચના અને માર્ગદર્શન આપેલ. જે અન્વયે ગઈ કાલના રોજ કુતિયાણા પોલીસ દ્વારા કુતિયાણા પોલીસ ઈન્સ્પેક્ટર એમ.ડી.વાળા ના માર્ગદર્શન હેઠળ કુતિયાણા પોલીસ સ્ટેશન ના સર્વેલન્સ ના સ્ટાફ ના માણસોએ કુતિયાણા પોલીસ સ્ટેશન વિસ્તારમાંના ચૌટા ચેક પોસ્ટ ખાતે આ ચેકીંગ દરમિયાન નઈમ સલીમભાઈ કાદરી ઉ.વ.૨૮ ધંધો. મજુરી રહે.મીઠાપુર આરંભડા, ચીખલી તળાવ પાસે તા.ઓખા જી.દેવભુમિ દ્વારકા તથા શાફીરભાઈ કાદરભાઈ ચૌટલીયા ઉ.વ.૨૦ ધંધો.વેપાર રહે.ઉપલેટા અમન નગર સ્મશાન રોડ તા.ઉપલેટા જી. રાજકોટવાળા પાસેથી પ્રતિબંધીત ગોગો સ્ટીક નંગ-૨૬૩ કિ.રૂ.૩૯૪૫/- મળી આવતા મુદ્દામાલ કબ્જે કરવામા આવેલ અને બન્ને ઈસમો વિરૂધ્ધ કુતિયાણા પોલીસ સ્ટેશનમાં બી. એન.એસ.કલમ -૨૨૩,૫૪ મુજબ ગુન્હો રજીસ્ટર કરી કાયદાકીય કાર્યવાહી હાથ ધરવામાં આવી. આ કામગીરી કરનાર અધિ./કર્મચારીઓ માં પોલીસે ઈન્સ્પેક્ટર એમ.ડી.વાળા તથા પોલીસ હેડ કોન્સ્ટેબલ વાય.એસ.વાળા તથા એ.એચ.જાડેજા તથા પોલીસ કોન્સ્ટેબલ અલ્તાબ હુસેનભાઈ તથા ભરત ભોજાભાઈ તથા વિજય ખીમાણંદભાઈ તથા અશ્વિન વેજાભાઇ વિગેરે રોકાયેલ હતા.

# અંબાજી મંદિરના કાવડિયાઓને ગર્ભગૃહમાં ગેરકાયદે પ્રવેશ આપતા મંદિર ટ્રસ્ટના અધિકારીઓનો વિવાદ

### મંદિરના ગર્ભગૃહમાં કોઈ પણ પ્રકારની ટ્રસ્ટની મંજૂરી વગર ગેરકાયદેસર કાવડિયાઓ કેવી રીતે ફરજ બજાવી શકે?

**અંબાજી**

યાત્રાધામ અંબાજીમાં દિવસના લાખોની સંખ્યામાં ભક્તો અંબાજી દર્શન કરવા આવતા હોય છે ત્યારે મંદિરની સુરક્ષા ને ધ્યાનમાં રાખીને દૂર દૂરથી આવતા યાત્રીઓને કોઈપણ પ્રકારની તકલીફ ન પડે તેને લઈને સઘન ચેકિંગ હાથ ધરમ આવતું હોય છે ત્યારે સાથે સાથે અંબાજી મંદિરમાં આવતા ભક્તોને કોઈપણ પ્રકારની અગવડો ન પડે તે માટે અંબાજી મંદિર ટ્રસ્ટ ના અધિકારીઓ ખડે પગે રહેતા હોય છે ત્યારે થોડા દિવસ પહેલા જ અંબાજી મંદિરના આઉટસોર્સના કર્મચારીએ મંદિરના ભંડારામાંથી ચોરી કરી હતી અને ભાંડો ફૂટતા જ આઉટસોર્સ નો કર્મચારી રૂપિયા સાથે પકડાઈ ગયો હતો ત્યારે અંબાજી મંદિરના ગર્ભગૃહમાં કોઈપણ પ્રકારની ભરતી પ્રક્રિયા વગર કાવડિયાઓને ગેરકાયદેસર પ્રવેશ આપીને ગર્ભગૃહમાં ફરજ સોંપવામાં આવે છે ત્યારે ગર્ભગૃહમાં કોઈ



અનબનાવ બનશે તો જવાબદારી કોની? તેવા પણ સવાલો ઉઠી રહ્યા છે ત્યારે ગેરકાયદેસર મંદિરના ગર્ભગૃહમાં ફરજ બજાવતા કાવડિયાઓને ફરજમાંથી મુક્ત કરવામાં આવે તે પણ જરૂરી છે ત્યારે હવે અંબાજી મંદિરના વહીવટદાર અને બનાસકાંઠા જિલ્લાના કલેક્ટર અને મંદિર ટ્રસ્ટના ચેરમેન શ્રી આ વાતને ધ્યાનમાં લઈને કોઈપણ અન્ન બનાવ ન બને તે પહેલા જ કાવડિયાઓને મંદિરમાં થી તાત્કાલિક છુટા કરવામાં આવે તે પણ જરૂરી છે નહીં તો ઘોડા છુટયા પછી તબેલાને તાળાં મારવાં જેવો ઘાટ ન બને તે જરૂરી બન્યું છે.

### ગરમીમાં પ્રવાસીઓની સાથે પ્રાણી-પક્ષીઓ માટે અનેકવિધ સુવિધાઓ ઉભી કરાઇ

# એકતાનગર જંગલ સફારીમાં ઉનાળામાં 100 પ્રજાતિના 1500 જેટલા પ્રાણી-પક્ષીઓ માટે એસી કુલર લગાવાયા

**રાજપીપળા**

નર્મદામાં કાળઝાળ 40 ડિગ્રી ગરમીથી લોકો પરેશાન થઈ રહ્યાં છે ત્યારે એની સામે અબોલ પશુ પક્ષીઓની હાલત કફોડી બની છે.ત્યારે ખાસ કરીને સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે આવેલ સરદાર ઝુઓલોજી પાર્ક,જંગલ સફારી ખાતે રહેતા 1500 થી વધુ પ્રજાતિઓમાં અબોલા પશુ પક્ષીઓની હાલત કેવી થતી હશે.

આ ગરમીમાં પશુ પક્ષીઓને રાહત મળે તે માટે જંગલ સફારી પાર્કની ટીમ દ્વારા સતત પાણીનો છંટકાવ સાથે એસી,કૂલર મૂકી ઠંડક



કરવામાં આવે છે.સાથે પાણી દાર ફળો આપી પશુ પક્ષીઓ ને ડિહાઈડ્રેશન ના થાય એની કાળજી લેવામાં આવી રહી છે.

ઠંડક અને છાયડો મળી રહે એ માટે 135 એકરમાં ફેલાયેલા જંગલ સફારી પાર્કમાં વૃક્ષો વધુ માત્રામાં ઉગાડવામાં આવ્યા છે. સાથે સાથે ઓરિજનલ જંગલ લૂક પણ આપવામાં આવ્યો છે.પરંતુ 40થી 43 ડિગ્રી તાપમાન માં પ્રાણીઓ અને પક્ષીઓની હાલત બગડે એ પહેલાં પ્રિ પ્લાનિંગ કરીને જેમ જેમ તાપમાનનો પારો ઉંચે ચઢે એટલે પ્રાણીઓ, પક્ષીઓ ને ઠંડક લાગે લાગે એ માટે ખાસ કૂલરની વિદેશી પ્રાણીઓ પક્ષીઓ માટે એસીની અને બીજી જગ્યાઓ પર સતત પાણીનો છંટકાવ થાય એવી વ્યવસ્થા જંગલ સફારીની ટીમ કરી રહી છે.ડાયરેક્ટર બીપુલ ચક્રવતીની દેખરેખ હેઠળ કાળજી રખાઈ રહી છે.એ ઉપરાંત વધુ પાણી વાળા ફળો પણ આપવા આવી રહ્યા છે.

# માધવપુર પોલીસે અપહરણનો ગુન્હો ગણતરીના દિવસોમાં ઉકેલ્યો

### સગીરાના અપહરણ પ્રકરણના આરોપીને શાપર(વેરાવળ) રાજકોટમાંથી ઝડપી પાડ્યો

**ગોસા(ઘેડ)**

પોરબંદરના માધવપુર વિસ્તાર માં રહેતા એક પરિવારની સગીરાના અપહરણ અંગેનો ગુન્હો સ્થાનિક માધવપુર પોલીસ સ્ટેશનમાં નોંધાયો હતો. આ ગુન્હામાં ઝડપી કાર્યવાહી કરતા માધવપુર પોલીસે ગણતરીના દિવસોમાં ભોગ બનનાર સગીરા તથા આરોપીને શોધી કાઢી અનડીટેક્ટ ગુન્હો ડીટેક્ટ કરવામાં સફળતા મેળવી છે. જુનાગઢ રેન્જના નાયબ પોલીસ મહા નિરીક્ષક રાજેન્દ્રસિંહ ચુડાસમા તથા પોરબંદર પોલીસ અધિક્ષક ભગીરથસિંહ જાડેજા દ્વારા અપહરણ થયેલ બાળકો, મહિલાઓ તેમજ નાસતા ફરતા આરોપીઓને ઝડપી પકડવા કડક સૂચનાઓ આપવામાં આવી હતી. જે અનુસંધાને રાણાવાવ વિભાગના નાયબ પોલીસ અધિક્ષક ધૃવલ સી. સુતરીયાના માર્ગદર્શન હેઠળ માધવપુર પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર ડી.ડી. ચૌહાણ તથા ડિસ્ટાફના પોલીસ કર્મચારીઓ દ્વારા તપાસ હાથ ધરવામાં આવી હતી. તપાસ દરમિયાન પોલીસ હેડ કોન્સ્ટેબલ એચ.એસ. મોઢવાડિયા, નાગાજણ ભાઈ રાજાભાઈ ઓડેદરા તથા પોલીસ કોન્સ્ટેબલ ધર્મેશ ગોવિંદભાઈ વાળાને ટેકનિકલ સોર્સ અને હ્યુમન રિસોર્સની મદદથી માહિતી મળી હતી કે ગુ.ર. નં. ૧૧૨૧૮૦૧૭૨૬૦૧૪૨/૨૦૨૬ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ ૧૩૭(૨), ૮૭ મુજબના ગુન્હાનો ભોગ બનેલી સગીરા તથા તેને ભગાડી જનાર વ્યક્તિ રાજકોટ જિલ્લાના શાપર (વેરાવળ) વિસ્તારમાં હાજર છે. આ માહિતીના આધારે પોલીસ ટીમે શાપર (વેરાવળ), રાજકોટ ખાતે પહોંચી ભોગ બનનાર સગીરાને સુરક્ષિત રીતે શોધી કાઢી તેમજ તેને ભગાડી જનાર આરોપી હિતેશ ઉર્ફે હીતો મુંજાભાઈ ચુડાસમા (ઉ.વ.૨૭), રહે. તલોદ્રા ગામ, તા. માંગરોળ, જી. જુનાગઢને ઝડપી પાડી માધવપુર પોલીસ સ્ટેશન ખાતે લાવવામાં આવ્યો હતો.

### સામાન્ય બોલાચાલી બાદ મામલો મારામારી અને છેડતીના ગંભીર આક્ષેપો સુધી પહોંચ્યો

# વાગરાના મુલેર ગામમાં સાસુ-વહુ વચ્ચે હાઈવોલ્ટેજ ડ્રામા : સામસામે પોલીસ ફરિયાદ

**વાગરા**

વાગરા તાલુકાના મુલેર ગામમાં સાસુ અને વહુ વચ્ચે સામાન્ય બોલાચાલીથી શરૂ થયેલો વિવાદ મારામારી, છેડતી અને જાનથી મારી નાખવાની ધમકીઓ સુધી પહોંચી ગયો છે. આ મામલે બંને પક્ષોએ વાગરા પોલીસ સ્ટેશનમાં સામસામી ગંભીર આક્ષેપો કરતી ફરિયાદો નોંધાઈ છે. સાસુએ નોંધાવેલી પોલીસ ફરિયાદ અનુસાર, ગત ૧૪મી મેના રોજ સાંજે તેમની વહુ ફોન પર પોતાના પતિ (સાસુના દીકરા) ને ગાળો આપી રહી હતી. સાસુએ ગાળો બોલવાની ના પાડતા ઉશ્કેરાયેલી વહુએ તેમની સાથે ઝપાઝપી કરી ગળાના ભાગે નખ મારી ઈજા પહોંચાડી હતી અને




ત્યારબાદ તે પોતાના પિયર ચાલી ગઈ હતી. આ મામલે સમાધાન કરવા માટે જ્યારે સાસુ અને તેમનો દીકરો વેવાઈના ઘરે ગયા, ત્યારે વહુના માતા-પિતાએ તેમની સાથે ગાળાગાળી કરી હતી. સાસુએ વધુમાં આક્ષેપ કર્યો છે કે વહુના પિતાએ તેમની છેડતી કરી હતી અને ત્રણેય સભ્યોએ ભેગા મળી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. બીજી તરફ, વહુએ પણ સાસુ અને દિયર વિરુદ્ધ વળતી ફરિયાદ નોંધાવી છે. વહુના આક્ષેપ મુજબ, તેના સાસુ અવારનવાર તેની સાથે ઝઘડો કરતા હતા. બનાવના દિવસે સાસુએ ગાળો આપતા તે કંટાળીને પોતાના પિયર જતી રહી હતી. ત્યારપછી સાસુ અને દિયર તેના પિયર ધસી આવ્યા હતા અને ત્યાં હોબાળો મચાવ્યો હતો. વહુએ ફરિયાદમાં જણાવ્યું છે કે, તેના દિયરે તેના પિતાની ફેટ (કોલર) પકડી ગાળો આપી હતી, જ્યારે સાસુએ તેની સાથે ઝપાઝપી કરી બટકું ભરવાનો પ્રયાસ કર્યો હતો. વહુએ દિયર સામે ગંભીર આક્ષેપ કરતા જણાવ્યું છે કે દિયરે તેની કુર્તી ફાડી નાખી છેડતી કરી હતી અને પરિવારને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

હાલ આ સમગ્ર મામલે વાગરા પોલીસે બંને પક્ષોની ફરિયાદોના આધારે ગુનો નોંધીને કાયદેસરની આગળની તપાસ હાથ ધરી છે.

# ખૂનની કોશિશના ગુનામાં પેરોલ જમ્પ કરનાર આરોપીને પકડી પાડતી પેરોલ ફર્લો સ્ક્વોડ

**જુનાગઢ**

જુનાગઢ: જૂનાગઢ જિલ્લામાં પેરોલ જમ્પ થયેલા આરોપીઓ અને જેલ ફરારી કેદીઓને પકડી પાડવા માટે ક્રાઈમ બ્રાન્ચના પોલીસ ઈન્સ્પેક્ટર કે. એમ. પટેલ તથા પેરોલ ફર્લો સ્ક્વોડના પોલીસ સબ ઈન્સ્પેક્ટર એસ. એ. સોલંકીના માર્ગદર્શન હેઠળ ટીમ કાર્યરત હતી. આ દરમિયાન બાતમીદારો અને હ્યુમન ઈન્ટેલિજન્સના આધારે પેરોલ ફર્લો સ્ક્વોડના પી.એસ. આઈ. એસ. એ. સોલંકી, એ.એસ.આઈ. ઉમેશભાઈ વેગડા, પોલીસ કોન્સ્ટેબલ દીપકકુમાર ચૌહાણ અને દિનેશભાઈ હૈયાને સંયુક્ત બાતમી મળી હતી કે, જુનાગઢ 'એ' ડિવિઝન પોલીસ સ્ટેશનના ખૂનની કોશિશ (આઈ.પી.સી. કલમ ૩૦૭, ૩૨૬ વગેરે) ના ગુનામાં ખાસ જેલ પાલારા (ભુજ) થી પેરોલ રજા પર મુક્ત થયેલો કેદી સોહિલ ઉર્ફે રોઝડો બોદુભાઈ ઠેબા (ગામેતી), રહે. સુખનાથ ચોક, જમાલવાડી, જુનાગઢવાળો ગત તારીખ ૧૧/૦૫/૨૦૨૬ના રોજ પેરોલ રજા પૂર્ણ થઈ હોવા છતાં જેલમાં હાજર ન થઈ ફરાર હતો.

# આમોદમાં નવા ડેપો પાછળ અજાણ્યા તત્વોએ મહેબૂબ મહિડા ઉર્ફે લાલાની હત્યા કરતાં ભારે આક્રોશ

### તંત્ર દ્વારા ટૂંક સમયમાં જ આરોપીઓને ઝડપી પાડી સમગ્ર ઘટનાનો ભેદ ઉકેલવાની ખાતરી આપવામાં આવી

**આમોદ**

આમોદ શહેરના નવા ડેપોની પાછળ અંદાજે ૨૫થી ૩૦ વર્ષીય મહેબૂબ મહિડા ઉર્ફે લાલા નામના યુવકની અજાણ્યા શખ્સો દ્વારા નિર્મમ હત્યા કરવામાં આવતા સમગ્ર પંથકમાં ભારે અરેરાટી અને આક્રોશ ફેલાયો છે. ઘટનાની જાણ થતાં જ સ્થાનિક પોલીસ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી તપાસ હાથ ધરી હતી.

પ્રાપ્ત માહિતી મુજબ, મૃતક મહેબૂબ મહિડા સામાન્ય પરિવારમાંથી આવતો હતો અને મજૂરી તથા નાનું-મોટું કામકાજ કરીને પોતાના પરિવારનું ગુજરાન ચલાવતો હતો. પરિવારનો મુખ્ય આધારસ્તંભ ગણાતા યુવકની ઘાતકી હત્યાથી પરિવાર પર આભ ફાટી પડ્યું હોય તેવી સ્થિતિ સર્જાઈ છે. ઘટનાને લઈને સ્થાનિકોમાં ભારે રોષની લાગણી વ્યાપી ગઈ છે અને ગુનેગારો સામે કડક કાર્યવાહી કરવાની માંગ ઉઠી રહી છે.



પોલીસે ઘટનાસ્થળનો પંચનામું કરી મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે આમોદ સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે ખસેડ્યો હતો. હત્યાની ખબર શહેરમાં વાયુવેગે પ્રસરી જતા હોસ્પિટલ પરિસરમાં મોટી સંખ્યામાં લોકો એકત્રિત થયા હતા.

હત્યાના કારણો, અંગત અદાવત કે અન્ય કોઈ મુદ્દાને કેન્દ્રમાં રાખીને આ ગુનો આચરાયો હોવાની શક્યતાઓ વચ્ચે પોલીસે જુદી જુદી ટીમો બનાવી તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે. આસપાસના વિસ્તારોના સીસીટીવી ફૂટેજ, શંકાસ્પદ હિલચાલ અને સંડોવાયેલા તત્વોની માહિતી એકત્રિત કરવામાં આવી રહી છે. પોલીસ તંત્ર દ્વારા ટૂંક સમયમાં જ આરોપીઓને ઝડપી પાડી સમગ્ર ઘટનાનો ભેદ ઉકેલવાની ખાતરી આપવામાં આવી છે.



### દિશા પટણીએ મૌનીનું ઘર ભાંગ્યાનો આરોપ

# દિશા પટણી મૌની રોયના છૂટાછેડાને કારણે ટ્રોલ થઈ, કોમેન્ટ સેક્શન બંધ કરવુ પડ્યું

મુંબઇ

એક્ટ્રેસ મૌની રોયે આખરે પતિ સૂરજ નામ્બિયાર સાથે છૂટાછેડાની જાહેરાત કરી હતી. જોકે, મૌનીની આ જાહેરાત સાથે જ ચાહકોએ તેની ખાસ સખી દિશા પટાણીને ટ્રોલ કરવાનું શરુ કરી દેતાં મૌનીએ તેની આ છૂટાછેડાની જાહેરાત કરતી પોસ્ટનું કોમેન્ટ સેક્શન ઓફ કરી દેવાની ફરજ પડી હતી. થોડા દિવસો પહેલાં જ મૌની તથા સૂરજે એકબીજાને સોશિયલ મીડિયા પર અનફોલો કરી દીધાં હતાં તથા તેમની બધી તસવીરો ડિલીટ કરી દીધી હતી. તેના કારણે તેમની છૂટાછેડાની અટકળો વ્યાપક બની હતી. આખરે, ગુરુવારે રાતે મૌની તથા સૂરજે સોશિયલ મીડિયા પર તેમના છૂટાછેડા જાહેર કરતી પોસ્ટ મૂકી હતી. તે સાથે જ ચાહકો દિશા પટાણી પર તૂટી પડયા હતા. ચાહકોએ આરોપ મૂક્યો હતો કે દિશાએ જ મૌની રોયનું ઘર ભાંગ્યું છે. ઉલ્લેખનીય છે કે દિશા તથા મૌની બંને બેસ્ટી એટલે કે અતરંગ સખીઓ મનાય છે. બંને અનેક ઈવેન્ટસમાં તથા પિકનિક પર પણ સાથે સાથે જ જોવા મળે છે. દિશા પણ પોતે ટાઈગર શ્રોફ સાથે લાંબા સમય સુધી સંબંધો બાદ બ્રેકઅપ કરી ચૂકી છે. લોકો હવે દિશા તથા મૌની બંને સિંગલ હોવા બાબતે પણ જાતભાતની કોમેન્ટસ કરી રહ્યાં છે. અત્રે ઉલ્લેખનીય છે કે એક્ટ્રેસ મૌની રોયે આખરે પતિ સૂરજ નામ્બિયાર સાથે છૂટાછેડાની જાહેરાત કરી હતી. જોકે, મૌનીની આ જાહેરાત સાથે જ ચાહકોએ તેની ખાસ સખી દિશા પટાણીને ટ્રોલ કરવાનું શરુ કરી દેતાં મૌનીએ તેની આ છૂટાછેડાની જાહેરાત કરતી પોસ્ટનું કોમેન્ટ સેક્શન ઓફ કરી દેવાની ફરજ પડી હતી. થોડા દિવસો પહેલાં જ મૌની તથા સૂરજે એકબીજાને સોશિયલ મીડિયા પર અનફોલો કરી દીધાં હતાં તથા તેમની બધી તસવીરો ડિલીટ કરી દીધી હતી. તેના કારણે તેમની છૂટાછેડાની અટકળો વ્યાપક બની હતી. આખરે, ગુરુવારે રાતે મૌની તથા સૂરજે સોશિયલ મીડિયા પર તેમના છૂટાછેડા જાહેર કરતી પોસ્ટ મૂકી હતી. તે સાથે જ ચાહકો દિશા પટાણી પર તૂટી પડયા હતા. ચાહકોએ આરોપ મૂક્યો હતો કે દિશાએ જ મૌની રોયનું ઘર ભાંગ્યું છે. ઉલ્લેખનીય છે કે દિશા તથા મૌની બંને બેસ્ટી એટલે કે અતરંગ સખીઓ મનાય છે. બંને અનેક ઈવેન્ટસમાં તથા પિકનિક પર પણ સાથે સાથે જ જોવા મળે છે. દિશા પણ પોતે ટાઈગર શ્રોફ સાથે લાંબા સમય સુધી સંબંધો બાદ બ્રેકઅપ કરી ચૂકી છે. લોકો હવે દિશા તથા મૌની બંને સિંગલ હોવા બાબતે પણ જાતભાતની કોમેન્ટસ કરી રહ્યાં છે.

**દિશા તથા મૌની બંને બેસ્ટી એટલે કે અતરંગ સખીઓ મનાય છે. બંને અનેક ઈવેન્ટસમાં તથા પિકનિક પર પણ સાથે સાથે જ જોવા મળે છે**

# ઇન્ટરનેશનલ રેપર કાન્યે વેસ્ટનો દિલ્હી કોન્સર્ટ રદ

## સુરક્ષા કારણોસર નિર્ણય લેવાયો, પહેલી વખત ભારતમાં પરફોર્મ કરવાનો હતો; શકીરાનો કોન્સર્ટ પણ મોકૂફ




મુંબઇ

આંતરરાષ્ટ્રીય રેપર કન્યે વેસ્ટ (યે) નો ભારતમાં યોજાનારો કોન્સર્ટ રદ કરવામાં આવ્યો છે. રેપરનો ભારતમાં પહેલો કોન્સર્ટ 23 મેના રોજ નવી દિલ્હીના જવાહરલાલ નેહરુ સ્ટેડિયમમાં યોજાવાનો હતો. આ પહેલા આ શો 29 માર્ચ માટે નક્કી કરવામાં આવ્યો હતો, જેને બાદમાં ફરીથી શેડ્યૂલ કરવામાં આવ્યો હતો. 'લાઇવ ઇન ઇન્ડિયા' કોન્સર્ટ રદ કરાયો ઈવેન્ટ ઓર્ગેનાઇઝરે શુક્રવારે ઇન્સ્ટાગ્રામ પર એક નિવેદનમાં કોન્સર્ટ રદ કરવાની જાહેરાત કરી. નિવેદનમાં કહેવામાં આવ્યું હતું કે, 'અધિકારીઓના નિર્દેશોને કારણે આ 'લાઇવ ઇન ઇન્ડિયા' ઈવેન્ટ યોજાઈ શકશે નહીં.' ઓર્ગેનાઇઝરે કહ્યું કે, 'મહિનાઓની તૈયારી પછી, આ ભારતમાં અત્યાર સુધીના સૌથી મોટા લાઇવ કોન્સર્ટ્સમાંથી એક બનવાનો હતો, પરંતુ વર્તમાન સંવેદનશીલ પરિસ્થિતિને જોતા જાહેર સુરક્ષાને પ્રાથમિકતા આપવામાં આવી છે.' પોસ્ટમાં એ પણ માહિતી આપવામાં આવી હતી કે, ટિકિટ ખરીદનારા લોકોને પૂરેપૂરું રિફંડ આપવામાં આવશે. આ ઉપરાંત, નવી તારીખ અને સ્થળ અંગે કાન્યે વેસ્ટની ટીમ સાથે વાતચીત ચાલુ છે. કાન્યે વેસ્ટને 2003માં તેમના ગીત 'થ્રુ ધ વાયર'થી ઓળખ મળી હતી. તેનો પહેલો આલ્બમ 2004માં રિલીઝ થયો હતો. તેના પ્રખ્યાત ગીતો 'નાઇઝ ઇન પેરિસ', 'બાઉન્ડ 2' અને 'હરિકેન' છે. શકીરાનો ઈન્ડિયા કોન્સર્ટ પણ મુલતવી રાખવામાં આવ્યો હતો આ પહેલાં ગ્લોબલ સિંગર શકીરાનો એપ્રિલમાં યોજાનારો 'ફીડિંગ ઈન્ડિયા કોન્સર્ટ' મુલતવી રાખવામાં આવ્યો હતો. મિડલ ઈસ્ટમાં વધતા તણાવ અને ઈરાન-ઇઝરાયેલ યુદ્ધની સ્થિતિને ધ્યાનમાં રાખીને આ નિર્ણય લેવામાં આવ્યો હતો. શકીરાનું મુંબઈમાં 10-11 એપ્રિલ અને દિલ્હીમાં 15 એપ્રિલે પરફોર્મ કરવાનું શેડ્યૂલ હતું. હજુ સુધી કોન્સર્ટની નવી તારીખોની જાહેરાત કરવામાં આવી નથી. કોન્સર્ટના આયોજકે ઈન્સ્ટાગ્રામ પર પોસ્ટ શેર કરીને લખ્યું હતું કે, 'વર્તમાન ભૌગોલિક રાજકીય પરિસ્થિતિ અને પ્રાદેશિક તણાવને કારણે શકીરાનો કોન્સર્ટ આગામી સૂચના સુધી મુલતવી રાખવામાં આવી રહ્યો છે.

# બંગાળી ગીત 'દીદી'ને TMCની હાર સાથે જોડવામાં આવ્યું, ઉષા ઉત્થુપ લાલઘૂમ

## દિગ્ગજ સિંગર ઉષા ઉત્થુપે સોશિયલ મીડિયા પર વાયરલ થઇ રહેલી એક પોસ્ટ પર પ્રતિક્રિયા આપી, જેમાં તેમના એક ગીતને મમતા બેનર્જીની તાજેતરની ચૂંટણીની હાર સાથે જોડવામાં આવ્યું હતું. સિંગરે આ દાવાઓને ખોટા ગણાવ્યા છે

મુંબઇ

દિગ્ગજ સિંગર ઉષા ઉત્થુપે સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહેલી એક પોસ્ટ પર પ્રતિક્રિયા આપી, જેમાં તેમના એક ગીતને મમતા બેનર્જીની તાજેતરની ચૂંટણીની હાર સાથે જોડવામાં આવ્યું હતું. સિંગરે આ દાવાઓને ખોટા ગણાવ્યા છે. 'સિંગરે TMCની હારની ઉજવણી કરી' ખરેખરમાં, આ આખો મામલો ત્યારે શરૂ થયો, જ્યારે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X (અગાઉ ટ્વિટર) પર એક યુઝરે ઉષા ઉત્થુપનું બંગાળી ગીત 'દીદી' ગાતા હોવાનો વીડિયો શેર કર્યો. પોસ્ટમાં દાવો કરવામાં આવ્યો હતો કે, સિંગર પશ્ચિમ બંગાળ વિધાનસભા ચૂંટણીમાં તૃણમૂલ કોંગ્રેસ (TMC) ની હારની ઉજવણી કરી રહી છે. પોસ્ટમાં એમ પણ કહેવામાં આવ્યું હતું કે, 'TMC શાસન દરમિયાન તેમના કાર્યક્રમો માટે કટ મની માંગવામાં આવતી હતી, જેના કારણે તેઓ કોલકાતા છોડીને મુંબઈ ચાલ્યા ગયા હતા.' યુઝરે લખ્યું કે, 'હવે તેઓ પાછા ફર્યા છે.' આ દાવાઓ પર પ્રતિક્રિયા આપતા ઉષા ઉત્થુપે ઈન્સ્ટાગ્રામ પર લખ્યું, 'સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X, ઈન્સ્ટાગ્રામ અને વોટ્સએપ પર મારા વિશે એક પોસ્ટ વાયરલ થઈ રહી છે. હું સ્પષ્ટ કરવા માંગુ છું કે, તે પોસ્ટમાં કહેવાયેલી ઘણી વાતો ખોટી અને ભ્રામક છે. જે ગીતની વાત થઈ રહી છે, તે એક બંગાળી ગીત છે. તે ઘણા વર્ષો પહેલા બનાવવામાં આવ્યું હતું અને તે એક અરબી ધૂનથી પ્રેરિત છે. હું છેલ્લા 20 વર્ષથી તેને માત્ર એક સંગીત પ્રસ્તુતિ તરીકે ગાતી આવી છું.' સિંગરે આગળ લખ્યું, 'હું એ પણ સ્પષ્ટ કરવા માંગુ છું કે, હું 1976થી કોલકાતામાં રહું છું. મેં ક્યારેય કોલકાતા છોડીને મુંબઈ શિફ્ટ કર્યું નથી. કોલકાતા હંમેશા મારું ઘર રહ્યુ છે અને હું આજે પણ અહીંના લોકો અને આ શહેરને ખૂબ પ્રેમ કરું છું.' પોસ્ટના અંતમાં ઉષા ઉત્થુપે લખ્યું, 'તે પોસ્ટમાં જે વાતો, ટિપ્પણીઓ અને વાર્તાઓ ફેલાવવામાં આવી રહી છે, તેનો મારી સાથે કોઈ સંબંધ નથી. હું તેમની સાથે પોતાને જોડતી નથી અને તેમની કોઈ જવાબદારી લેતી નથી. કૃપા કરીને મને કારણ વગર એવા વિવાદોમાં ન ખેંચો, જેની સાથે મારો કોઈ સંબંધ નથી. ઘણો પ્રેમ, દીદી (ઉષા ઉત્થુપ).' નોંધનીય છે કે, તાજેતરમાં ભારતીય જનતા પાર્ટીએ 2026ની પશ્ચિમ બંગાળ વિધાનસભા ચૂંટણીમાં ભવ્ય વિજય મેળવ્યો. પાર્ટીએ 294 સભ્યોવાળી વિધાનસભામાં 207 બેઠકો જીતી.





# 'દૃશ્યમ 3'નો જબરદસ્ત ક્રેઝ, રિલીઝ પહેલા જ કરોડોની એડવાન્સ બુકિંગ

## અહેવાલ મુજબ 'દૃશ્યમ 3'ની વર્લ્ડવાઇડ પ્રી-સેલ્સ 10 કરોડ રૂપિયાથી વધુ પહોંચી ગઈ છે અને સતત વધી રહી છે. સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર શેર કરવામાં આવેલી માહિતી અનુસાર ફિલ્મનો ક્રેઝ દર્શકોમાં જોરદાર રીતે જોવા મળી રહ્યો છે.

મુંબઇ

Drishyam 3 રિલીઝ પહેલા જ બોક્સ ઓફિસ પર ધમાલ મચાવતી જોવા મળી રહી છે. Mohanlal સ્ટારર અને Jeethu Joseph દ્વારા નિર્દેશિત આ મચ અવેટેડ મલયાલમ ક્રાઈમ થ્રિલરને દેશ અને વિદેશમાં જબરદસ્ત પ્રતિસાદ મળી રહ્યો છે. ફિલ્મની એડવાન્સ બુકિંગે પહેલેથી જ કરોડોની કમાણી કરીને નવા રેકોર્ડ તરફ આગળ વધી રહી છે. ઇન્ડસ્ટ્રી ટ્રેકર એબી જ્યોર્જના અહેવાલ મુજબ 'દશ્યમ 3'ની વર્લ્ડવાઇડ પ્રી-સેલ્સ 10 કરોડ રૂપિયાથી વધુ પહોંચી ગઈ છે અને સતત વધી રહી છે. સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર શેર કરવામાં આવેલી માહિતી અનુસાર ફિલ્મનો ક્રેઝ દર્શકોમાં જોરદાર રીતે જોવા મળી રહ્યો છે. હાલના ટ્રેન્ડને જોતા ફિલ્મ મલયાલમ સિનેમાની સૌથી મોટી ઓપનિંગ ફિલ્મોમાં સ્થાન મેળવી શકે છે. ફિલ્મ 'દશ્યમ' અને 'દશ્યમ 2'ની ઘટનાઓ બાદ જ્યોર્જકુટ્ટી અને તેના પરિવારની કહાનીને આગળ વધારે છે. મોહનલાલ ફરી એકવાર પોતાના લોકપ્રિય પાત્રમાં જોવા મળશે. ફિલ્મમાંમીના, અન્સીબા હસન, એસ્થર અનિલ, સિદ્દીક, આશા શરથ, મુરલી ગોપી અને વીણા નંદકુમાર જેવા કલાકારો પણ મહત્વપૂર્ણ ભૂમિકામાં જોવા મળશે. તાજેતરમાં ફિલ્મમેકર્સે ફિલ્મનો એક ખાસ બિહાઈન્ડ-દ-સીન્સ વીડિયો પણ શેર કર્યો હતો, જેમાં થ્રિલરની બનાવટની ઝલક જોવા મળી હતી. મોહનલાલે આ વીડિયો શેર કરતા જણાવ્યું હતું કે ફિલ્મ 21 મે 2026ના રોજ વિશ્વભરમાં રિલીઝ થશે. બીજી તરફ ફિલ્મના હિન્દી વર્ઝનને લઈને પણ મોટી માહિતી સામે આવી છે. હિન્દી 'દશ્યમ 3'ના નિર્માતાકુમાર મંગત પાઠક અને અભિષેક પાઠક છે. ફિલ્મમાં અજય દેવગણ લીડ રોલમાં જોવા મ ળશે. અભિષેક પાઠકે ફિલ્મની રિલીઝ ડેટ કન્ફર્મ કરતા જણાવ્યું કે હિન્દી 'દશ્યમ 3' 2 ઓક્ટોબરે સિનેમાઘરોમાં રિલીઝ થશે.

# 'ધુરંધર-2'એ પાકિસ્તાન ગજવ્યું!: નેટફ્લિક્સ પર સ્ટ્રીમ થતાં જ ફિલ્મને 24 કલાકમાં 20 કરોડ વ્યૂ મળ્યાનો દાવો

મુંબઇ

રણવીર સિંહની ફિલ્મ 'ધુરંધર 2'એ ભારત સહિત વિશ્વભરમાં રેકોર્ડ બનાવ્યા બાદ હવે પાકિસ્તાનમાં પણ ધૂમ મચાવી રહી છે. પાકિસ્તાનમાં ફિલ્મ OTT પ્લેટફોર્મ નેટફ્લિક્સ પર રિલીઝ થયા બાદ પ્લેટફોર્મનું સર્વર ક્રેશ થઈ ગયું છે અને તે ત્યાંની નંબર-1 ટ્રેન્ડિંગ ફિલ્મ બની ગઈ છે. આ દાવો પાકિસ્તાની કન્ટેન્ટ ક્રિએટર માવિયા ઉમર ફારૂકીએ કર્યો છે. જોકે, સર્વર ક્રેશ થવાની સત્તાવાર પુષ્ટિ થઈ નથી. પાકિસ્તાનના લોકો કાગડોળે 'ધુરંધર-2'ની રાહ જોતા હતા વાસ્તવમાં માવિયા ઉમર ફારૂકીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઈન્સ્ટાગ્રામ પેજ પર




એક વીડિયો શેર કર્યો છે. વીડિયોમાં તેણે કહ્યું કે, 'પાકિસ્તાનમાં લોકો રાત્રે 12 વાગ્યાથી ફિલ્મ રિલીઝ થવાની રાહ જોઈ રહ્યા હતા અને રિલીઝ થતા જ મોટી સંખ્યામાં લોકોએ એકસાથે ફિલ્મ જોવાનો પ્રયાસ કર્યો.' વીડિયોમાં તેણે એમ પણ કહ્યું કે, 'ફિલ્મને લઈને પ્રોપેગન્ડા હોવાની ટીકા છતાં પાકિસ્તાનમાં લોકો તેને જોવા માટે ઉત્સુક હતા.' તેના મતે, 'દર્શકો એ જાણવા માંગતા હતા કે ફિલ્મ કેવી રીતે બનાવવામાં આવી છે, રણવીર સિંહે ભૂમિકા કેવી રીતે ભજવી છે અને ફિલ્મમાં દર્શાવવામાં આવેલા લ્યારીના ઘટનાક્રમ કેટલા સાચા છે.' 24 કલાકમાં 20 કરોડ વ્યૂનો દાવો અન્ય એક વીડિયોમાં ફારૂકીએ દાવો કર્યો હતો કે, 'ધુરંધર 2' પાકિસ્તાનમાં નેટફ્લિક્સ પર નંબર-1 પર ટ્રેન્ડ કરી રહી છે. માવિયાના મતે, છેલ્લા 24 કલાકમાં પાકિસ્તાનમાં લગભગ 20 કરોડ વખત ફિલ્મ જોવામાં આવી અને તે દેશની સૌથી મોટી ટ્રેન્ડિંગ ફિલ્મ બની ગઈ.' તેણે કહ્યું કે, 'પાકિસ્તાનમાં આ પહેલા કોઈ ફિલ્મે રિલીઝના માત્ર 24 કલાકમાં નંબર-1 પોઝિશન હાંસલ કરી ન હતી.' 'ધુરંધર 2' પાકિસ્તાનમાં 15 મેના રોજ નેટફ્લિક્સ પર સ્ટ્રીમ થઈ છે. આ ફિલ્મ ઈન્ટરનેશનલ લેવલ પર નેટફ્લિક્સ પર 'ધુરંધર: ધ રિવેન્જ (રો એન્ડ અનદેખા)' ટાઈટલથી રિલીઝ થઈ. સોશિયલ મીડિયા પર સ્ટ્રીમિંગની જાહેરાત ફિલ્મની OTT રિલીઝની જાણકારી સ્ટ્રીમિંગ પ્લેટફોર્મે પોતાના ઓફિશિયલ ઈન્સ્ટાગ્રામ હેન્ડલ પર આપી છે. પોસ્ટમાં લખવામાં આવ્યું છે કે, 'વાવાઝોડું બનીને જે આવી રહ્યો છે, તેને 'ધુરંધર' કહેવાય છે. જુઓ 'ધુરંધર: ધ રિવેન્જ', રો અને અણદીઠું. ગ્રાન્ડ ડિજિટલ પ્રીમિયર 4 જૂન સાંજે 7 વાગ્યે, સ્ટ્રીમિંગ 5 જૂનથી ફક્ત જિયો-હોટસ્ટાર પર.'

### સ્લો ઓવર રેટ બદલ રિષભ પંતને ₹12 લાખનો દંડ

# BCCI એ રિષભ પંતને ફટકાર્યો મોટો દંડ, IPL કૉડ ઓફ કન્ડક્ટનું કર્યું ઉલ્લંઘન

નવી દિલ્હી

રિષભ પંતની આગેવાની હેઠળની લખનઉ સુપર જાયન્ટ્સ (LSG) ભલે આઈપીએલ 2026ની પ્લેઓફની રેસમાંથી બહાર થઈ ગઈ હોય, પરંતુ તે હવે અન્ય ટીમોનું પ્લેઓફ સમીકરણ બગાડવામાં લાગી ગઈ છે. લખનઉની ટીમનો પહેલો શિકાર 5 વખતની ચેમ્પિયન ચેન્નઈ સુપર કિંગ્સ (CSK) બની છે. લખનઉએ ચેન્નઈ સામેની મેચમાં 7 વિકેટે ધમાકેદાર જીત નોંધાવી હતી. આ જીતથી કેપ્ટન રિષભ પંત ચોક્કસપણે ખુશ થયો હશે, પરંતુ તેની આ ખુશી લાંબો સમય ટકી શકી નહોતી. ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (BCCI) દ્વારા આઈપીએલ કોડ ઓફ કન્ડક્ટનું ઉલ્લંઘન કરવા બદલ પંતને સજા ફટકારવામાં આવી છે અને દંડ પણ લગાવવામાં આવ્યો છે. આઈપીએલ દ્વારા જાહેર કરવામાં આવેલી સત્તાવાર યાદી અનુસાર, લખનઉ સુપર જાયન્ટ્સના કેપ્ટન રિષભ પંત પર શુક્રવારે લખનઉના ભારત રત્ન શ્રી અટલ બિહારી વાજપેયી એકાના ક્રિકેટ સ્ટેડિયમમાં ચેન્નઈ સુપર કિંગ્સ સામેની મેચ નંબર 59 દરમિયાન સ્લો ઓવર રેટ જાળવવા બદલ દંડ ફટકારવામાં આવ્યો છે.

આઈપીએલના કોડ ઓફ કન્ડક્ટના આર્ટિકલ 2.22 હેઠળ, આ સીઝનમાં લખનઉની ટીમની આ પહેલી ભૂલ હતી, તેથી કેપ્ટન રિષભ પંત પર 12 લાખનો દંડ લગાવવામાં આવ્યો છે. લખનઉ સુપર જાયન્ટ્સે ઓસ્ટ્રેલિયન ઓલરાઉન્ડર મિચેલ માર્શની 90 રનની તોફાની ઈનિંગ્સની મદદથી ચેન્નઈ સુપર કિંગ્સને 20 બોલ બાકી રહેતા 7 વિકેટે હરાવીને પ્લેઓફમાં પહોંચવાની તેની આશાઓને મોટો ઝટકો આપ્યો છે. ચેન્નઈ સુપર કિંગ્સને 5 વિકેટે 187 રન પર રોક્યા બાદ, પ્લેઓફની દોડમાંથી બહાર થઈ ચૂકેલી લખનઉની ટીમે માત્ર 16.4 ઓવરમાં 3 વિકેટ ગુમાવીને 188 રન બનાવી લક્ષ્ય હાંસલ કરી લીધું હતું. આ હારથી ચેન્નઈના નેટ રનરેટને પણ ભારે નુકસાન થયું છે. ચેન્નઈ સુપર કિંગ્સની 12 મેચોમાં આ છઠ્ઠી હાર છે, જેના કારણે ટીમનો નેટ રનરેટ 0.185થી ઘટીને 0.027 થઈ ગયો છે અને ટીમ પોઈન્ટ ટેબલમાં પાંચમા સ્થાનેથી છઠ્ઠા સ્થાને સરકી ગઈ છે. મિચેલ માર્શે પોતાની 38 બોલની ઈનિંગ્સમાં 9 ચોગ્ગા અને 7 છગ્ગા ફટકાર્યા હતા. તેણે ઓપનિંગ વિકેટ માટે જોશ ઈંગ્લિશ (35 રન) સાથે મળીને માત્ર 70 બોલમાં 135 રનની તોફાની ભાગીદારી કરીને મેચની શરૂઆતમાં જ ચેન્નઈની પકડ ઢીલી કરી દીધી હતી. માર્શ અને નિકોલસ પૂરને (17 બોલમાં અણનમ 32 રન) મળીને ચેન્નઈના અંશુલ કમ્બોજની એક જ ઓવરમાં ચાર-ચાર છગ્ગા ફટકાર્યા હતા. કમ્બોજે પોતાની 2.4 ઓવરના સ્પેલમાં 63 રન લૂંટાવ્યા હતા. મિચેલ માર્શની આક્રમક ઈનિંગ્સે ચેન્નઈના યુવા બેટર કાર્તિક શર્માની શાનદાર ઈનિંગ્સને ફીકી પાડી દીધી હતી. ટૉપ ઓર્ડરના બેટર્સ સસ્તામાં આઉટ થયા બાદ, ચેન્નઈએ કાર્તિક શર્માની 71 રનની સંયમિત ઈનિંગ્સની મદદથી સન્માનજનક સ્કોર બનાવ્યો હતો. ચેન્નઈની શરૂઆત ખરાબ રહી હતી અને ટીમે 7.2 ઓવરમાં 52 રનમાં જ 3 વિકેટ ગુમાવી દીધી હતી.




## સતત ત્રણ મેચ જીત્યા પછી ચેન્નઈ હાર્યું

મુંબઈ

લખનઉ સુપર જાયન્ટ્સે શાનદાર બેટિંગનું પ્રદર્શન કરતા ચેન્નઈ સુપર કિંગ્સને 7 વિકેટે પરાજય આપ્યો છે. લખનઉએ 188 રનનો ટાર્ગેટ 3 વિકેટના નુકસાને માત્ર 16.4 ઓવરમાં જ ચેઝ કરી લીધો હતો. લખનઉના એકાના સ્ટેડિયમમાં રમાયેલી આ મેચમાં લખનઉએ ટૉસ જીતીને પહેલા બોલિંગ કરવાનો નિર્ણય કર્યો હતો. ચેન્નઈએ નિર્ધારિત 20 ઓવરમાં 5 વિકેટ ગુમાવીને 187 રન બનાવ્યા હતા, જેના જવાબમાં લખનઉએ આક્રમક રમત બતાવીને સરળતાથી જીત મેળવી હતી. માર્શ-ઈંગ્લિસ વચ્ચે 135 રનની ઓપનિંગ પાર્ટનરશિપ જીતના હીરો મિચેલ માર્શ રહ્યો હતો, જેણે 38 બોલમાં 90 રનની તોફાની ઈનિંગ રમી હતી. તેની ઈનિંગમાં 9 ચોગ્ગા અને 7 છગ્ગા સામેલ હતા. બીજી તરફ જોશ ઈંગ્લિસે 36 રન બનાવીને 135 રનની શાનદાર ઓપનિંગ ભાગીદારી નોંધાવી હતી. અંતમાં નિકોલસ પૂરન 17 બોલમાં 32 રન બનાવીને અણનમ પરત ફર્યો હતો. તેણે 17મી ઓવરમાં અંશુલ કંબોજને સતત ચાર ચોગ્ગા ફટકાર્યા હતા. ચેન્નઈ તરફથી મુકેશ ચૌધરી અને સ્પેન્સર જોન્સને 1-1 વિકેટ મળી હતી, પરંતુ બોલરો લખનઉના બેટર્સ પર દબાણ બનાવી શક્યા નહોતા. ખાસ કરીને અંશુલ કંબોજ ઘણો મોંઘો સાબિત થયો હતો અને તેણે 2.4 ઓવરમાં 63 રન લૂંટાવ્યા હતા. ચેન્નઈની શરૂઆત નબળી રહી હતી અને પાવરપ્લેમાં જ બે મોટી વિકેટો ગુમાવી દીધી હતી, પરંતુ ત્યારબાદ કાર્તિક શર્મા અને ડેવાલ્ડ બ્રેવિસે ઈનિંગને સંભાળી હતી. કાર્તિકે 42 બોલમાં 71 રનની શાનદાર ઈનિંગ રમી હતી, જેમાં 6 ચોગ્ગા અને 5 છગ્ગાનો સમાવેશ થાય છે. જ્યારે બ્રેવિસે 16 બોલમાં 25 રનનું યોગદાન આપ્યું હતું. બંને વચ્ચે ચોથી વિકેટ માટે 70 રનની મહત્વપૂર્ણ ભાગીદારી થઈ હતી. ડેથ ઓવર્સમાં શિવમ દુબેએ તોફાની બેટિંગ કરતા 16 બોલમાં અણનમ 32 રન બનાવ્યા હતા, જ્યારે પ્રશાંત વીરે 13 રન જોડ્યા હતા.

### ફેનની કમેન્ટ પર અર્શદીપનો વિવાદાસ્પદ જવાબ

## ચિપ્સ-કોલ્ડ્રિંક્સના પૈસા માગનારા પંજાબને સલાહ ન આપેઃ અર્શદીપ

મુંબઈ

IPL 2026માં પંજાબ કિંગ્સ (PBKS)નો ઝડપી બોલર અર્શદીપ સિંહ હાલમાં સોશિયલ મીડિયા પર જોરદાર ચર્ચામાં છે. અર્શદીપ મેદાન પર પોતાના પ્રદર્શન કરતાં મેદાનની બહારની હરકતો અને વિવાદોને કારણે વધુ લાઈમલાઈટમાં આવી રહ્યો છે, જેના લીધે તેના પર સતત સવાલો ઊઠી રહ્યા છે. તાજેતરમાં જ તેણે સોશિયલ મીડિયા પર એક ફેનની પોસ્ટ પર આપેલા આકરા રિએક્શન બાદ નવો વિવાદ છેડાયો છે. વાસ્તવમાં, આઈપીએલમાં પંજાબ ટીમની નબળી રમત અને સતત ખરાબ પ્રદર્શનથી નારાજ થઈને એક ક્રિકેટ ફેને સોશિયલ મીડિયા પર લખ્યું હતું કે, 'પંજાબનું નામ IPLમાંથી હટાવી દો, તમે લોકો અમારી બેઈજ્જતી કરાવી રહ્યા છો.' ફેનની આ કમેન્ટ પર અર્શદીપ સિંહ પોતાનો ગુસ્સો કાબૂમાં રાખી શક્યો નહીં. તેણે સ્નેપચેટ (Snapchat) પર આ ફેનને વળતો જવાબ આપતા લખ્યું કે, 'તમે પંજાબ માટે શું કર્યું છે, સિંહ સાહેબ? જે લોકો આજે પણ ઘરના સભ્યો પાસે ચિપ્સ અને કોલ્ડ ડ્રિંક્સના પૈસા માગે છે, તેઓ મને પંજાબ પર સલાહ ન આપે.'




અર્શદીપ સિંહનો આ જવાબ સોશિયલ મીડિયા પર ખૂબ વાઈરલ થઈ ગયો છે અને તેને લઈને યુઝર્સ બે ભાગમાં વહેંચાઈ ગયા છે. કેટલાક ફેન્સ અર્શદીપના સમર્થનમાં આવ્યા છે અને તેમનું કહેવું છે કે ખેલાડીઓને પણ સતત ટ્રોલિંગ અને વ્યક્તિગત હુમલાઓનો સામનો કરવો પડે છે, તેથી તેનો ગુસ્સો વાજબી છે. જોકે, મોટી સંખ્યામાં લોકો અર્શદીપના આ વર્તનથી નારાજ છે.

## ક્રિકેટર હાર્દિક પંડ્યા બીજી વાર વરરાજા બનશે?

### 8 વર્ષ નાની ગર્લફ્રેન્ડ માહિકા સાથે ઉદયપુરમાં લગ્ન કરવાની ચર્ચા, વેડિંગ ડેટ વાયરલ

મુંબઈ

ગુજરાતી ક્રિકેટર અને IPL (ઈન્ડિયન પ્રીમિયર લીગ)ની 'મુંબઈ ઈન્ડિયન્સ'ના કેપ્ટન હાર્દિક પંડ્યા ક્રિકેટની સાથે સાથે પોતાની લવ લાઈફને લઈને પણ ચર્ચામાં રહે છે. તાજેતરમાં કેટલીક મેચ દરમિયાન ઈજાગ્રસ્ત થવાના કારણે હાર્દિક IPLની કેટલીક મેચ રમ્યો નથી. આ દરમિયાન ક્રિકેટર તેની 8 વર્ષ નાની ગર્લફ્રેન્ડ માહિકા શર્મા સાથે લગ્ન કરવાનો હોવાનું ચર્ચાઓનું એરણે ચઢ્યું છે. સાથે જ હાર્દિકના બીજા લગ્નની તારીખ અને સ્થળ વિશેની માહિતી પણ વાયરલ થઈ રહી છે. ઉદયપુરમાં શાહી લગ્ન કરશે! વાસ્તવમાં સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X (અગાઉ ટ્વિટર) પર કેટલાક યુઝર્સ દ્વારા દાવો કરવામાં આવ્યો છે કે, ક્રિકેટર હાર્દિક પંડ્યા અને મૉડલ માહિકા શર્મા 22 મેના રોજ રાજસ્થાનના ઉદયપુરમાં લગ્ન કરી રહ્યા છે. આ ઉપરાંત કેટલાક યુઝર્સ આને BCCI (ધ બોર્ડ ઓફ કંટ્રોલ ફોર ક્રિકેટ ઈન ઈન્ડિયા)એ લીધેલા તાજેતરના નિર્ણય સાથે જોડી રહ્યા છે. યુઝર્સે લખ્યું છે કે, 'હાર્દીકની દરેક મેચ દરમિયાન માહિકા સતત સ્ટેડિયમમાં જોવા મળતી હતી. અહેવાલો અનુસાર હાર્દિક ટીમની આંતરિક સમીક્ષા બેઠકો (debriefs) છોડીને મેચ પૂરી થતાં જ સીધો તેની પાસે દોડી જતો હતો. અફવાઓ એવી છે કે માહીકાએ ડ્રેસિંગ રૂમમાંથી ટીમની ખાનગી ચર્ચાઓ લીક કરી દીધી હતી. કથિત રીતે અંબાણી પરિવારને આ વાતની ખબર પડી અને તેમણે આ અંગે ભારે નારાજગી વ્યક્ત કરી હતી.' પોસ્ટમાં આગળ લખ્યું છે, 'અહેવાલો મુજબ, અંબાણી પરિવારે BCCIને સુરક્ષા અને ગોપનીયતાના નિયમો વધુ કડક કરવા વિનંતી કરી હતી. બીસીસીઆઈએ ખેલાડીઓને ટીમના કેમ્પની આસપાસ તેમની ગર્લફ્રેન્ડ્સને લાવવા પર સખત પ્રતિબંધ મૂકી દીધો હતો. હાર્દિક તેના અંગત જીવન પર લાદવામાં આવેલા આ નવા નિયંત્રણોથી ભારે ગુસ્સે ભરાયો હતો. અહેવાલો અનુસાર, તેણે વિરોધ સ્વરૂપે આગળ ક્રિકેટ રમવાની ના પાડી દીધી હતી. હાર્દિક હવે 22 મેના રોજ ઉદયપુરમાં માહીકા સાથે લગ્ન કરવા માટે સંપૂર્ણપણે તૈયાર છે. આ લગ્ન તેને (માહિકાને) સત્તાવાર રીતે ફરીથી સ્ટેડિયમમાં લાવવા માટેની એક વ્યૂહાત્મક ચાલ છે.' નોંધનીય છે કે, હજુ સુધી હાર્દિક પંડ્યા કે માહિકા શર્માએ આ ચર્ચાઓ ઉપર કોઈ પ્રતિક્રિયા આપી નથી, તેમજ લગ્નની સત્તાવાર પુષ્ટિ પણ કરી નથી. તેવામાં અન્ય સોશિયલ મીડિયા યુઝર્સ આ પોસ્ટ્સને ફેક ગણાવી રહ્યા છે. પરંતુ આ વાયરલ પોસ્ટ્સે હાર્દિકના બીજા લગ્નની ચર્ચાઓમાં બળતામાં ઘી હોમ્યું છે.

ટી-20 વર્લ્ડ કપમાં હાર્દિક-માહિકાનો ખુલ્લમખુલ્લા રોમાંસ ટી-20 વર્લ્ડ કપમાં શાનદાર પ્રદર્શન કરી ભારતે મેચ જીત્યા બાદ સ્ટેડિયમમાં જીતનું સેલિબ્રેશન ચાલી રહ્યું હતું. આ દરમિયાન માહિકાએ હાર્દિકને સ્ટેડિયમમાં કિસ કરી હતી. કપલ એકબીજાનો હાથ પકડીને સ્ટેડિયમ વચ્ચે ડાન્સ કરતા જોવા મળ્યું હતું.





### સોનું ₹7,000 વધીને ₹1.58 લાખ થયું

# ચાંદી આ અઠવાડિયે ₹12,900 મોંઘી થઈ

મુંબઈ

આ અઠવાડિયે 1 કિલો ચાંદીના ભાવ 12,900 રૂપિયા વધીને 2.69 લાખ રૂપિયા પર પહોંચી ગયા છે. આ પહેલા તે ગયા અઠવાડિયે એટલે કે 9 મેના રોજ 2.56 લાખ રૂપિયા પર હતી.

જ્યારે, સોનાના ભાવમાં 7,132 નો વધારો થયો. 9 મેના રોજ 10 ગ્રામ સોનું 1.51 લાખ રૂપિયા પર હતું, જે વધીને 1.58 લાખ રૂપિયા પર પહોંચી ગયું છે. આ વર્ષે સોનું 25 હજાર અને ચાંદી 38 હજાર મોંઘી થઈ આ વર્ષે સોના-ચાંદીની કિંમતમાં સતત ઉતાર-ચઢાવ જોવા મળી રહ્યો છે. સોનું 2026માં અત્યાર સુધીમાં 25,015 રૂપિયા અને ચાંદી 38,080 રૂપિયા મોંઘી થઈ છે. 31 ડિસેમ્બર 2025ના રોજ 10 ગ્રામ સોનું 1.33 લાખ રૂપિયા પર હતું, જે હવે 1.58 લાખ રૂપિયા પર પહોંચી ગયું છે. ત્યાં, ચાંદી 2.30 લાખ રૂપિયા પ્રતિ કિલો હતી, જે હવે 2.69 લાખ રૂપિયા પર પહોંચી ગઈ છે. આ સમયગાળા દરમિયાન, 29 જાન્યુઆરીએ સોનાએ 1.76 લાખ રૂપિયા અને ચાંદીએ 3.86 લાખ રૂપિયાનો ઓલટાઈમ હાઈ પણ બનાવ્યો હતો.



સરકારે સોના-ચાંદી પરની ઈમ્પોર્ટ ડ્યુટી 6% થી વધારીને 15% કરી કેન્દ્ર સરકારે સોના અને ચાંદીની આયાત પર લાગતી ડ્યુટી 6% થી વધારીને 15% કરી દીધી છે.

સરકારે સોના પર 10% બેઝિક કસ્ટમ ડ્યુટી અને 5% એગ્રીકલ્ચર ઈન્ફ્રાસ્ટ્રક્ચર એન્ડ ડેવલપમેન્ટ સેસ (AIDC) લગાવ્યો છે. 1. સર્ટિફાઈડ ગોલ્ડ જ ખરીદો: હંમેશા બ્યુરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ (BIS) નો હોલમાર્ક લગાવેલ સર્ટિફાઈડ ગોલ્ડ જ ખરીદો. આ નંબર આલ્ફાન્યુમેરિક એટલે કે આ રીતે હોઈ શકે છે- AZ4524. હોલમાર્કિંગથી ખબર પડે છે કે સોનું કેટલા કેરેટનું છે. 2. કિંમત ક્રોસ ચેક કરો: સોનાનું સાચું વજન અને ખરીદવાના દિવસે તેની કિંમત ઘણા સ્રોતો (જેમ કે ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશનની વેબસાઈટ) થી ક્રોસ ચેક કરો. સોનાનો ભાવ 24 કેરેટ, 22 કેરેટ અને 18 કેરેટના હિસાબે અલગ-અલગ હોય છે.

### 2025-26 સીઝન ઓક્ટોબરથી સપ્ટેમ્બરમાં ખાંડનું ઉત્પાદન લગભગ 27.95 મિલિયન ટન રહેવાની ધારણા

# ખાંડની નિકાસ પર અચાનક પ્રતિબંધ મૂકાતા ઉદ્યોગની ચિંતામાં વધારો

મુંબઈ

૩૦ સપ્ટેમ્બર સુધી નિકાસ પર પ્રતિબંધ મૂકવાના અચાનક નિર્ણય પર ખાંડ ક્ષેત્ર એ આશ્ચર્ય વ્યક્ત કર્યું છે. સરકારે હાલના ૧.૫ મિલિયન ટનમાંથી ૫૦૦,૦૦૦ ટનની વધારાની નિકાસને મંજૂરી આપ્યા પછી આ નિર્ણય અચાનક આવ્યો છે. જ્યારે કેટલાક લોકોએ દલીલ કરી હતી કે સ્થાનિક ભાવમાં વધારાને નિયંત્રિત કરવા અને આગામી મહિનાઓમાં બજારમાં પૂરતી ખાંડની ઉપલબ્ધતા સુનિશ્ચિત કરવા માટે નિકાસ પર પ્રતિબંધ લાદવામાં આવ્યો હતો, ત્યારે અન્ય લોકોએ આ નિર્ણયથી લાંબા ગાળે ખેડૂતોને નુકસાન પહોંચાડશે તેવો મત વ્યક્ત કર્યો હતો. કેટલાક દલીલ કરે છે કે સરકારના આ પગલાથી ખાંડ મિલોના ભાવ નિયંત્રિત કરવાનો ઉદ્દેશ્ય પ્રાપ્ત થશે નહીં, જે છેલ્લા કેટલાક અઠવાડિયામાં ઓછા બંધ સ્ટોક અને ઉત્પાદનમાં ઘટાડાના ભયને કારણે રૂ. ૩૫- રૂ. ૩૬ પ્રતિ કિલોથી વધીને રૂ. ૩૮- રૂ. ૪૦ પ્રતિ કિલો થઈ ગયા છે. ઉદ્યોગના સુત્રોએ જણાવ્યું હતું કે, કુલ સંગ્રહ ઓછો છે.

૨૦૨૫-૨૬ સીઝન (ઓક્ટોબરથી સપ્ટેમ્બર) માં ખાંડનું ઉત્પાદન લગભગ ૨૭.૯૫ મિલિયન ટન રહેવાની ધારણા છે, જે અગાઉ અંદાજિત ૨૯ મિલિયન ટન હતું, અને બંધ સ્ટોક ૩.૮ થી ૩.૯ મિલિયન ટન હોવાનો અંદાજ છે, જે ગયા વર્ષના ૫ મિલિયન ટન કરતા નોંધપાત્ર રીતે ઓછો છે. નિકાસ પ્રતિબંધથી સરકારને વધુમાં વધુ ૨૦૦,૦૦૦ ટન ખાંડની બચત થશે જે અન્યથા નિકાસ કરવામાં આવી હોત, પરંતુ આનાથી કુલ પુરવઠો કેટલો વધશે તે જોવાનું બાકી છે. ઈન્ડિયન સુગર એન્ડ બાયો-એનર્જી મેન્યુફેક્ચરર્સ એસોસિએશને કહ્યું હતું કે સરકારનું પગલું વિદેશી ખરીદદારો પ્રત્યે પ્રતિબદ્ધતા ધરાવતી મિલો માટે મુશ્કેલીઓ ઊભી કરી શકે છે. પહેલાથી જ પૂર્ણ થયેલા કરારોના અમલને મંજૂરી આપવાથી વ્યવસ્થિત વેપાર સમાધાનને સરળ બનાવી શકાય છે. ચાલુ ખાંડ સીઝન ૨૦૨૫-૨૬ (ઓક્ટોબર-સપ્ટેમ્બર) માટે, ખાદ્ય મંત્રાલયે શરૂઆતમાં ૧.૫ મિલિયન ટનની નિકાસને મંજૂરી આપી હતી, બાદમાં વધારાની ૫૦૦,૦૦૦ ટનની નિકાસને મંજૂરી આપી હતી, જેમાંથી ફક્ત ૮૭,૫૮૭ ટન જ મંજૂર કરવામાં આવ્યા હતા.




તાત્કાલિક અસરથી ખાંડની નિકાસ પર પ્રતિબંધ મૂકવાના નિર્ણય બાદ ગુરુવારે ખાંડ કંપનીના શેરમાં ૭ ટકા સુધીનો ઘટાડો થયો હતો. કેટલાક દલીલ કરે છે કે સરકારના આ પગલાથી ખાંડ મિલોના ભાવ નિયંત્રિત કરવાનો ઉદ્દેશ્ય પ્રાપ્ત થશે નહીં, જે છેલ્લા કેટલાક અઠવાડિયામાં ઓછા બંધ સ્ટોક અને ઉત્પાદનમાં ઘટાડાના ભયને કારણે રૂ. ૩૫- રૂ. ૩૬ પ્રતિ કિલોથી વધીને રૂ. ૩૮- રૂ. ૪૦ પ્રતિ કિલો થઈ ગયા છે. ઉદ્યોગના સુત્રોએ જણાવ્યું હતું કે, કુલ સંગ્રહ ઓછો છે. ૨૦૨૫-૨૬ સીઝન (ઓક્ટોબરથી સપ્ટેમ્બર) માં ખાંડનું ઉત્પાદન લગભગ ૨૭.૯૫ મિલિયન ટન રહેવાની ધારણા છે, જે અગાઉ અંદાજિત ૨૯ મિલિયન ટન હતું, અને બંધ સ્ટોક ૩.૮ થી ૩.૯ મિલિયન ટન હોવાનો અંદાજ છે, જે ગયા વર્ષના ૫ મિલિયન ટન કરતા નોંધપાત્ર રીતે ઓછો છે.

### ભારતમાં ગઈકાલે ₹3-3 મોંઘા થયા હતા

# પાક.માં પેટ્રોલ અને ડીઝલમાં 5-5 રૂપિયાનો ઘટાડો: લોકોના વિરોધ પછી શાહબાઝ સરકારનો નિર્ણય

મુંબઈ

પાકિસ્તાન સરકારે પેટ્રોલ અને ડીઝલના ભાવમાં 5 રૂપિયા પ્રતિ લિટર (પાકિસ્તાની રૂપિયો) નો ઘટાડો કર્યો છે. આ પછી હવે પાકિસ્તાનમાં પેટ્રોલની કિંમત 409.78 રૂપિયા પ્રતિ લિટર અને હાઈ-સ્પીડ ડીઝલ (HSD)ની કિંમત 409.58 રૂપિયા પ્રતિ લિટર થઈ ગઈ છે. નવા ભાવ આજથી એટલે કે 16 મેથી લાગુ થઈ ગયા છે.

તાજેતરના દિવસોમાં સતત વધતી કિંમતો પછી, આ ઘટાડાથી મધ્યમ અને નિમ્ન-મધ્યમ વર્ગના બજેટને થોડો ટેકો મળવાની અપેક્ષા છે, કારણ કે પેટ્રોલની સીધી અસર મોટરસાયકલ, રિક્ષા અને નાના વાહનો પર પડે છે. પાકિસ્તાન સરકાર છેલ્લા કેટલાક સમયથી દર અઠવાડિયે શુક્રવારે રાત્રે પેટ્રોલિયમ કિંમતોની સમીક્ષા કરી રહી છે. 28 ફેબ્રુઆરીથી અમેરિકા અને ઈરાન વચ્ચે શરૂ થયેલા યુદ્ધ (જે હાલ પૂરતું અટક્યું છે) પછીથી જ પાકિસ્તાનમાં ઈંધણ સંકટ છે. ગયા અઠવાડિયે જ 15 રૂપિયા સુધી ભાવ વધાર્યા હતા પાક સરકારે ભલે 5 રૂપિયાની રાહત આપી છે, પરંતુ બરાબર એક અઠવાડિયા પહેલા પેટ્રોલની કિંમતોમાં 14.92 અને ડીઝલમાં 15 રૂપિયા પ્રતિ લિટરનો વધારો કર્યો હતો. 28 ફેબ્રુઆરીએ યુદ્ધ શરૂ થયાના તરત જ પછી, સરકારે 6 માર્ચે પેટ્રોલ-ડીઝલ 55 રૂપિયા પ્રતિ લિટર મોંઘું કરી દીધું હતું. 2 એપ્રિલે પેટ્રોલમાં 43% અને હાઈ-સ્પીડ ડીઝલની કિંમતોમાં 55% નો વધારો કર્યો હતો.




ભારતમાં પેટ્રોલ-ડીઝલ 3-3 મોંઘા થયા ભારતમાં 15 મેના રોજ પેટ્રોલ અને ડીઝલના ભાવમાં પ્રતિ લિટર 3-3 રૂપિયાનો વધારો થયો હતો. તેનાથી દિલ્હીમાં પેટ્રોલ 97.77 રૂપિયા પ્રતિ લિટર અને ડીઝલ 90.67 રૂપિયા પ્રતિ લિટર પર પહોંચી ગયું. તે જ સમયે, કંપનીઓએ મુખ્ય શહેરોમાં CNG પણ 2 પ્રતિ કિલો સુધી મોંઘી કરી દીધી. દિલ્હીમાં હવે એક કિલો CNG માટે 79.09 ખર્ચ કરવા પડી રહ્યા છે.

## રિઝર્વ બેંક દ્વારા એકી સામટા 150 NBFCના લાયસન્સ રદ કરાયા

- સાત કંપનીઓએ સ્વેચ્છાએ તેમના લાયસન્સ પરત કર્યા
- કેટલીક કંપનીઓએ સ્વેચ્છાએ વ્યવસાય છોડી દેવાનો નિર્ણય લીધો

મુંબઈ

ભારતીય રિઝર્વ બેંકે દેશમાં એનબીએફસી પર પોતાની પકડ વધુ કડક બનાવી છે, એક જ ઝાટકે ૧૫૦ એનબીએફસીના નોંધણી પ્રમાણપત્રો રદ કર્યા છે. કેન્દ્રીય બેંક દ્વારા આ કડક કાર્યવાહી RBI અધિનિયમ, ૧૯૩૪ ની કલમ ૪૫-IA (૬) હેઠળ કરવામાં આવી છે. આ કાર્યવાહીનો અર્થ એ છે કે આ કંપનીઓ હવે કોઈપણ નાણાકીય વ્યવસાય અથવા ધિરાણ વ્યવસાય કરી શકશે નહીં. વધુમાં, સાત અન્ય કંપનીઓએ સ્વેચ્છાએ તેમના લાઈસન્સ પરત કર્યા છે. આ પછી, તેમના નોંધણી પણ રદ કરવામાં આવ્યા હતા.રિઝર્વ બેંકની આ કાર્યવાહીથી પ્રભાવિત મોટાભાગની કંપનીઓ પશ્ચિમ બંગાળ અને દિલ્હી સ્થિત છે. જો કે, આ ઉપરાંત તેલંગાણા, કર્ણાટક, તમિલનાડુ, બિહાર, હરિયાણા, મધ્યપ્રદેશ અને રાજસ્થાન જેવા રાજ્યોની કંપનીઓનો પણ સમાવેશ થાય છે. કોલકાતાની અકિન વિનકોમ, એડમાયર એક્સચેન્જ અને દિલ્હીની ગોલ સિક્યોરિટીઝ જેવી ઘણી જાણીતી કંપનીઓને પણ બ્લેકલિસ્ટ કરવામાં આવી છે. કાર્યવાહી વચ્ચે, કેટલીક કંપનીઓએ સ્વેચ્છાએ વ્યવસાય છોડી દેવાનો નિર્ણય લીધો છે. રિઝર્વ બેંકના જણાવ્યા અનુસાર, અશોક વિનિયોગ અને ગુરુ કૃપા ફિનવેસ્ટ સહિત ચાર કંપનીઓએ સ્વેચ્છાએ તેમના લાઈસન્સ પરત કરી દીધા છે, જેનાથી તેમના વ્યવસાયો બંધ થઈ ગયા છે. દરમિયાન, આરઆર હોલ્ડિંગ્સ અને અંજલિ કેપફિન જેવી કંપનીઓને હવે રિઝર્વ બેંકની નોંધણીની જરૂર નથી કારણ કે તેઓ અનરજિસ્ટર્ડ કોર ઈન્વેસ્ટમેન્ટ કંપનીઓ (CIC) ની શ્રેણીમાં આવે છે.

# અમિત શાહની CM, DyCM સાથે એક કલાકની બેઠક પૂર્ણ

## ■ અમદાવાદના 4 વોર્ડના તમામ નવનિયુક્ત કોર્પોરેટરો સાથે મુલાકાત કરી, ગાંધીનગર લોકસભાના વિકાસ કાર્યોની અધિકારીઓ સાથે પણ ચર્ચા

અમદાવાદ

કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી અમિત શાહ આજથી બે દિવસ અમદાવાદ અને ગાંધીનગરની મુલાકાતે આવ્યા છે. અમિત શાહે આજે 16મે અમદાવાદના દક્ષિણ પશ્ચિમ ઝોનની ઓફિસ ખાતે ગાંધીનગર લોકસભામાં ચાલતા વિકાસ કાર્યો અને વૃક્ષારોપણને લઈને અમદાવાદ તેમજ ગાંધીનગરના ઉચ્ચ અધિકારીઓ સાથે બેઠક કરી હતી. નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી પણ બેઠકમાં હાજર રહ્યા હતા. સરખેજ- ગાંધીનગર હાઈવેના આધુનિકરણને લઈને પોલીસ કમિશનર તેમજ મ્યુનિસિપલ કમિશનર સહિતના ઉચ્ચ અધિકારીઓ સાથે બેઠક કરી હતી.

ગાંધીનગર લોકસભા અંતર્ગત આવતા ઘાટલોડિયા, ગોતા ચાંદલોડિયા, થલતેજ સહિતના વોર્ડના તળાવના ઈન્ટરલિન્કિંગને લઈને મ્યુનિસિપલ કમિશનર અને ઉચ્ચ અધિકારીઓ સાથે બેઠક કરી હતી. બેઠકમાં ગાંધીનગર લોકસભા અંતર્ગત તળાવના ઈન્ટરલિંકિંગ કરવા માટે ઝડપથી કામગીરી કરવા માટે સુચના આપવામાં આવી હતી.

કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી અમિત શાહે ગાંધીનગરના માણસા નગરપાલિકામાં વિકાસ કાર્યોને લઈને પણ ગાંધીનગર જિલ્લાના તેમજ માણસાના ઉચ્ચ અધિકારીઓ સાથે બેઠક કરી હતી અને તમામ કામોને ઝડપી પૂર્ણ કરવા જણાવ્યું હતું. ગાંધીનગર



લોકસભા અંતર્ગત આવતી સાર્વજનિક હોસ્પિટલો માટે પણ કેન્દ્રીય ગૃહ મંત્રીએ તમામ લોકોને સારી સુવિધા મળે તેના માટે જણાવ્યું હતું. હોસ્પિટલો અને જૂની હોસ્પિટલોના રિનોવેશન માટે પણ સૂચના આપવામાં આવી હતી. સાર્વજનિક હોસ્પિટલો બાબતે સમીક્ષા માટે આરોગ્ય મંત્રી પ્રફુલ પાનસેરીયા પણ ઉપસ્થિત રહ્યા હતા.

### ■ ત્રણ ગાડીઓના કાફલા સાથે અમિત શાહ

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પેટ્રોલ અને ડીઝલ બચાવવા માટેની અપીલ કરી છે ત્યારે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે પણ પોતાના કાફલામાં ઘટાડો કર્યો છે. ત્રણ ગાડીઓના કાફલા સાથે કેન્દ્રીય મંત્રી અમદાવાદના એસજી હાઈવે પર આવેલા દક્ષિણ પશ્ચિમ ઝોનની ઓફિસ ખાતે પહોંચ્યા હતા. નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી પણ માત્ર એક જ ગાડી સાથે આવ્યા હતા.

### ■ વૃક્ષારોપણ અને 5 મિલિયન ટ્રી અંગે ચર્ચા

ગાંધીનગર લોકસભા હરિયાળી લોકસભા અંતર્ગત કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહ દ્વારા શહેરમાં વૃક્ષારોપણ અને ગ્રીન કવર વધારવા માટે અધિકારીઓને સૂચના બેઠકમાં આપી હોવાનું જાણવા મળ્યું છે.કેન્દ્રીય ગૃહ મંત્રીએ ગાંધીનગર લોકસભામાં કરવામાં આવેલા વૃક્ષારોપણ અને આગામી મિશન 5 મિલિયન ટ્રી અંગે ચર્ચા કરી હતી. સરખેજ ગાંધીનગર હાઈવેના આધુનિકીકરણને લઈને નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયા, મ્યુનિસિપલ કમિશનર અને પોલીસ કમિશનર સહિતના અધિકારીઓ સાથે બેઠક કરી હતી. એસજી હાઈવે ઉપરની ડિઝાઈન અને સતત વધતા અકસ્માત અંગે ચર્ચા હાથ કરી હતી.

---

**નારણપુરામાં મંદિરમાંથી ચાંદી, તાંબા-પિત્તળની મૂર્તિઓ ચોરી કરીને ફરાર થયા**

# સરખેજમાં વૃદ્ધ દંપતીના બંગલા પર તસ્કરો ત્રાટ્કયા : 31.40 લાખની ચોરી

અમદાવાદ

અમદાવાદમાં તસ્કરો બેફામ બન્યા હોય તેમ એક પછી એક ચોરીની ઘટનાઓ સામે આવી રહી છે. શહેરના મકરબા અને નારણપુરા વિસ્તારમાં તસ્કરોએ બંધ મકાન તેમજ વૃદ્ધ દંપતીના બંગલાને નિશાન બનાવી લાખો રૂપિયાની રોકડ, દાગીના અને મૂર્તિઓની ચોરી કરી ફરાર થઈ ગયા હતા. બંને બનાવોને લઈને પોલીસ દોડતી થઈ ગઈ છે અને સીસીટીવી સહિત ટેક્નિકલ પુરાવાના આધારે તપાસ શરૂ કરવામાં આવી છે.

મકરબા ખાતે આવેલા સાકેત બંગ્લોઝમાં રહેતા 85 વર્ષીય સૌરભ શોધને સરખેજ પોલીસ સ્ટેશનમાં 31.40 લાખની ચોરીની ફરિયાદ નોંધાવી છે. સૌરભ શોધન પરિવાર સાથે સંયુક્ત પરિવારમાં રહે છે અને અગાઉ પ્લાસ્ટિકની ફેક્ટરીનો વ્યવસાય કરતા હતા. હાલ તેઓ નિવૃત જીવન વ્યતીત કરી રહ્યા છે.

ફરિયાદ મુજબ થોડા દિવસ પહેલા સૌરભ શોધન તેમની પત્ની સાથે બેડરૂમમાં સુઈ ગયા હતા. રાત્રિના સમયે અજાણ્યા તસ્કરો તેમના બંગલામાં પ્રવેશ્યા હતા. બીજા દિવસે સવારે ઉઠતા ગાર્ડન સાઈડનો દરવાજો ખુલ્લો જોવા મળ્યો હતો. ઘરમાં



તપાસ કરતા તમામ સામાન અસ્તવ્યસ્ત હાલતમાં જોવા મળ્યો હતો અને તિજોરી પણ ખુલ્લી હાલતમાં મળી આવી હતી. આ બનાવની જાણ સૌરભ શોધને તેમના દિકરા અને પુત્રવધુને કરી હતી.

તપાસ દરમિયાન ઘરમાંથી અંદાજે સાત હજાર અમેરિકન ડોલર સહિત કુલ આઠ લાખ રૂપિયાની રોકડ તેમજ 23.40 લાખ રૂપિયાના સોનાચાંદીના દાગીના મળી કુલ 31.40 લાખના મુદ્દામાલની ચોરી થઈ હોવાનું સામે આવ્યું હતું. બનાવની જાણ થતા સરખેજ પોલીસની ટીમ, ડોગ સ્ક્વોડ તેમજ ફોરેન્સિક ટીમ ઘટના સ્થળે પહોંચી હતી અને તપાસ હાથ ધરી હતી. પોલીસે આસપાસના સીસીટીવી કેમેરાના ફૂટેજ તેમજ ઘરેલુ સ્ટાફ સહિત વિવિધ દિશામાં તપાસ શરૂ કરી છે.

બીજી તરફ નારણપુરા વિસ્તારમાં આવેલા શાસ્ત્રીનગર ખાતે રહેતી અંકિતાબેન રાજપુતે પણ નારણપુરા પોલીસ સ્ટેશનમાં ચોરીની ફરિયાદ નોંધાવી છે. અંકિતાબેન પરિવાર સાથે સંયુક્ત પરિવારમાં રહે છે.તેમના પતિ મયુરભાઈ અને પુત્ર આર્ટ એન્ડ ક્રાફ્ટનો વ્યવસાય કરે છે.

ફરિયાદ મુજબ મયુરભાઈ વ્યવસાય માટે અમેરિકા ગયા હતા ત્યારે તેઓ તાંબા અને પિત્તળની મૂર્તિઓ લાવ્યા હતા.

---

**દાદા-પિતા બૂટલેગર અને પૌત્ર રીઢો ગુનેગાર**

# કુખ્યાત કિશોર લંગડાનો પૌત્ર આદિત્ય કારતૂસ અને રિવોલ્વર સાથે પકડાયો

અમદાવાદ

કુખ્યાત બુટલેગર કિશોર લંગડાના પૌત્ર આદિત્યસિંહ દિલીપસિંહ રાઠોડની રાજકોટ એસઓજી (નાર્કોટિક્સ સેલ) ટીમે ગેરકાયદે હથિયાર રાખવાના ગુનામાં ધરપકડ કરી છે. આ પહેલા 13 મે 2026ના રોજ અમદાવાદમાં GLS કોલેજ નજીક વિદ્યાર્થી પર હુમલો કરનારો રીઢો ગુનેગાર પણ આદિત્યસિંહ રાઠોડ જ હતો, જે મુદ્દે નવરંગપુરા પોલીસે રિકન્સ્ટ્રક્શન કરાવીને પંચનામું કરીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. આ ગુનાની ગંભીરતા જોઈને પોલીસે તેનો વરઘોડો પણ કાઢ્યો હતો, પરંતુ તેને સહેજ પણ પસ્તાવો ન હતો. હવે તેણે જામીન પર છૂટીને ફરી એકવાર ગુનો આચર્યો છે.

વાત એમ છે કે, રાજકોટ સ્પેશિયલ ઓપરેશન ગ્રૂપ (નાર્કોટિક્સ) સેલની ટીમ 16 મેના રોજ પેટ્રોલિંગમાં હતી ત્યારે ન્યારી ડેમ મેઈન રોડ નજીક જાહેરમાં એક કાર નં. GJ-01-KW-0007 પાર્ક કરેલી હતી. આ કારમાં બે શંકાસ્પદ




શખસો જોવા મળતા તેમની તપાસ હાથ ધરાઈ હતી. આ દરમિયાન તેમની પાસેથી ગેરકાયદે હથિયારો મળી આવતા તેમની અટકાયત કરાઈ હતી.

---

**એક મહિનામાં CNG 4 રૂપિયા મોંઘો થતાં**

# રીક્ષાચાલકોનો વિરોધ : ભાડા વધારવા કરી માગ

> એક તરફ પેટ્રોલ-ડીઝલ અને જીવનજરૂરી ચીજવસ્તુઓના ભાવ આસમાને છે, ત્યારે સીએનજીમાં થયેલા આ સતત વધારાએ રિક્ષા ચાલકોનું બજેટ સંપૂર્ણપણે ખોરવી નાખ્યું છે

અમદાવાદ

અમદાવાદ શહેરમાં મોંઘવારીનો વધુ એક ડામ સામાન્ય જનતા અને મધ્યમ વર્ગ પર પડ્યો છે. જેને લઈને હવે રિક્ષા ચાલકો રસ્તા પર ઉતરી આવ્યા છે. અમદાવાદ રિક્ષા ચાલક એકતા યુનિયન દ્વારા CNG ગેસના સતત વધી રહેલા ભાવ સામે ઉગ્ર વિરોધ પ્રદર્શન શરૂ કરવામાં આવ્યું છે. રિક્ષા ચાલકોની માંગ છે કે, કાં તો CNG ગેસના ભાવ ઘટાડવામાં આવે અથવા તો મોંઘવારીના પ્રમાણમાં રિક્ષાના ભાડામાં તાત્કાલિક વધારો મંજૂર કરવામાં આવે.

યુનિયનના અગ્રણીઓના જણાવ્યા અનુસાર, છેલ્લા માત્ર એક જ મહિનામાં CNG ગેસના ભાવમાં અંદાજે 4 રૂપિયા જેટલો તોતિંગ વધારો ઝીંકી દેવામાં આવ્યો છે. એક તરફ પેટ્રોલ-ડીઝલ અને જીવનજરૂરી ચીજવસ્તુઓના ભાવ





આસમાને છે, ત્યારે સીએનજીમાં થયેલા આ સતત વધારાએ રિક્ષા ચાલકોનું બજેટ સંપૂર્ણપણે ખોરવી નાખ્યું છે. રોજનું કમાઈને રોજ ખાતા ગરીબ અને મધ્યમ વર્ગીય રિક્ષા ચાલકો માટે હવે ઘર ચલાવવું મુશ્કેલ બન્યું છે. યુનિયન પ્રતિનિધિએ દાવો કર્યો કે, છેલ્લે વર્ષ 2023માં રિક્ષાના ભાડામાં સત્તાવાર વધારો કરવામાં આવ્યો હતો. ત્યારથી લઈને અત્યાર સુધીમાં ગેસના ભાવ અને અન્ય ખર્ચાઓ ખૂબ વધી ગયા છે. રિક્ષા ચાલકોનું કહેવું છે કે, જો સરકાર ગેસના ભાવ નિયંત્રિત ન કરી શકતી હોય, તો મોંઘવારીના વર્તમાન દરને ધ્યાનમાં રાખીને રિક્ષાના મિનિમમ અને રનિંગ ભાડામાં તાત્કાલિક સુધારો કરવો જોઈએ.

અમદાવાદ જેવા મેટ્રો શહેરમાં દૈનિક ધોરણે આશરે 2.5 લાખ જેટલા લોકો મુસાફરી માટે રિક્ષાનો ઉપયોગ કરે છે. જો રિક્ષા ચાલકોની માંગણીઓ સંતોષવામાં નહીં આવે, તો આગામી દિવસોમાં આ લાખો મુસાફરોની હાલાકીમાં મોટો વધારો થઈ શકે છે. યુનિયને સ્પષ્ટ ચીમકી આપી છે કે જો CNG ગેસના ભાવમાં ઘટાડો કરવામાં નહીં આવે અથવા ભાડું નહીં વધારાય, તો આગામી દિવસોમાં સમગ્ર શહેરમાં ઉગ્ર આંદોલન અને ચક્કાજામ સાથે હડતાળ પાડવામાં આવશે.

---

**કણભા પોલીસ સ્ટેશનના પોલીસકર્મીએ 2 લાખ માગ્યા**

# 30 હજારની લાંચ લેતા ASI અને GRD જવાન ઝડપાયા

અમદાવાદ

કણભા પોલીસ સ્ટેશનના ASI અને GRD જવાન ફેક્ટરીમાં જઈને એક્સપાયર માલ કેમ વેચો કહીને તોડ કરવા ગયા હતાં. પોલીસે ખોટો કેસ કરવાનું કહીને 2 લાખની માંગણી કરી હતી, બાદમાં 30 હજારમાં પતાવટ કરવાનું કહી 30 હજારની લાંચ લેતા ASI અને GRD જવાન ઝડપાયા છે.

અમદાવાદ જિલ્લાના દસ્ક્રોઈમાં કોસ્મેટિક વસ્તુઓના ઉત્પાદન કરતી ફેક્ટરીમાં કણભા પોલીસ સ્ટેશનના ASI ભાવેશ રાવલ, કમલેશ બારોટ, રણજીત સોલંકી અને અન્ય વ્યક્તિ ગયા હતાં. પોલીસે ફેક્ટરીના માલિકને કહ્યું હતું કે, માલ સામાન પર નવી તારીખ છાપીને એક્સપાયર થઈ ગયેલો માલ કેમ વેચો છો. ફેક્ટરી માલિક કેડ કરવાનું કહીને જેલમાં પૂરી દેવાની ધમકી આપી હતી.

કેસ ન કરવા 2 લાખની લાંચ માંગી હતી, પરંતુ રકઝક કરીને 30 હજાર આપવાનું નક્કી થયું હતું.

સાંજના સમયે GRD જવાન લાંચના પૈસા લેવા ગયો હતો પરંતુ ફેક્ટરી માલિક પાસેથી પૈસા ન હોવાથી પરત આવ્યો હતો.

ફેક્ટરી માલિકે આ અંગે ACBને જાણ કરતા ACBએ છટકું ગોઠવ્યું હતું. ASI ભાવેશ રાવલના કહેવાથી ફેક્ટરી માલિક બાકરોલ પોલીસ ચોકીમાં GRD જવાના કમલેશ બારોટને પૈસા આપવા ગયા હતા. કમલેશ બારોટને પૈસા લેતા રંગે હાથે ACBએ ઝડપી પાડ્યો હતો, જ્યારે ભાવેશ રાવલની પણ ACBએ ધરપકડ કરી છે.

---

**નજર ચૂકવીને કરી ચીલઝડપ**

# ભુયંગદેવમાં રાહદારીના હાથમાંથી મોબાઈલ ઝૂંટવી ચોરો ફરાર, સમગ્ર ઘટના CCTVમાં કેદ

## ભોગ બનનાર કંઈ સમજે તે પહેલાં જ બંને આરોપીઓ બાઈક ભગાડીને ત્યાંથી રફુચક્કર થયા

અમદાવાદ

અમદાવાદ શહેરમાં માર્ગો પર ચાલતા રાહદારીઓ સુરક્ષિત ન હોય તેમ મોબાઈલ સ્નેચિંગની ઘટનાઓ સતત વધી રહી છે. શહેરના વ્યસ્ત ગણાતા ભૂયંગદેવ વિસ્તારમાં બાઈક પર આવેલા બે અજાણ્યા શખસો એક રાહદારીનો મોબાઈલ ફોન આંચકીને પલકવારમાં ફરાર થઈ ગયા હતા. આ સમગ્ર ચોરીની ઘટના નજીકમાં લાગેલા સીસીટીવી કેમેરામાં કેદ થઈ ગઈ છે.

મળતી માહિતી અનુસાર, ભોગ બનનાર યુવક ભૂયંગદેવ વિસ્તારમાંથી પગપાળા પસાર થઈ રહ્યો હતો. આ દરમિયાન પાછળથી બાઈક પર બે અજાણ્યા બદમાશો ત્યાં ધસી આવ્યા હતા. બાઈકચાલકે વાહન રાહદારીની નજીક ધીમું કર્યું હતું અને પાછળ બેઠેલા શખસો ઝાપટ મારીને રાહદારીના હાથમાંથી મોબાઈલ ફોન



છીનવી લીધો હતો. ભોગ બનનાર કંઈ સમજે તે પહેલાં જ બંને આરોપીઓ બાઈક ભગાડીને ત્યાંથી રફુચક્કર થઈ ગયા હતા.

આ ગુનાહિત કૃત્યની તમામ કડીઓ નજીકમાં લગાવેલા સીસીટીવી કેમેરામાં કેદ થઈ ગઈ છે. વીડિયોમાં આરોપીઓ કઈ દિશામાંથી આવ્યા અને ગુનો આચરીને કઈ તરફ ભાગ્યા તેની સ્પષ્ટ વિગતો જોવા મળી રહી છે. ઘટના અંગે પોલીસને જાણ કરવામાં આવતા જ પોલીસ કાફલો સતર્ક બન્યો છે. પોલીસના જણાવ્યાનુસાર, સીસીટીવી ફૂટેજના આધારે આરોપીઓના બાઈકનો નંબર અને તેમના ચહેરા ઓળખવાના પ્રયાસો શરૂ કરી દેવામાં આવ્યા છે.

ઘાટલોડિયામાં રહેતો ઋષભ ચાંપાનેરી નામનો યુવક મોર્નિંગ વોક માટે નીકળ્યો હતો. આ સમયે ઋષભ ચાલતા ચાલતા ભૂયંગદેવ પાસે પહોંચ્યો ત્યારે પાછળથી રોંગ સાઈડમાં બાઈક પર બે શખસ આવ્યા હતા. જેમણે મોકો મળતા જ ઋષભના હાથમાંથી મોબાઈલ પડાવીને કરીને નાસી ગયા હતા.

---

# અમદાવાદ-ગાંધીનગરના મુસાફરો માટે મેટ્રો રેલએ લીધો મોટો નિર્ણય

અમદાવાદ

અમદાવાદ અને ગાંધીનગરમાં મેટ્રો ટ્રેનમાં મુસાફરી કરતા લાખો લોકો માટે જ મહત્વના સમાચાર આવ્યા છે. ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશન લિમિટેડ દ્વારા મેટ્રો સેવાઓના સમયમાં મોટો વધારો કરવાની સત્તાવાર જાહેરાત કરવામાં આવી છે. આગામી સોમવાર, 18 મે 2026થી મેટ્રો સેવાઓનો સમય લંબાવીને રાત્રિના 11:00 વાગ્યા સુધીનો કરવામાં આવ્યો છે.

વસ્ત્રાલગામથી થલતેજ ગામ: અત્યાર સુધી છેલ્લી ટ્રેન રાત્રે 10:00 વાગ્યે ઊપડતી હતી, જે હવે રાત્રે 11:00 વાગ્યે ઉપડશે. આ રૂટ પર રાત્રે 10:20, 10:40 અને 11:00 કલાકે એમ વધારાની 3 મેટ્રો ટ્રેન મળશે.

થલતેજ ગામથી વસ્ત્રાલગામ: છેલ્લી ટ્રેનનો સમય રાત્રે 10:00 થી લંબાવીને હવે રાત્રે 11:00 વાગ્યાનો કરાયો છે. અહીં પણ રાત્રે 10:20, 10:40 અને 11:00 વાગ્યે વધારાની 3 ટ્રેન દોડશે.

એપીએમસીથી કોટેશ્વર: છેલ્લી ટ્રેન જે રાત્રે 10:10 વાગ્યે ઉપડતી હતી તે હવે રાત્રે 11:10 વાગ્યે ઉપડશે. મુસાફરો માટે રાત્રે 10:30, 10:50 અને 11:10 કલાકે વધારાની 3 ટ્રેન ઉમેરાઈ છે.

કોટેશ્વરથી એપીએમસી: છેલ્લી ટ્રેન રાત્રે 10:05ના બદલે હવે રાત્રે 11:00 વાગ્યે ઉપડશે. આ રૂટ પર પણ રાત્રે 10:20, 10:40 અને 11:00 વાગ્યે વધારાની 3 ટ્રેન મુસાફરોને મળશે.

---

# રાણીપમાં પાણીપુરીમાંથી પહેલાં વાળ અને પછી હાડકું નીકળ્યું..

## પાણીપુરીમાંથી હાડકું નીકળતા યુવતીએ વીડિયો ઉતારીને સો. મીડિયામાં વાઇરલ કર્યો હતો, વાઇરલ વીડિયોની ખરાઇ કરવાની પ્રક્રિયા મ્યુનિસિપલ કોર્પોરેશનનું ફૂડ વિભાગ કરી રહ્યું છે

અમદાવાદ

અમદાવાદના રાણીપ વિસ્તારમાં આવેલા ડીમાર્ટ પાસે ઊભા રહેતા પાણીપુરીવાળાના ત્યાં પાણીપુરી ખાવા માટે ગયેલી યુવતીની પાણીપુરીમાંથી હાડકું નીકળ્યું હોવા અંગેનો વિડીયો સોશિયલ મીડિયામાં વાઈરલ થયો છે. યુવતી તેની માતા સાથે પાણીપુરી ખાવા માટે ગઈ હતી. સૌપ્રથમ પાણીપુરીમાંથી વાળ નીકળ્યો હતો, પરંતુ તેણે ધ્યાને લીધું નહોતું. ત્યારબાદ છેલ્લી પાણીપુરીમાંથી હાડકું નીકળતા યુવતીએ વીડિયો ઉતારીને સોશિયલ મીડિયામાં વાઈરલ કર્યો હતો. વાઈરલ વીડિયોની ખરાઈ કરવાની પ્રક્રિયા મ્યુનિસિપલ કોર્પોરેશનનું ફૂડ વિભાગ કરી રહ્યું છે. રાણીપ વિસ્તારમાં ડી માર્ટ પાસે એક પાણીપુરીમાંથી હાડકું નીકળ્યું હોવા અંગેનો વીડિયો વાઈરલ થયો છે. વાઈરલ વીડિયોમાં યુવતી જણાવે છે કે રાણીપ ડી માર્ટ પાસે ક્રિષ્ના ભેળ પાણીપુરીવાળો ઉભો રહે છે.




ગઈકાલે 15 મે શુક્રવારના રોજ એક યુવતી તેની માતા સાથે પાણીપુરી ખાવા માટે ત્યાં સાંજના સમયે 6:30 વાગ્યે પહોંચી હતી. યુવતી અને તેની માતાએ પાણીપુરી ખાધી હતી. જેમાં પાણીપુરી ખાતા સમયે એક વખત પાણીપુરીમાંથી વાળ આવ્યો હતો પરંતુ તેમને કંઈ કહ્યું નહોતું, જે અમારી ભૂલ હતી.

ત્યારબાદ છેલ્લી પાણીપુરી ખાધી જેમાં મેં પાણીપુરી ખાધી તેમાંથી હાડકું નીકળ્યું હતું. મેં તેમને કહ્યું તો મને એવું કહેવામાં આવ્યું કે આ લાકડું છે.

પાણીપુરી ખાવા માટે આવેલા બીજા ચાર લોકોને જ્યારે બતાવવામાં આવ્યું તો તેમણે પણ કહ્યું કે આ હાડકું છે. ફરીથી તેમને અમે કહ્યું તો પાછું અમને કહ્યું કે આ લાકડું છે અને કાપીને બતાવીએ એમ કહ્યું અને કાપ્યું તો કપાયું નહીં અને ત્યારબાદ કહે છે કે હાડકું છે અને અમને માફ કરી દો. અમારી ભૂલ થઈ ગઈ હાડકું ઉડીને આવ્યું હશે તેમ કહી દીધું હતું. આ સમગ્ર વીડિયો વાઈરલ થયા બાદ હાલમાં તપાસ શરૂ કરવામાં આવી છે.

આપના વિસ્તારની સમસ્યાઓ, ગેરકાયદે પ્રવૃતિઓ, ભ્રષ્ટાચાર અંગેની માહિતી, આપના વિસ્તારના સમાચાર, ફોટા, સામાજિક, ધાર્મિક પ્રવૃતિઓના અહેવાલ માટે સંપર્ક કરો : 9662420070

Published and Owned by MAKAN PAVANBHAI SHRAVANBHAI and Printed by ILEVAN HASMUKHRAI THAKAR Printed at Jay Graphics & Printers, C/15, Vikram Chambers, Ashram Road, Ahmedabad – 380 009 and published from F/1, FIRST FLOOR, RAJAS APPARTMENT, NEAR OLD RAILWAY CORSSING, MANINAGAR EAST MANINAGAR, AHMEDABAD-380 008. Editor - MAKAN PAVNBHAI SHRAVANBHAI